કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પ્લેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

સાપ્તાહિક
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૩૧ મે, ૨૦૨૬ રવિવાર
કિંમત રૂ.૨/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું
કચ્છનું એક માત્ર
અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
:: સ્થળ ::
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

♦અંક નંબર : ૨ ♦વર્ષ : 33 ♦પાના -૧૦ ♦ મુદ્રક, પ્રકાશક, માલિક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦GUJGUJ/2008/25151 ♦ સંવત ૨૦૮૨ ♦ જેઠ સુદ - ૧૫ ♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ગુજરાતના અનેક જિલ્લાઓમાં મેઘમહેર

**ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદી માહોલ સાબરકાંઠા, દાહોદ અને પંચમહાલમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી**






ગાંધીનગરઃ ગુજરાતના અનેક જિલ્લાઓમાં મોડી રાત્રે વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. સાબરકાંઠા, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ગાજવીજ, ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસતા લોકોને અસહ્ય ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી હતી.સાબરકાંઠામાં મેઘમહેર હિંમતનગરથી ખેડબ્રહ્મા સુધી વરસાદી માહોલ મોડી રાત્રે અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને ખેડબ્રહ્મા પંથકમાં ભારે પવન સાથે વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાતી ગરમી બાદ વરસાદ પડતાં લોકોને રાહતનો અનુભવ થયો હતો.દાહોદજિલ્લામાં પણ મુશળધાર

અનુસંધાન પાના નં.૪ પર

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૪૫ તાલુકાઓમાં મેઘ મહેર

ગાંધીનગરઃ રાજ્યના હવામાનમાં પલટો આવતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં એક ઈંચ જેટલો વરસાદ પડ્યો છે જ્યારે કેટલાક તાલુકાઓમાં સામાન્ય વરસાદ પડતા લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી. ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં અને ભિલોડામાં એક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો જ્યારે મધ્ય ગુજરાતના મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં અને પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં એક ઈંચ કરતાં વધુ વરસાદ પડ્યો હતો. ગત મોડી રાત્રે ૧૨ વાગ્યા બાદ મધ્ય ગુજરાતના મહીસાગર તેમજ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અરવલ્લી તેમજ સૌરાષ્ટ્રના અમરેલી ગીર સોમનાથ સહિતના જિલ્લાઓમાં ભારે પવન અને તીવ્ર વાવાઝોડા તેમજ ગાજવીજ ના કડાકાઓ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.હવામાન વિભાગ દ્વારા દેશના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ જેવી હવામાન પ્રણાલીઓ સક્રિય બનતા વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. ગુજરાતમાં ગત મોડી રાત્રે હવામાન માં પલ્ટો આવ્યો હતો અને કેટલાક વિસ્તારોમાં વાદળો ઘેરાયા હતા અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૪૫ તાલુકાઓમાં સામાન્ય વરસાદથી લઈને એક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. મધ્ય ગુજરાતના મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેરમાં તેમજ સંતરામપુર ખાનપુર કડાણા સહિતના કેટલાક તાલુકાઓમાં ગત મોડી રાત્રે ગાજવીજ ના કડાકાઓ સાથે તોફાની વરસાદ વરસ્યો હતો.

## સવાયા કચ્છી નરેન્દ્રભાઈનો કચ્છ પ્રેમ ફરી ઝળક્યો : ‘મન કી બાત’માં સફેદ રણના ખગોળીય કાર્યક્રમોનો કર્યો વિશેષ ઉલ્લેખ



ભૂજ : દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર Modiએ આજે ‘મન કી બાત’ના ૧૩૪મા સંસ્કરણમાં દેશવાસીઓ સાથે સંવાદ સાધ્યો હતો.કાર્યક્રમની શરૂઆત તેમણે દેશના રમતગમત ક્ષેત્રે ગૌરવ વધારનારા ખેલાડીઓને અભિનંદન પાઠવી કરી હતી. વિવિધ સ્પર્ધાઓમાં નવા રેકોર્ડ સર્જી ભારતનું નામ વિશ્વસ્તરે રોશન કરનારા ખેલાડીઓના પ્રયાસોને બિરદાવી તેમણે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.વડાપ્રધાને દેશમાં પડી રહેલી આકરા ઉનાળાની ગરમી અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી અને કેન્દ્ર તથા રાજ્ય સરકારો દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શિકાનું પાલન કરવા દેશવાસીઓને અપીલ કરી હતી. ગરમીથી બચવા માટે કુદરતી અને પરંપરાગત ઠંડા પીણાંના ઉપયોગને પ્રોત્સાહન આપતાં તેમણે “એક ભારત, શ્રેષ્ઠ ભારત”ની ભાવના સાથે દેશના વિવિધ પ્રદેશોની ખાણી-પીણી અને પરંપરાઓને અપનાવવાનો સંદેશ આપ્યો હતો. ઉનાળાની વાત વચ્ચે તેમણે ઉત્તર પ્રદેશ, બિહાર, કાશ્મીર અને ગુજરાત સહિત દેશભરની વિવિધ જાતની કેરીઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.‘મન કી બાત’ દરમિયાન ખગોળશાસ્ત્ર અને અવકાશ ક્ષેત્રની પ્રવૃત્તિઓની ચર્ચા કરતાં વડાપ્રધાન મોદીએ ગુજરાત અને ખાસ કરીને કચ્છના સફેદ રણને યાદ કર્યું હતું. તેમણે કચ્છના રણમાં યોજાયેલા ખગોળીય અવલોકન શિબિરો, વર્કશોપ અને આકાશદર્શન જેવા કાર્યક્રમોની વિશેષ નોંધ લઈને આ વિસ્તારની અનોખી ભૌગોલિક અને પ્રાકૃતિક વિશેષતાઓને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરી હતી. કચ્છના સફેદ રણની નિર્મળ અને વિશાળ ભૂમિ ખગોળવિદો અને તારાઓના રસિયાઓ માટે આદર્શ સ્થળ બની રહી હોવાનું પણ તેમણે સંકેત આપ્યો હતો.આ ઉપરાંત વડાપ્રધાને પોતાના તાજેતરના

### મોદીના ઉદબોધનના મુખ્ય અંશ

●નેશનલ એથ્લેટિક્સ કોમ્પિટિશનમાં તૂટ્યા ૪ રાષ્ટ્રીય રેકોર્ડ ●૧૦૦ મીટર રેસના હીરો ગુરિન્દરવીર અને અનિમેષ સાથે વાતચીત ● જો તમારે તડકામાં બહાર નીકળવું જ પડે, તો સાવધાની સાથે કરો ● PM Modi રાજ્યોના પરંપરાગત પીણાં પર પ્રકાશ પાડે છે ● PM Modiએ દક્ષિણ ભારતના કેરીના વખાણ કર્યા ● પ્રધાનમંત્રી ચોલ રાજ્યના તામ્રપત્રોની ચર્ચા કરે છે ●નેધરલેન્ડ્સથી મેળવેલી પ્લેટોના મહત્વ પર પ્રકાશ પાડવો ● બસ્તીના નદી સફાઈ કામદાર આકાશની પ્રશંસા

અનુસંધાન પાના નં.૪ પર

## અહલ્યાબાઈએ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો મજબૂત પાયો નાખ્યો હતો : સીએમ

**અહિલ્યાબાઈ હોલકરજીની જયંતીએ સીએમ દ્વારા ભાવસભર વંદન સાથે અંજલિ આપી**



ગાંધીનગર : ભારતીય સંસ્કૃતિના રક્ષક, આદર્શ શાસક પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકરજીની જયંતીએ સીએમ દ્વારાભાવસભર વંદન સાથે અંજલિ આપી હતી. રાણી અહલ્યાબાઈ ભારતીય ઈતિહાસના સૌથી પરોપકારી અને ન્યાયપ્રિય શાસકોમાંના એક હતા. તેમણે દેશભરમાં સનાતન ધર્મના પ્રતીક સમાન પવિત્ર મંદિરો, ઘાટો, કૂવાઓ અને ધર્મશાળાઓનો જીર્ણોદ્ધાર કરાવીને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો મજબૂત પાયો નાખ્યો હતો. કાશી વિશ્વનાથ અને સોમનાથ જેવા પવિત્ર તીર્થક્ષેત્રોના પુનઃનિર્માણમાં તેમનું યોગદાન યુગો સુધી સ્મરણીય રહેશે.

## રાજ્યના વહીવટી તંત્રમાં વધુ એક વખત તોળાઈ રહેલા ફેરફારો

**રાજ્યના ૬ સનદી અધિકારીઓ થશે વય નિવૃત્ત : આગામી ટૂંક સમયમાં ખાલી પડેલી જગ્યાઓનો અન્ય અધિકારીઓને ચાર્જ સોંપતા હુકમો કરવામાં આવે તેવી શક્યતા**

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગરઃ રાજ્યના વહીવટી તંત્રમાં કેટલીક મહત્વની જગ્યાઓ ખાલી પડી છે તો આ મહિનામાં ૬ જેટલા સનદી અધિકારીઓ વય નિવૃત્ત થઈ રહ્યા હોય રાજ્યના વહીવટી તંત્રમાં ખાલી પડેલી જગ્યાઓ બઢતી અને બદલીથી ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા આગામી ટૂંક સમય માં જ બદલી ઓ નો દોર હાથ ધરીને ધરખમ ફેરફાર કરવામાં આવશે. જોકે હાલ ખાલી પડેલી જગ્યા ઉપર આગામી એક-બે દિવસમાં જ અન્ય અધિકારીઓને ખાલી પડેલી જગ્યાઓના ચાર્જ સોંપણી ના હુકમો કરવામાં આવે તેવી શક્યતા છે. સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ૪ થી ૫ સનદી અધિકારીઓને કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવતા આ જગ્યાઓ ખાલી પડી છે. આ ઉપરાંત રાજ્યના ૬ જેટલા સનદી અધિકારીઓ વય નિવૃત્ત થઈ રહ્યા હોય રાજ્ય સરકાર ના જુદા જુદા વિભાગોમાં ખાલી પડેલી આ જગ્યાઓ ભરવા માટે આગામી ટૂંક સમયમાં રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ સનદી અધિકારીઓની બદલીઓ કરીને આ જગ્યાઓ ભરવામાં આવે તેવી શક્યતા છે. રાજ્યના જુદા જુદા વિભાગોમાં સનદી અધિકારીઓની જગ્યા લાંબા સમયથી ખાલી પડેલી છે જેના કારણે રાજ્યના વહીવટી તંત્રમાં કામગીરી પર વિપરીત અસર પડી રહી છે અને અધિકારીઓ પર ડબલ ચાર્જ હોવાના કારણે કામનું ભારણ પણ વધે છે. આથી ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા આગામી ટૂંક સમયમાં

અનુસંધાન પાના નં.૪ પર

## કચ્છભરમાં ‘મન કી બાત’નું સામૂહિક શ્રવણ : અંજારમાં મંત્રી ત્રિકમભાઈ છાંગા અને ભરતભાઈ પંડ્યાની ઉપસ્થિતિ




અંજાર : દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ‘મન કી બાત’ના ૧૩૪મા સંસ્કરણ દ્વારા દેશવાસીઓ સાથે સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે કચ્છભરમાં વિવિધ સ્થળોએ ભાજપના આગેવાનો

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યસભા ચૂંટણીઃ જો ક્રોસ વોટિંગ થયું તો ખેલ બગડશે : કઈ બેઠક પર પેચ ફસાયો અને કોની પાસે કેટલા વોટ

નવી દિલ્હી : રાજ્યસભાની ૨૪ બેઠકો માટે થનારી ચૂંટણી પહેલાં રાજકીય હલચલ તેજ બની ગઈ છે. સંખ્યાબળ હોવા છતાં વિરોધ પક્ષાપોતાના ઉમેદવારોની જીત અંગે સંપૂર્ણ વિશ્વાસમાં નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક વખત થયેલી ક્રોસ વોટિંગને કારણે વિરોધી ગઠબંધનને મોટો ફટકો પડ્યો હતો. આ વખતે પણ મધ્ય પ્રદેશ, ઝારખંડ અને કર્ણાટક જેવા રાજ્યોમાં કોંગ્રેસ અને તેના સાથીદારો માટે સ્થિતિ ચિંતાજનક બની શકે છે.ઝારખંડની ૮૧ સભ્યોની વિધાનસભામાં રાજ્યસભાની બે બેઠકો માટે ચૂંટણી યોજાશે. એક બેઠક જીતવા માટે ૨૮ મત જરૂરી છે. હાલ ઝારખંડ મુક્તિ મોરચા અને કોંગ્રેસના INDIA ગઠબંધન પાસે કુલ ૫૬ ધારાસભ્યો છે, એટલે કે બંને બેઠકો જીતવા માટે પૂરતું સંખ્યાબળ છે.પરંતુ ભાજપ પણ ચૂંટણી મેદાનમાં ઉતરવાની તૈયારીમાં છે. એનડીએ પાસે ૨૪ ધારાસભ્યો છે. આવી સ્થિતિમાં જો ચાર જેટલા ધારાસભ્યો ક્રોસ વોટિંગ કરે



તો આખું રાજકીય ગણિત બદલાઈ શકે છે. એકાદ મતની હેરફેર થાય તો બીજી પ્રાથમિકતાના આધારે પરિણામ નક્કી થઈ શકે છે.કર્ણાટકમાં કોંગ્રેસ સરકારની અંદર ચાલતી ખેંચતાણ વચ્ચે રાજ્યસભાની ચાર બેઠકો માટેનું ચૂંટણી સમીકરણ રસપ્રદ બન્યું છે. કોંગ્રેસ અને તેના સાથીદારો પાસે કુલ ૧૩૫ ધારાસભ્યો છે, જ્યારે ભાજપ-જેડીએસ પાસે ૮૫ ધારાસભ્યો છે.એક બેઠક જીતવા માટે ૪૫ મત જરૂરી છે. હાલના આંકડા મુજબ કોંગ્રેસ ત્રણ બેઠકો અને ભાજપ એક બેઠક જીતે તેવી સંભાવના છે. પરંતુ જો ભાજપ બીજી બેઠક માટે પણ ઉમેદવાર ઉતારે તો મોટા પાયે ક્રોસ વોટિંગ કરાવવાની જરૂર પડશે. નહીં તો મામલો બીજી પ્રાથમિકતા મત સુધી પહોંચી શકે છે.મધ્ય પ્રદેશમાં ત્રણ બેઠકો માટે ચૂંટણી યોજાશે. અહીં એક બેઠક જીતવા માટે ૫૮ મત જરૂરી છે. ભાજપ પાસે બે બેઠકો જીત્યા પછી પણ ૪૮ વધારાના મત રહેશે. એટલે ત્રીજી બેઠક જીતવા માટે તેને હજુ ૧૦ વધારાના મતની જરૂર પડશે.કોંગ્રેસ પાસે કુલ ૬૨ મત છે, એટલે એક બેઠક જીતવી સરળ માનવામાં આવે છે. પરંતુ જો ભાજપ વધારાનો ઉમેદવાર ઉતારે તો ક્રોસ વોટિંગનો ખતરો વધી શકે છે.આ વખતે કોંગ્રેસના દિગ્વિજય સિંહની બેઠક ખાલી થઈ રહી છે. જો તેઓ ફરી ચૂંટણી લડે તો ભાજપ રાજકીય રીતે મોટો દાવ રમી શકે છે.

## ભારતે હોર્મુઝમાં બાકીના ૧૩ જહાજોને પરત લાવવા ઓપરેશન શરૂ કર્યુ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચેના વિવાદનો અંત ન આવતા ભારતે હોર્મુઝમાં બાકી રહેલા ૧૩ જહાજોને બહાર કાઢવા માટે ઓપરેશન શરૂ કર્યુ છે. આ પગલું ભારતીય ખલાસીઓ, નાગરિકો અને કોમર્સિયલ હિતોની સુરક્ષા માટે ઘણા મંત્રાલયોના તાલમેળથી ચલાવવામાં આવેલા સરકારી પ્રયત્નોનું પરિણામ છે. વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને ઈરાન યાત્રાથી બચવાની સલાહ આપી છે.મંત્રાલયે ઈરાનમાં ઉપલબ્ધ લોકોને ભારતીય રાજદૂતાવાસની મદદ લઈને બહાર નીકળી જવાની સલાહ આપી છે. પોર્ટ, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયમાં ડાયરેક્ટર ઓપેશ કુમાર શર્માએ જણાવ્યું હતું કે હોર્મુઝની ખાડીમાંથી પસાર થઈ રહેલા ભારતીય જહાજોની મદદ માટે પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે અમારી અગ્રતા પોતાના જહાજોને ત્યાંથી સલામત નીકાળવાની છે. ભારતીય ઝંડાવાળા લગભગ ૧૩ જહાજ ત્યાં હાજર છે. તેમા એલપીજી ટેક્કર, પાંચ ક્રૂડ ઓઈલના ટેક્કર, એક કેમિકલ કે પ્રોડક્ટ

અનુસંધાન પાના નં.૪ પર

### તિકડમ !
– દેવેન વ્યાસ



**મને તો રાત્રે ઈડીના સ્વપ્નો આવે છે !**

## હિમાચલના ચંબામાં ભયાનક અકસ્માત : પ્રવાસીઓથી ભરેલી કાર ખીણમાં ખાબકી



નવી દિલ્હી : હિમાચલ પ્રદેશના પહાડી રસ્તાઓ પર વધુ એક દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે. ચંબા જિલ્લાના દુર્ગમ વિસ્તારમાં પ્રવાસીઓથી ભરેલી એક કાર અનિયંત્રિત થઈને ઊંડી ખીણમાં ખાબકી ગઈ હતી.

## અમેરિકા-ઈરાન તણાવ ફરી વધ્યો, જરૂર પડશે તો ફરી સૈન્ય કાર્યવાહી કરવા તૈયારઃ ટ્રમ્પ

નવી દીલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ફરી એકવાર વધતો જોવા મળી રહ્યો છે. અમેરિકાએ શનિવારે ચેતવણી આપી હતી કે જો જરૂરી બનશે તો તે ઈરાન સામે ફરી સૈન્ય કાર્યવાહી શરૂ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે તેહરાન સાથે થનારા કોઈપણ સંભવિત કરારમાં ઈરાનની પરમાણુ હથિયાર બનાવવાની મહત્વાકાંક્ષાઓ પર કાયમી વિરામ લગાવવો આવશ્યક રહેશે.આ દરમિયાન અમેરિકાએ ઈરાનના બંદરો સામે નૌકાદળની નાકાબંધી અમલમાં મૂકી હોવાનું જણાવાયું છે. તેના જવાબમાં ઈરાને હોર્મુઝ જળમાર્ગમાંથી પસાર થતા જહાજોના અવરજવરને અસરકારક રીતે રોકી દીધી છે.

અનુસંધાન પાના નં.૪ પર

## સીડીએસ ચૌહાણની સેનામાંથી વિદાય

નવી દિલ્હી : ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ અનિલ ચૌહાણે તેમના ત્રણ વર્ષ અને આઠ મહિનાના કાર્યકાળના અંતે વિદાય લીધી હતી. આ મહત્વપૂર્ણ પદ પરથી નિવૃત્ત થતા તેમણે પોતાના કાર્યકાળને અત્યંત ‘સંતોષકારક’ ગણાવ્યો હતો. તેમના આ કાર્યકાળ દરમિયાન, તેમનું મુખ્ય ધ્યાન ત્રણેય સૈન્ય પાંખો (આર્મી, નેવી અને એરફોર્સ) વચ્ચે વધુ સારી રીતે તાલમેલ અને સંકલન સાધવા પર રહ્યું હતું.



લેફ્ટનન્ટ જનરલ એન. એસ. રાજા સુબ્રમણ્યમ (નિવૃત્ત) રવિવારે ભારતના નવા સીડીએસ તરીકેનો કાર્યભાર સંભાળશે. વિદાય સમારંભ દરમિયાન ત્રિ-સેવા ગાર્ડ ઓફ ઓનર સ્વીકાર્યા બાદ પત્રકારો સાથે વાત કરતા જનરલ ચૌહાણે જણાવ્યું હતું કે, મારો કાર્યકાળ ખૂબ જ સંતોષકારક અને ઉત્કૃષ્ટ રહ્યો છે. ભૂતપૂર્વ ઈસ્ટર્ન આર્મી કમાન્ડર રહી ચૂકેલા જનરલ ચૌહાણ સપ્ટેમ્બર ૨૦૨૨માં દેશના સર્વોચ્ચ સૈન્ય કમાન્ડર તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો. આ પદ પર તેઓ પહેલા સીડીએસ જનરલ બિપિન રાવતના હેલિકોપ્ટર દુર્ઘટનામાં અવસાનના નવ મહિના બાદ આવ્યા હતા. સીડીએસ તરીકેના તેમના કાર્યકાળમાં તેમણે ‘ઓપરેશન સિંદૂર’ના પ્લાન અને અમલીકરણમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**જેઠ સુદ - ૧૫, તા.૩૧ મે, રવિવાર**

# સાવચેતી અને સજ્જતા જ સુરક્ષાની ગેરંટી

ભારતીય સેનાના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ 'ઓપરેશન સિંદૂર' અંગે આપેલું તાજેતરનું નિવેદન રાષ્ટ્રીય સુરક્ષાના દૃષ્ટિકોણથી અત્યંત મહત્વપૂર્ણ અને આંખ ઉઘાડનારું છે. જ્યારે સામાન્ય રીતે શાંતિના સમયમાં લોકો નિશ્ચિંત થઈ જતા હોય છે, ત્યારે સેના પ્રમુખે સ્પષ્ટતા કરી છે કે આ ઓપરેશનનો અંત આવ્યો નથી, પરંતુ હાલ માત્ર 'સંઘર્ષમાં વિરામ'ની સ્થિતિ છે. આ નિવેદન ભારતીય રણનીતિની વાસ્તવિકતા અને સરહદી પડકારોની ગંભીરતાને પુનઃસ્થાપિત કરે છે.

ઘણીવાર લાંબા ગાળાની શાંતિને કાયમી શાંતિ માની લેવાની ભૂલ થાય છે. જનરલ દ્વિવેદીએ આ જ ભ્રમને તોડ્યો છે. 'સંઘર્ષમાં વિરામ'નો અર્થ એ નથી કે શત્રુના ઈરાદા બદલાઈ ગયા છે અથવા ભવિષ્યમાં સંઘર્ષની શક્યતા નાબૂદ થઈ છે. તેનો અર્થ માત્ર એટલો જ છે કે હાલના તબક્કે યુદ્ધ જેવી સ્થિતિ નથી, પરંતુ સરહદ પરનો તણાવ અને છૂપો ખતરો યથાવત છે. આ નિવેદન દેશવાસીઓને એ યાદ અપાવે છે કે સુરક્ષા એ કોઈ નિષ્ક્રિય પ્રક્રિયા નથી, પરંતુ સતત તકેદારી માગી લેતી સક્રિય જવાબદારી છે.ભવિષ્યની સુરક્ષા વ્યૂહરચનાના સંદર્ભમાં, આ નિવેદન ભારતના સંરક્ષણ આયોજનમાં એક નવી દિશા સૂચવે છે. તે સ્પષ્ટ કરે છે કે ભારત હવે માત્ર પ્રતિક્રિયા આપનાર નહીં, પણ દરેક પરિસ્થિતિ માટે સજ્જ રહેનારું રાષ્ટ્ર છે. 'ઓપરેશન સિંદૂર'નું ચાલુ રહેવું એ ભારતની ક્ષમતા અને ઈચ્છાશક્તિનું પ્રતીક છે કે અમે કોઈ પણ પરિસ્થિતિમાં અચાનક બદલાતા સુરક્ષા સમીકરણોને પહોંચી વળવા તૈયાર છીએ. ટેક્નોલોજીકલ એડવાન્સમેન્ટ, ઈન્ટેલિજન્સ ગેધરિંગ અને સરહદ પરની સતર્કતામાં કોઈ પણ પ્રકારની ઢીલ હવે પોસાય તેમ નથી.સુરક્ષા માત્ર બંદૂક અને સરહદ સુધી સીમિત નથી. આજના ડિજિટલ યુગમાં, હાઈબ્રિડ વોરફેર અને સાયબર સુરક્ષા પણ તેટલી જ મહત્વની છે. સેના પ્રમુખનું નિવેદન એ વાતનો સંકેત છે કે સુરક્ષા સંસ્થાઓ સંપૂર્ણ રીતે જાગૃત છે. જો કે, દેશના નાગરિક તરીકે આપણે પણ આ વ્યૂહાત્મક ગંભીરતાને સમજવી જરૂરી છે. રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર એકજૂટ રહેવું અને અફવાઓથી દૂર રહીને સુરક્ષા દળો પર વિશ્વાસ રાખવો એ અત્યારના સમયની માંગ છે. નિઃસંદેહ, શાંતિ એ દરેક રાષ્ટ્રની પ્રાથમિકતા હોય છે, પરંતુ તે ક્યારેય સુરક્ષાના ભોગે ન હોવી જોઈએ. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીના શબ્દો એક રીમાઈન્ડર છે કે આપણે શાંતિની ઈચ્છા રાખીએ છીએ પણ સંઘર્ષ માટે સજ્જ રહેવું એ આપણી મજબૂરી અને ફરજ બંને છે. ભારતની સુરક્ષા વ્યૂહરચના હવે 'સજ્જતા' અને 'અગમચેતી'ના મજબૂત પાયા પર ટકેલી છે, જે દેશને કોઈપણ અનિશ્ચિત ભવિષ્ય સામે સુરક્ષિત રાખવા માટે સક્ષમ બનાવે છે.

# ભુજ બાર એસોસિએશન દ્વારા નવા કલેક્ટરની શુભેચ્છા મુલાકાત લેવાઈ

**વકીલોની રજૂઆતને સકારાત્મક પ્રતિસાદ અપાયો**

ભુજ : ભુજ બાર એસોસિએશનના હોદ્દેદારો અને વકીલો દ્વારા કચ્છના નવા નિયુક્ત કલેક્ટર અનિલભાઈ રાણાવસીયાની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે બાર એસોસિએશન દ્વારા કલેક્ટરને કચ્છી શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા અને કચ્છ જિલ્લામાં તેમની નિમણૂક બદલ આવકાર આપવામાં આવ્યો હતો.

આ મુલાકાત દરમિયાન બાર એસોસિએશનના પ્રમુખ સચિન મહેન્દ્રભાઈ ગોર અને અન્ય હોદ્દેદારોએ રેવન્યુ કોર્ટમાં



પ્રેક્ટિસ કરતા વકીલોની મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી હતી. વકીલોએ રજૂઆત કરી હતી કે સિવિલ વેકેશન દરમિયાન રેવન્યુ કોર્ટમાં આવતા કેસોની તારીખ વેકેશન બાદ રાખવામાં આવે.

કલેક્ટરે વકીલો અને અરજદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે હકારાત્મક અભિગમ અપનાવી, તાત્કાલિક અસરથી કેસ બોર્ડ સિવિલ વેકેશન બાદ રાખવા માટે નાયબ મામલતદાર જીતેન્દ્રસિંહભાઈ ઝાલાને સૂચના આપી હતી.

આ સાથે કલેક્ટરે લોકોના પ્રશ્નોનો ત્વરિત અને યોગ્ય નિકાલ લાવવાની ખાતરી પણ આપી હતી, જેના બદલ ભુજ બાર એસોસિએશને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં ભુજ બાર એસોસિએશનના પ્રમુખ સચિન એમ. ગોર, ઉપપ્રમુખ કાનજી એમ. ધુવા, મંત્રી મલ્હાર ડી. બુચ, ખજાનચી નસીમબેન વાય. ખત્રી, સહમંત્રી મેહુલ કે. ગોસ્વામી, મહિલા ઉપપ્રમુખ કાન્તાબેન એચ. વેકરીયા, દક્ષાબેન બી. સોની, ભક્તિબેન પી. ગોર, ધનશ્યામસિંહ જે. સોઢા સહિત કારોબારી સમિતિના અન્ય સભ્યો પરેશ હિંગણા, વિનેશ ચાડ, ધનજીભાઈ મેરિયા, હર્ષદકુમાર જરાદી, શિવપાલસિંહ વાઘેલા, પરાગ જોષી, આનંદ જોષી, લક્ષ્મણ મહેશ્વરી, દિવ્યાબેન બારમેડા, કોમલબેન ઠક્કર, મીનાબેન સોરઠિયા, આરતીબેન ઝાલા, કેશવજીભાઈ લોંચા, નીરવ ઠક્કર, રાજેશ ગઢવી, મેઘજી મહેશ્વરી, હનીફ ચાકી, પ્રસાંત મકવાણા અને અંજાર બારના સિનિયર ધારાશાસ્ત્રી નિખિલભાઈ છાયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ત્રંબૌથી સુજાપર જતા રોડ પર યુવાન પર ચાર શખ્સોનો હુમલો

નલિયા - કચ્છઉદય : અબડાસા તાલુકાના ત્રંબૌથી સુજાપર ગામ તરફ જતા રોડ પર મીઠી ડેમ નજીકના વળાંક પાસે યુવાન પર હુમલો કરવામાં આવ્યો હતો. ફરીયાદી ત્રંબૌમાં રહેતા જયવંતસિંહ ઉર્ફે જયુભા રવુભા જાડેજાના જણાવ્યા પ્રમાણે આરોપી સત્યરાજસિંહ વિક્રમસિંહ જાડેજાએ લાકડી વડે ફરિયાદીની ગાડીના કાચ તોડયા હતા. વિક્રમસિંહ વાઘુભા જાડેજાએ પકડી રાખી સત્યરાજસિંહ અને ઈન્દ્રજીતસિંહ વિક્રમસિંહ જાડેજા અને વાઘુભા ચાંદુભા જાડેજાએ લાકડી વડે માર માર્યો હતો. સત્યરાજસિંહે છરી વડે ઈજાઓ પહોંચાડી હતી. નલિયા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# રાયધણપરમાં હુમલો કરનારા આરોપીઓના ગેરકાયદે વીજ કનેક્શન કપાયા

**પોલીસ પર પથ્થરમારો કરવા સંદર્ભે પણ નોંધાઈ ફરિયાદ : ગામમાં હજુ પણ બંદોબસ્ત યથાવત**



ભુજ - કચ્છઉદય : તાલુકાના રાયધણપર ગામે યુવાનો બેઠા હતા ત્યારે સામે જોવા અને સ્પીડમાં બાઈક હંકારવા મુદ્દે હુમલો કરવામાં આવ્યો હતો. નાના વરનોરા ગામના આરોપીઓએ ભેગા મળી ગામની લાઈટ બંધ કરી પથ્થરમારો કરી આયોજનબદ્ધ હુમલો કર્યો હતો. જે ઘટનામાં હત્યાના પ્રયાસ સહિતની કલમો તળે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ સિવાય પોલીસ પર હુમલો કરવામાં આવતા બીજી ફરિયાદ નોંધાઈ હતી. તંત્ર દ્વારા ગેરકાયદે વીજ કનેક્શન કાપવામાં આવ્યા હતા.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ નાના વરનોરા ગામના ૨૩ નામજોગ અને અન્ય પાંચ થી સાત ઈસમો સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો તળે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓએ માથાકુટ કરી બોલેરો ગાડી ચડાવી દેવાનો પ્રયાસ કરી ગામમાંથી બીજા માણસો બોલાવી ધોકા, લાકડી, પાઈપો, પથ્થર વડે હુમલો કર્યો હતો. પથ્થર મારામાં ફરિયાદી દર્શન અને સાહેદ રાજેશ અંબાલાલ ચાવડાને ઈજાઓ થઈ હતી. આ સિવાય કોન્સ્ટેબલ કલ્પેશભાઈ કોડીયાતરે બીજી ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી સોએબ સીધીક નામોરી, સલીમ મામદ મોખા, રજાક સીધીક મેર અને અબ્બાસ મામદ મોખાએ ફરિયાદી અને સાથી કોન્સ્ટેબલ માધવરાજસિંહ ઝાલાને પથ્થર ફેંકી માર મારી સરકારી વાહનમાં નુકશાન કર્યું હતું. આ બન્ને ઘટનાઓ અંગે માધાપર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા પીજીવીસીએલને સાથે રાખીને નાના વરનોરા ગામમાં ૧૪ ગેરકાયદે વીજ કનેક્શન કપાવાયા હતા. જયારે ગામતળના ૮ અને સીમતળના ૨ દબાણકારોને નોટીસ આપવામાં આવી છે, ત્યાં પણ બુલડોઝર ફરે તો નવાઈ નહીં. હાલ પોલીસે ૨૧ આરોપીઓની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું છે.


# ખારોઈમાં શોર્ટ સર્કિટથી લાગેલી આગ ૧ કિલોમીટર પ્રસરી



**ફાયરની ટીમે ૨ કલાક સુધી પાણીનો મારો ચલાવી રહેણાક મકાન બચાવ્યો**

ગાંધીધામ - કચ્છઉદય : ખારોઈ ગામે આજે બપોરે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી, જે એક કિલોમીટર જેટલી આગને બુઝવવા ફાયરની ટીમે સતત બે કલાક સુધી પાણીનો મારો ચલાવ્યા બાદ રહેણાક મકાન બાજુ જાત બચાવી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ ૩૦મી મેના બપોરે બપોરે ૧૨:૩૫ કલાકે ભચાઉ નગર પાલિકા ફાયર ટીમને ૧૧૨થી કોલ આવ્યો હતો કે, તાલુકાના ખારોઈ ગામે વીજ તાર શોર્ટ સર્કિટ થતા નીચે રાખેલ ડ્રિપિંગ પાઈપ અને સૂકા ઝાડી ઝાંખરામાં મોટા પ્રમાણમાં આગ લાગી ગઈ છે. જે ઘટનાની જાણ થતાં ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી પોહચી ગઈ હતી. આગ જોત જોતામાં જ ૧ કિલો મીટરથી વધુ આગ લાગેલ છે. બાજુમાં મુસલમાનના કબ્રિસ્થાન આવેલ છે તેમાં પણ લાગી ગઈ છે અને સાઇડમાં રહેણાક છે ત્યાં પણ આગ પહોંચી ગઈ હતી. ફાયરની ટીમે સતત ૨ કલાક સુધી પાણી મારો ચલાવીને જે રહેણાક મકાનોને બચાવેલ હતા. આ કામગીરીમાં પ્રવીણ દાફડા, કુલદીપભાઈ, શક્તિસિંહ જોડાયા હતા. તાલુકામાં છેલ્લા ૫ દિવસમાં ૪ જગ્યાએ આગ લાગી છે. આના પેલા ભરૂડીયા, ભચાઉ, કાંથકોટમાં આગ લાગી હતી તેમ ફાયર વિભાગે જણાવ્યું હતું.



તુરીયા મસ્જિદ ખાતે ઈદ ઉલ અઝહાની નમાજ મૌલાના ઈબ્રાહીમ સમા દ્વારા પડાવવામાં આવી હતી. રાયમા યુથ સર્કલટ્રસ્ટ અંજારના પ્રમુખ સલીમ રાયમાએ સર્વે દેશવાસીઓને ઈદની મુબારકબાદી પાઠવી હતી. જમીઅત ઉલમા-એ-હિન્દના જનરલ સેક્રેટરી નુરમોહમદ રાયમા, મુતવલી હાજી તુરીયા, મનસુર તુરીયા, મામદ ઝરીયા, ઈમ્તિયાઝ બાયડ એડવોકેટ, ડો.એમ.જે. નોડે, ઈસ્માઈલ રાયમા, બાબુકાકા, સુલેમાનભાઈ બાયડ, ઓસમાણ રાયમા, મ.હુશેન રાયમા, સોકત નોડે, હમજા રાયમા, ઈમ્તિયાઝ રાયમા, અમજદ રાયમા, રફિક રાયમા, રમજુભાઈ નોડે, હાજી કાસમ બાયડ તથા સર્વે મુસ્લિમ બિરાદરોએ ઈદ નમાજ અદા કરી હતી.

# મહાન વિરક્ત સન્નારી બાંકા

**અધિકમાસનું કથામૃત**
**કનકચંદ્ર સી વ્યાસ**
**દેવેન કે.વ્યાસ**

મહાન ભગવત ભક્ત નામદેવજી પર ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીની ખૂબ જ કૃપા હતી તેથી નામદેવજી ભગવાન સાથે સાક્ષાત વાતો કરતા હતા. નામદેવજી અવારનવાર કોઇ ભક્તજનને કંઇ સમસ્યા કે મુશ્કેલી હોય તો તેની પ્રભુ પાસે રજૂઆત કરી તેનું દુઃખ દૂર કરવા માટે વિનંતી કરતા. એકવાર આવા જ એક ભગવાનના પરમ ભક્ત એવા રાંકા માટે રજૂઆત કરતા નામદેવજીએ કહ્યું, હે નાથ, આપ તો ધારો તે કરી શકવાને સમર્થ છો, વળી તમે લક્ષ્મીના નાથ છો અને તમારા પરમ ભક્ત એવા રાંકાને તો બરાબર ઓળખો છો. તમારામાં તેને અપાર શ્રધ્ધા છે. તે સતત તમારું સ્મરણ કરતો રહે છે. આવા પરમ ભક્ત રાંકાને નિર્ધન શા માટે રાખ્યો છે ? તમે તેના પર કૃપા કરી અને તેનું નિર્ધનપણું દૂર કરી દો એવી જ મારી તમારી પાસે પ્રાર્થના છે.'' ત્યારે પઢરપુરમાં બિરાજી રહેલા વિઠ્ઠલનાથ ભગવાન બોલ્યા, ''નામદેવ, તું જાણતો નથી રાંકા તો પરમ વૈરાગી છે તે જે હાલતમાં છે તે જ હાલતમાં જીવવા માંગે છે. તેનું હું કંઈપણ આપીશ તો તે સ્વીકારશે જ નહીં. હવે, જે કાંઇ લેવા જ ન માંગતો હોય તેને હું શું આપી શકું ?'' પરતું નામદેવજીએ તો ભગવાન પાસે હઠ પકડી કે, ''ગમે તે થાય પરંતુ તમે રાંકાને ધનવાન બનાવી દો.'' એટલે ભગવાને આખરે નામદેવજીની વાત રાખી અને કહ્યું, ''ભલે તું કહે છે તો હું તને અવશ્ય ઘા આપીશ માટે તું એમ કરજે કાલે એ જયારે જંગલમાં લાકડા કાપવા જાય ત્યારે તું તેની પાછળ પાછળ જજે ને શું થાય છે તે છૂપાઈ અને જોજે.''

નામદેવજી ખૂબ જ ખુશ થયા. બીજે દિવસે વહેલી સવારે નામદેવજી તો રાંકાના ઝુંપડા પાસે ઊભા રહી ગયા. થોડી વારે રાંકા અને તેની પત્ની ઝુંપડામાંથી બહાર નિકળ્યા. પાછળ પાછળ નામદેવજી પણ જંગલમાં પહોંચવા ચાલવા લાગ્યા ત્યારે નામદેવજી ઝાડમાં ઝડપથી છૂપાઇ તેની નજીક પહોંચી ગયા. રાંકા કુહાડી લઇ એક સુકું ઝાડ કાપવા જાય છે, ત્યાં તો તે ઝાડના મૂળ પાસે તેને એક થેલો દેખાય છે. એટલે નાનો એવો એ થેલો જોઇ તેને કૌતુક લાગ્યું. તેથી તેણે તે ખોલીને જોયું તો તેમાં સોનામહોર ચમકતી હતી. પછી તુરંત જ કંઇક વિચારી અને રાંકા તે સોનામહોર ઉપર ધૂળ નાખવા લાગ્યા. તેમના પત્ની થોડા પાછળ રહી ગયા હતા. તે થોડાક નજીક આવ્યા અને રાંકાને ધૂળ નાખતા જોઇ એને પણ નવાઈ લાગી તેથી તેમણે રાંકાને પૂછ્યું, ''અરે તમે આ શું કરો છો ? લાકડા કાપવાને બદલે આ ધૂળ નાખવાનું શું કારણ છે ? '' ત્યારે પહેલા તો રાંકાએ તેમની વાતને ટાળવાની કોશીસ કરી પ રંતુ વારંવાર પત્નીના આગ્રહને વશ થઈ અને રાંકાએ સાચું કારણ જણાવતા પોતાના ધર્મપત્નીને કહ્યું, ''જુઓ, અહીં એક થેલી પડી છે જે છેલ્લો છલ સોનામહોરથી ભરેલી છે. આપણે રહ્યાં પ્રભુના ભક્ત જો આપણને ધન મળે તો તેના મદદમાં આપણે પ્રભુની ભક્તિ કરવાનું ભૂલી જ જઇએ. આ ધન જ કેટલાય અનર્થોનું મૂળ છે. જેને પ્રભુને પ્રાપ્ત કરવા હોય તેને સાદું જીવન જીવવું જોઇએ. જો ધન આવે તો અટકતક નથી. તેથી તે સોનામહોર આપણા કોઇ કામ પડી જાય અને તારું મન લલચાય તો અનર્થ થઇ જાય. માટે હું તેના પર ધૂળ નાખી રહ્યો છું.

આ વાત સાંભળી અને વાંકાના પત્ની ખડખડાટ હસી પડ્યા અને પછી પોતાના પતિ રાંકાને ઉદેશીને કહ્યું, ''વાહ...વાહ...નાથ, તમે પણ ગજબ છો અને તમે આ સાવ ખોટી જ મહેનત કરી રહ્યાં છો હું તો સોના અને ધૂળમાં કોઇ ભેદ માનતી નથી અને તમે આ ધૂળ ઉપર ધૂળ નાખવાનો સાવ વ્યર્થ પરિશ્રમ કરી રહ્યાં છો અને છોડી અને લાકડા કાપવાનું શરૂ કરો જેથી આપણું મુખ્ય કાર્ય પાર પડે. ધર્મપત્નીના વચનો સાંભળી અને પરમ ભક્ત રાંકાની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા. તે બોલી ઉઠ્યા, ધન્ય છે તમને, ખરેખર હું ભાગ્યશાળી છું કે મારા કરતા પણ ચડિયાતા વૈરાગ્યી એવા તમે મને પ્રાપ્ત થયા છો. તમારો વૈરાગ્ય તો ખરેખર વિશિષ્ટ છે.''

બસ તે દિવસથી તેમનું નામ બાંકા પડી ગયું અને એ ''રાંકા-બાંકા'' ની જોડીનું નામ આજે પણ પરમ ભક્તોમાં અમર થઈ ગયું છે. ઝાડીમાં છુપાયેલા રામદેવજી તુરંત ત્યાંથી નિકળી અને શ્રી વિઠ્ઠલનાથજી પાસે પહોંચ્યા અને પગે લાગી પ્રભુ પાસે ક્ષમા માંગી અને કહ્યું, ''તમે ખરા છો, પ્રભુ આ ''રાંકા-બાંકા'' તો તમારી ભક્તિને જ સાચું ધન માની જીવી રહ્યાં છે તેને સોના - ચાંદીથી કોઇ મતલબ નથી.'' ત્યારે ભગવાન શ્રી વિઠ્ઠલનાથજી પણ મંદ મંદ સ્મિત કરી રહ્યાં હતા.

**આજનું ભજન**

**'ઉંચી મેડી તે મારા સંતની રે,**
**મેં તો હાલીનો જાણી હો રાજ... ઉંચી મેડી.**
**અમને તે તેડા સિહ મોમલ્યા (૨)**
**હે સી છે કોલ્યો રાજ (૨)**
**મોંઘા તે મુલની મારી ચુંદડી રે,**
**જો તો મહાલીનો જાણી હો રાજ... ઉંચી મેડી.**
**અડધા પહેર્યા ને અડધા પાથર્યા રે,**
**ઉપર ઓઢાળ્યા ચીર ચારે કોરરાજ... ઉંચી મેડી.**
**નથી તારાયા, નથી તંબુડી (૨)**
**હે નથી ઉતર્યાનો આરો (૨)**
**''નરસિંહ'' મેતાની સ્વામી શામળા રે,**
**પ્રભુજી ઉતારે પાર હો રાજ...ઉંચી મેડી.**

**સંકલન : શ્રીમતી રમણતારા કે. વ્યાસ**

# કચ્છના આકાશમાં આજે ખીલશે 'માઇક્રો બ્લુ મૂન'

**વર્ષો બાદ સર્જાઈ રહેલી આ ખગોળીય ઘટના નિહાળવા કચ્છવાસીઓમાં ઉત્સાહ : રણની ધરતી પરથી ચંદ્રના અનોખા રૂપને માણવા મળશે સુવર્ણ તક : દર અઢી વર્ષે આવતી આ ઘટના હવે છેક ૨૦૨૮માં જોવા મળશે**

ભુજ - કચ્છઉદય : કચ્છના ખગોળપ્રેમીઓ માટે આજે ૩૧ મે ના રોજ આકાશમાં એક અદ્ભુત નજારો સર્જાવા જઈ રહ્યો છે. અધિક જયેષ્ઠ માસની પૂનમના દિવસે કચ્છના આકાશમાં 'બ્લુ મૂન' જોવા મળશે. ભુજ, ગાંધીધામ, માંડવી અને અંજાર સહિતના સમગ્ર કચ્છ જિલ્લામાં જો હવામાન ચોખ્ખું રહેશે તો આ નજારો લોકો નરી આંખે માણી શકશે. ખગોળીય ગણતરી મુજબ આજે ચંદ્ર તેની પૂર્ણ કળાએ બપોરે ૨:૧૫ વાગ્યે પહોંચશે, પરંતુ કચ્છમાં તેને જોવાનો શ્રેષ્ઠ સમય આજે સાંજે ૭:૧૫ વાગ્યા બાદ એટલે કે ચંદ્રોદય પછીનો રહેશે. કચ્છની વિશાળ રણભૂમિ કે દરિયાકાંઠાના વિસ્તારોમાં આકાશ વધુ સ્પષ્ટ હોવાથી આ નજારો ખૂબ જ સુંદર દેખાશે.

ઘણા લોકોના મનમાં એવી ગેરમાન્યતા હોય છે કે આ દિવસે ચંદ્ર વાદળી રંગનો દેખાશે, પરંતુ વાસ્તવમાં આ એક કેલેન્ડરની ઘટના છે. જ્યારે એક જ અંગ્રેજી મહિનામાં બે વખત પૂનમ આવે ત્યારે બીજી પૂનમના ચંદ્રને 'બ્લુ મૂન' તરીકે ઓળખવામાં આવે છે. મે મહિનાની શરૂઆતમાં એટલે કે ૧ તારીખે પૂનમ હતી અને હવે ૩૧ મેના રોજ મહિનાની બીજી પૂનમ હોવાથી તેને આ નામ અપાયું છે. વિશેષ વાત એ છે કે આ વખતે ચંદ્ર પૃથ્વીથી સામાન્ય કરતા વધુ દૂર હોવાથી તે કદમાં ૬ થી ૭ ટકા નાનો અને થોડો ઝાંખો દેખાશે, જેને કારણે વૈજ્ઞાનિકો તેને 'માઈક્રો બ્લુ મૂન' કહી રહ્યા છે.

કચ્છના વાચકો માટે આ ઘટના ખાસ એટલા માટે છે કારણ કે તે દર અઢી વર્ષે એકવાર જોવા મળે છે. છેલ્લે આવી ઘટના ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ નોંધાઈ હતી અને હવે ત્યારબાદ આ નજારો છેક ડિસેમ્બર ૨૦૨૮માં જોવા મળશે. આ દુર્લભ ઘટનાને જોવા માટે કોઈપણ પ્રકારના ટેલિસ્કોપ કે ખાસ ઉપકરણની જરૂર નથી. કચ્છના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રહેતા લોકો પોતાના ઘરના ધાબા કે અગાસી પરથી સાંજના સમયે પૂર્વ-દક્ષિણ દિશામાં ઉગતા આ 'માઈક્રો બ્લુ મૂન'ના સાક્ષી બની શકે છે. રણની ખુલ્લી જગ્યામાં આકાશનું નિરીક્ષણ કરનારાઓ માટે આ એક યાદગાર રાત્રિ બની રહેશે.

## નાની અરલમાં રસ્તા નજીક ગાડી ઉતારવા બાબતે આધેડ પર ખુની હુમલો

ભુજ - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના નાની અરલ ગામના બસ સ્ટેશન પાસે રસ્તા નજીક ગાડી ઉતારવા બાબતે માથાકુટ થઈ હતી. ફરિયાદી નાની અરલના પ્રહલાદસિંહ ઉર્ફે પ્રવીણસિંહ પ્રતાપસિંહ જાડેજાના જણાવ્યા પ્રમાણે ફરિયાદીએ આજથી બે ત્રણ દિવસ પહેલા પ્રહલાદસિંહ મગનસિંહ જાડેજાને ફોર વ્હીલ ગાડી રસ્તા નીચે ઉતારવા બાબતે ઠપકો આપ્યો હોઈ તેનું મનદુઃખ રાખી આરોપીઓએ ફરિયાદીને ફોન કરી બસ સ્ટેશન પાસે બોલાવી હુમલો કર્યો હતો. સ્કોર્પીયો ગાડીમાં ઘાતક હથિયારો સાથે આવી જુવાનસિંહ મહેન્દ્રસિંહ જાડેજાએ લોખંડની ટામી વડે માથામાં મારી ઈજા પહોંચાડી હતી. જયારે પ્રહલાદસિંહ મગનસિંહ જાડેજાએ હાથના ભાગે ટામી ફટકારી હતી. રાજેન્દ્રસિંહ મગનસિંહ જાડેજાએ લોખંડનો પાઈપ ફટકાર્યો હતો. જયારે ખેતુભા ચતુરસિંહ જાડેજાએ લાકડી વડે માર મારી ફ્રેકચર સહિતની ઈજા પહોંચાડી હતી. જેથી હત્યાના પ્રયાસ સહિતની કલમો તળે ચાર ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ભુજના હંગામી આવાસમાં મારામારી

ભુજ - કચ્છઉદય : શહેરના હંગામી આવાસ જીઆઈડીસી વિસ્તારમાં મારામારી કરવામાં આવી હતી. ફરિયાદી રોહન રાજેશભાઈ પલણના જણાવ્યા પ્રમાણે આરોપી કમલેશ જોગી, દિપક કમલેશ જોગી, નિલેશ કમલેશ જોગીએ બાઈક ઉભી રખાવી લાકડાના ધોકા વડે માર મારી છરી વડે ઈજા પહોંચાડી હતી. જેથી બી ડીવીઝનમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

**કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા**

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

**એક શુભેચ્છક - MK**

**જાહેર નોટીસ** કેસ નં.૯૬/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : હિંગોરા મહંમદસફી અબ્દુલા, રહે.ગઢવાડા, તા.અબડાસા — વિરૂધ્ધ — સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, ગઢવાડા જુથ ગ્રા. પં, તા.અબડાસા

**વિષય : જન્મની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રી નામે હિંગોરા મહંમદસફી અબ્દુલાનો તા.૧૫/૦૬/૧૯૮૬ના રોજ મોજે-ગઢવાડા, તા.અબડાસા-કચ્છ ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારશ્રીના વડીલોની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઇ અરજદારશ્રીએ તેમના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૯૬/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજરોજ તા. ૨૧ માહેઃમે સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી
(એ.આર.નીનામા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા

# આંતર જિલ્લા ક્રિકેટ ટૂર્નામેન્ટમાં જામનગર સામે ભુજની ટીમ ૧૭૫ રનથી હાર

ભુજ - કચ્છઉદય : સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોશિએશન આયોજીત આંતર જીલ્લા અંડર - ૧૯ વનડે ક્રિકેટ ટૂનોમેન્ટની સુરેન્દ્રનગર ખાતે રમાયેલી મેચમાં કેસીએ ભુજ ટીમની જામનગર રૂરલ ટીમ સામે ૧૭૫ રને હાર થઈ હતી.

ટોસ જીતીને ભુજ ટીમે બોલિંગ કરવાનો નિર્ણય કર્યા હતો. જામનગર રૂરલ ટીમએ પ્રથમ બેટિંગ કરતાં ૪૦ ઓવરમાં ૫ વિકેટના નુકશાને ૨૮૮ રનનો વિશાળ સ્કોર કર્યા હતો. જામનગર રૂરલ તરફથી મયુરસિંહ રાઠોડએ ૧૨૬ રન અને વિશ્વરાજસિંહ સેંધવ ૫૩ રન કર્યા હતા. ભુજ તરફથી હિત ભીમાણીએ ૨ વિકેટ, પૂર્વ ભટ્ટ અને વિશાલ જોગીને ૧-૧ વિકેટ મળી હતી.

સ્કોરનો પીછો કરવા ઉતરેલી ભુજ ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને તેની પ્રથમ વિકેટ પહેલી જ ઓવરમાં માત્ર ૫ રનના સ્કોરે પડી ગઈ હતી. ત્યારબાદ નિયમિત અંતરે વિકેટ ગુમાવી સમગ્ર ટીમ ૨૯.૧ ઓવરમાં ૧૧૩ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી. ભુજવતી પૃથ્વી દાવડાએ ૨૭ રન, અમન રાજપૂતે ૨૨ રન અને વિશાલ જોગીએ ૨૦ રન કર્યા હતા. જામનગર તરફથી કેનિલ સંઘવીએ ૪ વિકેટ અને હરીશ મોડવએ ૩ વિકેટ લીધી હતી. ટીમ સાથે કોચ મહેશભાઇ પંડ્યા અને ટીમ મેનેજર તરીકે અમિતભાઇ રાઠોડ જોડાયેલા છે.

**કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા**

**ખલીફા હાજી અહેમદ હાજી ફકીરમામદ**
પ્રમુખ, માંડવી તા.ખલીફા સમાજ
પૂર્વ અધ્યક્ષ, અખિલ કચ્છ ખલીફા સમાજ સમૂહશાદી સમિતિ
**આકાર સ્ટોન સપ્લાયર્સ**
**આકાર મેંગો ફાર્મ**
મુ.પો.ગઢશીશા, તા.માંડવી-કચ્છ.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

GROUP OF shiv HOTELS

**હોટેલ શિવ ગ્રુપ**
ભુજ-કચ્છ

# માધાપર કેસરબાગ રસ્તા પરની સોસાયટીઓમાં પાણી પુરતું ન આવતા લોકોમાં રોષ



ભુજ - કચ્છઉદય : માધાપરના કેસરબાગ રોડ આવેલી સોસાયટીઓમાં પીવાના પાણીની અપૂરતા વિતરણથી કણસી રહી છે. પાણીનું વિતરણ કરવામાં આવે છે ત્યારે પૂરતું પ્રેશર પણ આપવામાં આવતું નથી, તેના કારણે લોકોને તકલીફ થાય છે.

લોકોના જણાવ્યા મુજબ નવાવાસ ગ્રામ પંચાયતને પૂરતા વેરા પણ ભરે છે, ત્યારે પીવાના પાણીની ખૂબ જ પ્રાથમિક જરૂરિયાત ઉપર ગ્રામ પંચાયત તાત્કાલિક ધ્યાન કેન્દ્રિત કરી પાણીનું વિતરણ નિયમિત અને પૂરતા પ્રમાણમાં અને પૂરતા પ્રેસરથી કરવા માંગ કરી છે.

ગ્રામવાસીઓએ જણાવ્યું છે કે પેટ્રોલ ડીઝલની સમસ્યાને કારણે ટેન્કરના ભાવ પણ વધી ગયા છે. પાણી પૂરતું નહીં આવતા લોકોને ટેન્કર મંગાવ્યા વગર છૂટકો નથી. જેના કારણે મોંઘવારીમાં ઘરનું બજેટ ખોરવાઈ જાય છે.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

ગેસનો બગાડ અટકાવો-ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

### વરજડી દેવલધામમાં ચાલતી ભાગવત કથામાં

# ભક્તિભાવ પૂર્વક કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો





**પાટીદાર સમાજના ગામ ગામની રાજકીય, સામાજિક અગ્રણીઓ અને યજમાન પરિવારના સગા સ્નેહીઓ ભાવિકોએ હાજરી આપી જન્મોત્સવને મનાવ્યો**







ગઢશીશા - કચ્છઉદય : માંડવી તાલુકાના ગઢશીશા સમીપેના વાડી વિસ્તારમાં શોભતા અને સો ટકા પાટીદારની વસતી ધરાવતા નાનકડા વરજડી ગામે મણિબેન કરમશી પચાણ માવાણી પરિવાર હસ્તે નવીનભાઈ માવાણી, સહયોગી પરિવારના મણિલાલ કેસરા માવાણી, ઈશ્વરભાઈ શામજી ભીમાણી, ભવાનજી લાલજી માવાણી, જયંતીલાલ માવજી ભગત અને પ્રફુલ લખમશી હરપાણીના યજમાન પદે અને શાસ્ત્રી કૌશિકભાઈ જોષીના આચાર્યપદે વિધ્વાન ભાગવતકાર પૂજય નાનાલાલભાઈ રાજયગુરૂની વ્યાસગાદીએ વરજડી દેવલમા મંદિર દેવલધામમાં યોજાયેલી શ્રીમદ ભાગવત કથામાં પાંચમા દિવસે વ્યાસગાદીએ પૂજય રાજયગુરૂએ સંગીતમય શૈલીમાં રામજન્મ અને કૃષ્ણ જન્મની વિવરણ સાથે નિરૂપણ કર્યું હતું. આ પ્રસંગે દેવલધામ ગોકુળીયું ગામ બનવાની સાથે ભાવભેર કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે રાજપર, રત્નાપર, વિરાણી, દરશડી, મમાયમોરા, મંગાપર, પદમપર, દુર્ગાપર સહિતના વિવિધ ગામોના સામાજિક અગ્રણીઓ અને સગા સ્નેહીઓ, ભાવિકોએ હાજરી આપી મહોત્સવમાં ભાગ લીધો હતો.

આયોજનને સફળ બનાવવા યજમાન પરિવારો સાથે વરજડી પાટીદાર સમાજ, યુવક મંડળ, મહિલા મંડળ અને શ્રોતાગણે કૃષ્ણ જન્મોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. અહીં યજમાન પરિવારો દ્વારા કથા દરમ્યાન ત્રણ ટાઈમની પ્રસાદ (ભોજન) ની વ્યવસ્થા કરવામાં આવી છે. કથાના ચોથા દિવસે ગઢશીશા ગામના પાટીદાર અગ્રણી વલ્લભજીભાઈ છાભૈયા, ગઢશીશા સરપંચ કોમલબેન સંજયભાઈ ગોસ્વામી સહિતના વિવિધ અગ્રણીઓએ હાજરી આપી હતી. યજમાન પરિવાર દ્વારા સરપંચનું સન્માન કરાયું હતું. યજમાન પરિવારના નવીનભાઈ માવાણીએ સૌનો આભાર માન્યો હતો. નખત્રાણા ચૈતન્ય આશ્રમના મોહનદાસજી બાપુએ હાજરી આપી આશિર્વાદ પાઠવ્યા હતા.

# અખિલ કચ્છ મારવાડા વણકર સમાજની સમાજવાડી અને શૈક્ષણિક સંકૂલનું લોકાર્પણ કરાયું










ભુજ - કચ્છઉદય : અખિલ કચ્છ મારવાડા વણકર વિકાસ સંઘ અને મારવાડા ચેરીટેબલ ટ્રસ્ટ - કચ્છના સંયુકત ઉપક્રમે અખિલ કચ્છ મારવાડા વણકર સમાજની સમાજવાડી અને શૈક્ષણિક સંકૂલનો લોકાર્પણ કાર્યક્રમ, પાલારા ખાતે કરવામાં આવેલ હતો. કાર્યક્રમમાં પુજય સાધુ-સંતો રાજકીય મહાનુભાવો તેમજ કચ્છ જિલ્લાના મારવાડા સમાજ તમામ પરગણાના પ્રમુખો તથા હોદેદારો તથા સમાજવાડી અને શૈક્ષણિક સંકૂલના નિર્માણ માટેના દાતાઓ અને સમગ્ર સામાજિક અગ્રણીઓ અને મારવાડા સમાજના તેમજ અન્ય સમાજના ભાઈ-બહેનો હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે કાર્યક્રમનો દિપપ્રાગટય કરવામાં આવ્યું હતું. બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યો હતો. સ્વાગત પ્રવચન પ્રમુખ પચાણભાઈ વીરાભાઈ સંજોટ દ્વારા કરવામાં આવ્યો હતો. સમાજવાડીનો ઉદઘાટન કચ્છ જિલ્લાના મારવાડા સમાજ તમામ પરગણાના પ્રમુખો શીવજીભાઈ આલાભાઈ મંગરીયા, હીરજી કાનજી લઉવા, ધનજીભાઈ ડાયાભાઈ બડીયા, અબડાસા પગણાના મહામંત્રી નારાણભાઈ પરગડુ તથા સમાજના હોદેદારોના હસ્તે કરવામાં આવ્યો હતો.

શૈક્ષણિક સંકૂલનો ઉદઘાટન ત્રિકમભાઈ છાંગાના હસ્તે કરવામાં આવ્યું હતું. સાંસદની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલ કોમ્યુનીટી હોલનું લોકાર્પણ સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યુ હતું કે, સમાજના શૈક્ષણિક વિકાસમાં જે કડીઓ ખુટતી હશે તે પૂર્ણ કરવા અમે કટીબધ્ધ છીએ. વિશેષમાં સમાજના સર્વાંગી વિકાસ, શિક્ષણ પ્રત્યેની પ્રતિબધ્ધતા અને એકતાના આ મારવાડા સમાજને અભિનંદન પાઠવ્યા હતા.

વિનોદભાઈ ચાવડાએ આ સંકુલ ટુંકા સમયગાળામાં પુર્ણ કરી અને સમાજને સુપ્રત કરવામાં આવેલ જે બદલ પચાણભાઈ વીરાભાઈ સંજોટ, રમેશચંદ્ર ઘનજીભાઈ સીજુ તેમજ અખિલ કચ્છ મારવાડા વણકર વિકાસ સંઘ અને મારવાડા ચેરીટેબલ ટ્રસ્ટી, હોદેદારો અને કાર્યકતાઓને અભિનંદન પાઠવ્યા હતા. કેશુભાઈ પટેલે સમાજને અભિનંદન પાઠવતા, પોતાની ગ્રાન્ટમાંથી હાઈવેથી સમાજવાડી સુધી સી.સી.રોડ અને અને પુલીયાના કામ માટે ફાળવીણી કરેલ હતી. માલતીબેન મહેશ્વરીએ મારવાડા સમાજને અભિનંદન પાઠવતા જણાવ્યું હતુ કે આગામી સમયમાં સમાજને સામાજિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે તત્પરતા દર્શાવિલ હતી.

**સાંસદ, રાજ્યમંત્રી અને ધારાસભ્યો સહિતના રહ્યા ઉપસ્થિત : રાત્રેના રામદેવજી મહારાજની પાટકોરી, આરાધીવાણી ભજનનું આયોજન કરાયું**

કાર્યક્રમમાં મહંત પુરણદાસ બાપુ - મથલ, તુંવર મેઘરાજજી દાદા - લાખાપર, સંત પાલાદાદા - હોડકો, પ.પૂ. મહંત તેજસ્વરી માતાજી - વજેપર તેમજ હંસનિર્વાણ આશ્રમના મહંત કલ્યાણદાસ બાપુ તેમજ રાજકીય આગેવાન, જિલ્લા પંચાયત પૂર્વ સદસ્ય અને કચ્છ જિલ્લા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના પૂર્વ ચેરમેન પુરૂષોતમભાઈ મારવાડા, જિલ્લા પંચાયત સદસ્ય રાજેશભાઈ કાગી, ઝીકડી ગ્રામ પંચાયતના સરપંચ વાલજીભાઈ લખણાભાઈ આહીર, હરીભાઈ જાટીયા, રવીભાઈ નામોરી, ઘનજીભાઈ સીજુ, ગોપાલભાઈ મકવાણા, દેવજીભાઈ સંજોટ, શીવજીભાઈ ભરાડીયા, લક્ષ્મણભાઈ ગાંગલ, ઈશ્વરભાઈ મહેશ્વરી, કાનજીભાઈ ચંદે, ગોવિંદભાઈ વાણીયા, નાનજીભાઈ ભાટી, કરમશીભાઈ બડીયા, દેવજીભાઈ બુચિયા, શીવજીભાઈ પાયણ, લધારામ બુચિયા, ભીમજીભાઈ ભદ્રુ તેમજ વિવિધ સમાજના સામાજિક - રાજકીય અગ્રણીઓ અને મારવાડા સમાજની વિવિઘ સંસ્થાઓના હોદેદારો હાજર રહ્યા હતા. જુની રાવલવાડી, રામદેવ મહિલા મંડળની મહિલાઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગી બનેલ હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે મારવાડા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ગોવિદભાઈ મારવાડા, દેવજીભાઈ મકવાણા, ગોપાલભાઈ નજાર, ધીરજલાલ સીજુ, હરીલાલ પુવાર, અખિલ કચ્છ મારવાડા વણકર વિકાસ સંઘ તમામ હોદેદારો પ્રમુખ પચાણભાઈ સંજોટ, કાર્યકારી પ્રમુખ રમેશચંદ્ર સીજુ, ઉપપ્રમુખ તેમજ કાર્યક્રમના ઈન્ચાર્જ શીવજીભાઈ મંગરીયા, ઉપપ્રમુખો પરબતભાઈ વણકર, દિનેશભાઈ સોલંકી, રવજીભાઈ સીજુ, ખુમાણભાઈ વણકર, મહામંત્રીઓ એડવોકેટ લાલજીભાઈ લાખાભાઈ બુચિયા, મેઘજીભાઈ વણકર, ખેગારભાઈ નજાર, વીરાભાઈ મારવાડા ખજાનચી વેલજીભાઈ પાયણ, મંત્રીઓ એડવોકેટ શંકરભાઈ કુંવટ, એડવોકેટ કેશવજીભાઈ લોંચા, મનજીભાઈ ખરેટ, કાનજીભાઈ બડીયા, જેઠાલાલ સીજુ મીડીયા પ્રવકતા દેવજીભાઈ સીજુ અને બાબુભાઈ બુચિયા, કાર્યાલયમંત્રી પ્રેમજીભાઈ મકવાણા, કારોબારી સભ્યો દામજીભાઈ ખોખર, દેવશી ગોવિંદ સીજુ, રવજીભાઈ જેપાર, લાખાભાઈ કારીયા, કરમણભાઈ સંજોટ, ખીમજીભાઈ ખરેટ, ભુજ શહેર મારવાડા વણકર વિકાસ સંઘના પ્રમુખ બાબુભાઈ બુચિયા, મહામંત્રી એડવોકેટ મુકેશભાઈ બોખાણી, ભુજ તાલુકા મારવાડા વણકર વિકાસ સંઘના પ્રમુખ દેવજીભાઈ મકવાણા, પ્રભારી એડવોકેટ કમલેશભાઈ કારીયા, ગાંધીધામ તાલુકા મારવાડા વણકર વિકાસ સંઘના પ્રમુખ રમેશભાઈ મારૂ, મહામંત્રી ભરતભાઈ મારૂ, માંડવી તાલુકા મારવાડા વણકર વિકાસ સંઘના પ્રમુખ ખીમજીભાઈ બડીયા, નખત્રાણા તાલુકા મારવાડા વણકર વિકાસ સંઘના પ્રમુખ લાલજીભાઈ ઓઢાણા, મહામંત્રી ભરતભાઈ પેથાભાઈ બુચિયા, લખપત તાલુકા મારવાડા વણકર વિકાસ સંઘના પ્રમુખ ખીમજીભાઈ ખંભુ, મહામંત્રી શીવજીભાઈ જાંજાણી, અંજાર તાલુકા મારવાડા વણકર વિકાસ સંઘના પ્રમુખ વીરજીભાઈ રાઠોડ, મહામંત્રી યોગેશભાઈ લોંચાણી, દિનેશભાઈ સંજોટ, હર્ષદભાઈ સંજોટ, મનોજભાઈ ખોખર, ચમનભાઈ કુંવટ, અરૂણ વણકર તેમજ સંઘના તમામ કાર્યકર્તાઓએ હાજર રહી જહેમત ઉઠાવી હતી.

લોકાર્પણના કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ રાત્રે મારવાડા સમાજના ઈષ્ટદેવશ્રી રામદેવજી મહારાજની પાટકોરી, આરાધીવાણી ભજનનું આયોજન કરવામાં આવેલ હતું. સંચાલન એડવોકેટ લાલજીભાઈ લાખાભાઈ બુચિયા, પ્રેમજીભાઈ મકવાણા, શ્યામ મકવાણા દ્વારા કરવામાં આવેલ હતો તેમજ આભારવિધી એડવોકેટ કેશવજીભાઈ લોંચાએ કરી હતી, જે મીડીયા પ્રવકતા દેવજીભાઈ સીજુની યાદીમાં જણાવ્યું હતું.

# સ્વ. શશિકાંતભાઈ મોરબીઆની સેવાઓ આવનારી પેઢી માટે પ્રેરણારૂપ

**ભુજ છ કોટી જૈન સંઘના પૂર્વ પ્રમુખને અપાઈ શ્રદ્ધાંજલિ**



ભુજ - કચ્છ ઉદય : ભુજ છ કોટી સ્થાનકવાસી જૈન સંઘના ઉપક્રમે શ્રી સંઘના પૂર્વ પ્રમુખ શશીકાંત ખીમજીભાઈ મોરબીઆની શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી. તા.૨૧/૫ના શ્રી સંઘ સંચાલિત માતૃશ્રી કેશરબાઈ જૈન ભવન ખાતે શશીકાંત મોરબીઆની શ્રદ્ધાંજલિ સભાનું આયોજન અજરામર સંપ્રદાયના પ.પૂ. રાજેસતીજી મહાસતીજી, પ.પૂ. યશોમતીશ્રીજી મહાસતીજી, પ.પૂ. કોમલકુમારીજી મહાસતીજીની પાવન નિશ્રામાં સંઘ પ્રમુખ ધીરજભાઈ દોશીના પ્રમુખ પદે યોજાયો હતો.

આ પ્રસંગે કોમલ કુમારીજી મહાસતીજીએ જણાવ્યું કે, તેમનો સ્માઈલ ફેઈસ અને હંમેશા આનંદમાં રહેવાની તેમની આદત જોઈને અભીભૂત થઈ જવાનું. પૂ. યશોમતીજી મહાસતીએ જણાવ્યું કે, સંસાર પક્ષે અમારા મોરબીઆ પરિવારના હતા પરંત તેમાંથી વિશેષ તેઓ સુશ્રાવક હતા. તેઓ સમાજ પ્રેમી અને સંઘપ્રેમી હતા. તેમની સેવાઓને બિરદાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમની સેવા આવનાર પેઢી માટે પ્રરેણારૂપ બની રહેશે. અજરામર શ્યામ મહિલા મંડળ વતી કલાબેન શેઠ, કંકુ મહિલા મંડળ વતી રૂપાબેન શાહ તેમજ સંઘના અગ્રણી જિજ્ઞેશભાઈ શાહ, જગદીશભાઈ મહેતાએ શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું કે, તેમણે આપેલ સંઘ પ્રમુખ તરીકે સેવાઓ અને તેમનું યોગદાન ક્યારે પણ ભૂલી શકાશે નહીં તેમજ તેમની વિદાયથી સંઘમાં પડેલ ખાલીપો ક્યારે પૂરી શકાશે નહીં. પરિવાર વતીથી મનીષભાઈ, ડો. કલ્પનાબેન તેમજ પ્રતિમાબેને પિતા શશીકાંતભાઈએ આપેલ સંસ્કારોનો વારસો લોકોને ઉપયોગી થવાની તેમની ઉદાર ભાવના અને તેમની સાથેના સંસ્મરણોને વાગોળી શ્રદ્ધાંજલિ આપી હતી. ડો. અનિલભાઈ જૈને પણ પોતાના સસરાની જે ઉત્તમ ભાવના હતી તે બિરદાવી તેમની સાથેના અનુભવોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. જશભાઈ દેસાઈએ પણ દાદા સસરાને શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રમુખ સ્થાનેથી ધીરજભાઈ દોશીએ શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું કે, સંઘ પ્રમુખ તરીકે સંઘ પ્રક્ષોનું તેમનું અદ્વિતીય યોગદાન, અખંડ, સમર્પણ ભાવ અને અમૂલ્ય સેવાઓને વંદન કરતા શ્રી છ કોટી સ્થાનકવાસી જૈન સંઘ તરફથી શશીકાંતભાઈને મરણોતર 'સંઘ રત્ન'નું પવિત્ર બિરૂદ પરિવારને પ્રદાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સંઘના મહામંત્રી સંજયભાઈ મોરબીઆ તથા આભારવિધિ સંઘના મંત્રી ભદ્રેશભાઈ દોશીએ કરી હતી. આ પ્રસંગે સંઘના શ્રાવકો અને શ્રાવીકાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દશનામ હિતરક્ષક મંડળ આયોજીત સમૂહલગ્નમાં ૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા





ભુજ - કચ્છઉદય : દશનામ હિતરક્ષક (ઉત્કર્ષ) મંડળ કચ્છ દ્વારા રૂદ્રાણી જાગીર ખાતે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ત્રણ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ પ્રસંગે પ.પૂ. મહંત લાલગિરિબાપુ રૂદ્રાણી જાગીર, મહંત ધનજયગિરિબાપુ ધનંજય આશ્રમ ભુજ, લક્ષ્મણગિરિ - હબાય જાગીર તેમજ ઉપસ્થિત દાતાઓ અને હિતરક્ષક સમિતિના અગ્રણીઓ દ્વારા દિપ પ્રાગટય કરીને શિવવંદના કરાઈ હતી. મંડળના ચેરમેન માવજીભાઈ ગુંસાઈએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારતાં મંડળ દ્વારા આથી અગાઉ સોળ કન્યાઓના લગ્ન કરવા સાથે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ અંગે માહિતી આપી હતી. સંતોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આશિર્વચન પાઠવતાં રૂદ્રાણી જાગીરના મહંત લાલગિરિજી બાપુએ દશનામ સમાજના કાર્યને બિરદાવતાં ખુશી વ્યક્ત કરી હતી. ઉપરાંત જાગીર તરફથી ચા - નાસ્તો અને ઠંડા પાણીની વ્યવસ્થા સાથે જાગીરના સ્ટાફનો સહયોગ મળ્યો હતો. સ્વ. ભુપેન્દ્રસિંહ જોરાવરસિંહ રાઠોડ વડવા કાંયા હાલે, ભુજ, વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી સમાજ રત્ન ગુર્જર સમાજ - માધાપર અને જિલ્લા પંચાયત સભ્ય રાજેશભાઈ મમુભાઈ આહિર - આવડ કૃપા ટ્રાન્સપોર્ટ તરફથી કન્યાઓને દાયજાની કીટ આપવામાં આવી હતી. ઉપરાંત નરેન્દ્રભાઈ કાનજીભાઈ આહિર માધાપર તરફથી ચોરી મંડપનો ખર્ચ, રાજશગિરિ મનહરગિરિ - એડવોકેટ એન્ડ નોટરી, ઉમેશગિરિ ગવરીગિરિ ગાંધીધામ તરફથી આર્થિક સહયોગ, કુંવરગિરિ મીઠુગિરિ - વમોટી હાલે નખત્રાણા તરફથી દરેક કન્યાને એર કુલર, માધાપર દશનામ મહિલા મંડળ તરફથી સોનાની સરી, નેહાબેન અને કવિતાબેન તરફથી સ્ટીલ ડીનર સેટ, હિનાબેન જગદીશગિરિ તરફથી મા માટલુ, હિરેનગિરિ ભીમગિરિ - નલિયા તરફથી ગીફટ બોક્ષ, શિવભક્ત તરફથી પંખો અને દાદા મંગલગિરિ - જખૌ તરફથી તાંબાનો લોટો સહિત ભેટ સોગાત આપવામાં આવી હતી. ઉપસ્થિત સંતો, દાતાઓ અને આમંત્રીત મહેમાનોનું સન્માન ક રવામાં આવ્યું હતું. કાયમી દાતા માવજીભાઈ પી. ગુંસાઈ, નારાણગિરિ ગંગાગિરિ, સુરજગિરિ વાલગિરિ, કેવરગિરિ મીઠુગિરિવતી તેમના પુત્ર મુકેશગિરિ, વિષ્ણુગિરિ રેવાગિરિ અને મંડળના મહામંત્રી રાહુલગિરિ સુભાષગિરિએ ફુલહાર અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે રમેશગિરિ પુરાણગિરિ, દેવગિરિ, સતીષગિરિ, લાલગિરિ અને ભોપા અતુલગિરિ (માધાપર), રમણીકગિરિ અને લઘુગિરિ (ભુજપુર), કિશોરગિરિ હરિગિરિ (ધુફી), હિરેનગિરિ ભીમગિરિ (નલિયા), દેવેન્દ્રગિરિ રેવાગિરિ (કુકમા), રાજેશગિરિ (લોરિયા) અને નારાપર દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ ઈશ્વરગિરિ નિર્મળગિરિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ખજાનચી કાન્તિગિરિના શુભેચ્છા સંદેશ સાથે સંચાલન વેલગિરિ રતનગિરિ ગુંસાઈ અને આભારવિધિ મહામંત્રી રાહુલગિરિ સુભાષગિરિએ કર્યું હતું.

# સુરત પોલીસની 'હસ્તી' બની કચ્છમાં કોટક પરિવારની લાડકવાયી લક્ષ્મી

**શિશુગૃહમાંથી ત્રણ દીકરીઓ દત્તક અપાઈ: ભુજના સહિતના પરિવારોએ પણ દીકરીઓને અપનાવી : ત્યજી દેવાયેલી નવજાત બાળકીઓ હવે પામશે સુરક્ષિત અને સુખી ભવિષ્ય**




ભુજ - કચ્છઉદય : સુરતમાં શિયાળાની કકડતી ઠંડીમાં ડિંડોલીના ડેલાડવા તળાવ પાસે અવાવરું જગ્યાએ લાવારીસ હાલતમાં મળી આવેલી નવજાત બાળકી માટે સુરત પોલીસ દેવદૂત સાબિત થઈ હતી. ડિંડોલી પોલીસે આ બાળકીને માત્ર નવજીવન જ નથી આપ્યું, પરંતુ 'હસ્તી' નામ આપીને તેને પોલીસ પરિવારનું અભિન્ન અંગ બનાવી દીધી હતી. લાંબી કાયદાકીય પ્રક્રિયા બાદ આજે કતારગામ શિશુગૃહ ખાતેથી મુંબઈના કોટક દંપતીને આ દીકરી દત્તક સોંપવામાં આવતા વાતાવરણ ભાવુક બની ગયું હતું. પોલીસની લાડકવાયી બની ચૂકેલી હસ્તીની વિદાય વખતે ઉપસ્થિત દરેકની આંખોમાં હર્ષના આંસુ જોવા મળ્યા હતા.

આજના દિવસને સુરતના કતારગામ શિશુગૃહ માટે ઐતિહાસિક ગણાવી શકાય, કારણ કે કાયદાકીય દત્તક પ્રક્રિયા પૂર્ણ કરીને એકસાથે ત્રણ દીકરીઓને તેમના નવા વાલીઓના ખોળામાં સોંપવામાં આવી છે. વિશેષ વાત એ છે કે, આ ખુશીઓમાં કચ્છના ભુજ શહેરના પરિવારો પણ સામેલ છે, જેઓએ આ માસૂમ દીકરીઓને દત્તક લઈને તેમના જીવનમાં નવી આશા જગાવી છે. આ પ્રસંગે સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને તેમના પત્ની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ કમિશનરે સમાજને માર્મિક અપીલ કરતા જણાવ્યું હતું કે, ક્યારેય પણ કોઈ અણગમતી પરિસ્થિતિમાં નવજાત બાળકને રસ્તા પર કે કચરાપેટીમાં ત્યજી દેવાને બદલે સરકાર દ્વારા સંચાલિત શિશુગૃહોમાં સોંપવું જોઈએ, જેથી બાળકની સુરક્ષા અને ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત થઈ શકે.દત્તક લેનારા પરિવારો, જેમાં મુંબઈ અને કચ્છના ભુજથી આવેલા દંપતીઓનો પણ સમાવેશ થાય છે, તેઓ છેલ્લા ત્રણથી ચાર વર્ષથી કાયદાકીય પ્રક્રિયાની રાહ જોઈ રહ્યા હતા. ડિંડોલી પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.એલ. ઓડેદરા અને તેમની ટીમે બાળકી સાથે જોડાયેલી પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે હસ્તી તેમના માટે માત્ર એક કેસ નહોતી, પરંતુ પોતાના સંતાન સમાન હતી. દીકરી ભલે અન્ય શહેરોમાં જઈ રહી હોય, પરંતુ પોલીસ પરિવાર તેના ભવિષ્ય અને શિક્ષણ પર સતત નજર રાખશે. કોટક પરિવાર અને કચ્છના ભુજથી આવેલા વાલીઓએ સુરત પોલીસના આ માનવીય અભિગમને બિરદાવતા દીકરીઓને શ્રેષ્ઠ ઉછેર આપવાનું વચન આપ્યું હતું. આ ભાવુક ક્ષણોની સાક્ષી બનેલા સૌ કોઈએ ત્રણેય દીકરીઓના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી.

# ભચાઉમાં નવી ટ્રેન સુવિધા અને સ્ટોપેજની માંગ સાથે રેલવે મંત્રીને રજૂઆત

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ નગરપાલિકાના ઉપપ્રમુખ ચંપાબેન અંબાબીભાઈ ગોઠી દ્વારા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર લખીને ભચાઉના રેલવે મુસાફરોની સુવિધા માટે મહત્વપૂર્ણ માંગણીઓ કરવામાં આવી છે. રજુઆતમાં જણાવાયું છે કે ભચાઉ એ કચ્છના પ્રવેશદ્વાર અને ઔદ્યોગિક કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે, જ્યાં તમામ રાજ્યોના લોકો વસવાટ કરે છે. મુંબઈ સાથેના વેપાર-ધંધાના કારણે મુસાફરોની અવરજવર ખૂબ જ વધારે રહેતી હોય છે, જેના પરિણામે મુંબઈ જતી દૈનિક અને સાપ્તાહિક ટ્રેનો હંમેશા ફુલ રહે છે. આ સમસ્યાના ઉકેલ માટે તેમણે ભચાઉમાં બાન્દ્રા-ભુજ એસી ટ્રેનને સ્ટોપ આપવાની અને ગાંધીધામથી હરિદ્વાર માટે નવી સીધી ટ્રેન શરૂ કરવાની માંગ કરી છે. વધુમાં, મુસાફરોનો સમય અને ભાડું બચે તે માટે ભુજ-બાન્દ્રા ટ્રેન નંબર ૨૨૪૦૪ ને ભચાઉમાં સ્ટોપેજ આપવા તથા ગાંધીધામ-જોધપુર ટ્રેન નંબર ૨૨૪૮૪ ને પણ ભચાઉ સ્ટોપ આપવાની સાથે તેને રામદેવરા સુધી લંબાવવાની રજૂઆત કરવામાં આવી છે. આ સુવિધાઓ ઉપલબ્ધ થવાથી સ્થાનિકોને પાલનપુર સુધી જવાની તસ્દી નહીં રહે અને યાત્રાળુઓ તેમજ કામદારોને મોટી રાહત થશે.

# મોંઘવારીના માર વચ્ચે ધરતીપુત્રોને ફટકો : ઉનાળુ મગના ટેકાના ભાવમાં ઘટાડો

**ડીઝલની અછત અને ખેતી ખર્ચમાં તોતિંગ વધારા વચ્ચે ટેકાના ભાવમાં કરાયેલા ઘટાડાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી : ધરતીપુત્રોમાં રોષ**

ભુજ - કચ્છઉદય : એક તરફ કાળઝાળ ગરમી અને મોંઘવારીના માર વચ્ચે ગ્રામીણ વિસ્તારોમાં ડીઝલની અછત તથા તેના આસમાને પહોંચેલા ભાવોએ ખેડૂતોની કમર તોડી નાખી છે, ત્યારે હવે વર્ષ ૨૦૨૬ માટેના ઉનાળુ મગના ટેકાના ભાવમાં સીધો રૂપિયા ૧૧૦નો ઘટાડો કરવામાં આવતા ખેડૂત વર્ગમાં ભારે રોષ અને આક્રોશની લાગણી ફેલાઈ છે. ખેતી ખર્ચમાં સતત થઈ રહેલા વધારાને ધ્યાને લેતા સરકારે રાહત આપવાને બદલે ટેકાના ભાવ ઘટાડીને જાણે ખેડૂતોના જખમ પર મીઠું ભભરાવ્યું હોય તેવી પ્રતીતિ થઈ રહી છે.

ચાલુ વર્ષે ઉનાળુ મગનો ટેકાનો ભાવ રૂપિયા ૮૬૫૮ પ્રતિ ક્વિન્ટલ નિર્ધારિત કરવામાં આવ્યો છે, જે ગયા વર્ષે રૂપિયા ૮૭૬૮ હતો. જોકે, વર્તમાન સમયમાં બિયારણ, જંતુનાશક દવાઓ અને ખેતમજૂરીના ભાવ આસમાને હોવાથી ખેડૂતો માટે ખેતી કરવી અત્યંત ખર્ચાળ બની ગઈ છે. ટ્રેક્ટર ચલાવવા માટે ડીઝલ મેળવવામાં ખેડૂતોને ભારે મુશ્કેલી પડી રહી છે અને ઈંધણના વધતા ભાવોએ ખેતીના ખર્ચમાં મોટો વધારો કર્યો છે.

આ આર્થિક મુશ્કેલીઓની સાથે જ હવે ખેડૂતો માટે ઓનલાઈન નોંધણીની જટિલ પ્રક્રિયા નવો માથાનો દુખાવો બની છે. સરકારે ખરીદી માટે ફાર્મર રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવ્યું છે, જેના અંતર્ગત ખેડૂતોએ ૧૦ જૂન સુધીમાં પોર્ટલ અથવા ફાર્મર રજિસ્ટ્રી ગુજરાત એપ પર જઈને ફેસ ઓથેન્ટિકેશન કે બાયોમેટ્રિક દ્વારા જમીનના સર્વે નંબર લિંક કરવાના રહેશે. ગામડાઓમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટીની સમસ્યા અને સર્વર ડાઉન રહેવાની સ્થિતિ વચ્ચે આ ડિજિટલ પ્રક્રિયા ખેડૂતો માટે લોઢાના ચણા ચાવવા સમાન બની છે. બીજી તરફ, ખુલ્લા બજારમાં પણ વેપારીઓ મગના નીચા ભાવ બોલી રહ્યા છે. વિવિધ ખેડૂત સંગઠનોએ આક્રોશ વ્યક્ત કરતા ચેતવણી આપી છે કે જો સરકાર આ નીતિમાં તાત્કાલિક સુધારો નહીં કરે, તો આ વર્ષે ઉનાળુ મગની સરકારી ખરીદી માત્ર કાગળ પર જ સીમિત રહી જશે અને ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવું પડશે. આ પરિસ્થિતિમાં સરકાર દ્વારા ટેકાના ભાવમાં કરાયેલો ઘટાડો અને જટિલ ઓનલાઈન પ્રક્રિયા ખેડૂતો માટે બેવડો માર સાબિત થઈ રહી છે.

### રાત આખીનો ઉજાગરો અને ચોકી પહેરાનો થાક



ભુજના લોકપ્રિય હમીરસર તળાવના કાંઠાની પાળ પર શાંતિ અને સુરક્ષાનો અહેસાસ આ કુદરતી એરકંડીશન વાતાવરણમાં શ્વાનને અહીં અનુભવાય છે.

# ગાંધીધામમાં 'મન કી બાત' સાથે વૃક્ષારોપણ યોજાયું

### ગાંધીધામ મનપાના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણી અને જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય રહ્યા વિશેષ ઉપસ્થિત

### સિંધી ભાનુશાલી સમાજ દ્વારા મેયર દિવ્યાબેન નાથાણી, મનપાની નવનિયુક્ત ટીમ અને જીલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્યનું કરાયું ભવ્ય સન્માન

### બૂથ પ્રમુખ અને શક્તિ કેન્દ્ર પ્રમુખોના કાર્યને બિરદાવતા ધવલભાઈ આચાર્યે કર્યું વિશિષ્ટ સન્માન







તસવીર : યોગેશ લીંબાચીયા







ગાંધીધામ : ગાંધીધામના વોર્ડ નં. ૧૦ સ્થિત ભાનુભવન, ખેતરપાળ મંદિર પાસે ભારતનગર વિસ્તારમાં રવિવારે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'નું સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું હતું. કચ્છ લોકસભા દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાજપના આગેવાનો, કાર્યકર્તાઓ અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કાર્યક્રમ અંતર્ગત 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ વૃક્ષોના જતનનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. સાથે સાથે 'સાંસદ સ્વચ્છતા અભિયાન' અંતર્ગત આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન ચલાવી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન સિંધી ભાનુશાલી સમાજના પ્રમુખ માધુભાઈ ભાનુશાલી તથા સમગ્ર ટીમ દ્વારા ગાંધીધામ મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર દિવ્યાબેન નાથાણી, મનપાની નવી ટીમ તેમજ જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્યનું પાઘડી પહેરાવી અને સાલ ઓઢાડી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાનોએ નવનિયુક્ત ટીમને શુભેચ્છાઓ પાઠવી શહેરના વિકાસ માટે સફળ કાર્યકાળની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.ત્યારબાદ જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય દ્વારા સંગઠનના પાયાના સ્તરે કાર્યરત બૂથ પ્રમુખો અને શક્તિ કેન્દ્ર પ્રમુખોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સંગઠનને મજબૂત બનાવવા અને વિવિધ જનહિતના કાર્યક્રમોમાં આપેલા યોગદાનને બિરદાવી તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.કાર્યક્રમ દરમિયાન



વડાપ્રધાનશ્રીના 'મન કી બાત' કાર્યક્રમમાં વ્યક્ત કરાયેલા વિચારો અને સંદેશોને આત્મસાત કરી પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા, સામાજિક જવાબદારી અને રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બનવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને સન્માન સમારોહના કારણે સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને યાદગાર બન્યો હતો.

આ વેળા ગાંધીધામ શહેર ભાજપ મહામંત્રી મહેન્દ્રભાઈ જુણેજા,ગાંધીધામ મનપા ના ડે. મેયર નવીનભાઈ ઝરૂ, સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન તેજસભાઈ શેઠ, શાસક પક્ષ ના નેતા ભરત ભાઈ મીરાણી, દંડક સુરેશભાઈ ધુંવા, યુવા ભાજપ પ્રમુખ સાગરભાઈ શુક્લા, જીતુભાઈ નાથાણી, સેક્રેટરી દીપક અશોક ગંગલાણી ભાનુશાલી, સુનિલભાઈ ભાનુશાલી, સોનુભાઈ ભાનુશાલી, દિપુભાઈ ભાનુશાલી, સતિષ ભાઈ ભાનુશાલી, નોની ભાઈ ભાનુશાલી, પપ્પુભાઈ ભાનુશાલી , રાજુભાઈ ભાનુશાલી, સુનિલ ભાઈ ભાનુશાલી તથા સમસ્ત યુવા ભાનુશાલી ટીમ સહીત ગાંધીધામ શહેર મહાનગર ના હોદેદારો - કાર્યકર્તા તેમજ ગાંધીધામ મનપાના નવનિયુક્ત કોર્પોરેટર ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છ ભાજપના મહામંત્રી ધવલભાઈ આચાર્યનું કાર્યકર્તાઓને માર્ગદર્શન

### સંગઠનની મજબૂતી માટે બૂથ સ્તરના કાર્યને સર્વોચ્ચ અગ્રતા આપવા આહવાન

ગાંધીધામ: ભારતીય જનતા પાર્ટીના કચ્છ જિલ્લા મહામંત્રી ધવલભાઈ આચાર્ય દ્વારા પક્ષના કાર્યકર્તાઓને સંગઠનાત્મક મજબૂતી માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, કોઈપણ રાજકીય પક્ષની સફળતાનો પાયો તેના બૂથ સ્તરની મજબૂતી પર રહેલો હોય છે. તેમણે કાર્યકર્તાઓને પ્રેરિત કરતા ભારપૂર્વક કહ્યું કે, આપણે સૌએ આપણા બૂથને સક્રિય અને મજબૂત બનાવવાની જવાબદારી નિભાવવી અનિવાર્ય છે.ધવલભાઈએ સ્પષ્ટ કર્યું હતું કે, પક્ષમાં હોદ્દા મેળવવા કે રાજકીય પ્રગતિ સાધવા માટે જે-તે કાર્યકર્તાનું પોતાનું બૂથ મજબૂત હોવું અત્યંત જરૂરી છે. તેમણે કાર્યકર્તાઓને હાકલ કરી હતી કે દરેક કાર્યકર્તાએ પોતાનું બૂથ કેવી રીતે 'પ્લસ' થાય અને તેમાં કેવી રીતે વધુમાં વધુ મતદારોનો સંપર્ક કરી મહત્તમ મતદાન મેળવી શકાય, તે ચિંતા સૌથી પ્રથમ કરવી જોઈએ. શક્તિ કેન્દ્ર, મંડળ અને જિલ્લા સ્તરના સંગઠનાત્મક માળખાની કામગીરી ત્યારે જ સફળ બને છે જ્યારે પાયાના સ્તરે બૂથ વ્યવસ્થાપન સક્ષમ હોય. આથી, દરેક કાર્યકર્તાએ પોતાના બૂથની જવાબદારી સ્વીકારી, સંપૂર્ણ નિષ્ઠા અને સતર્કતા સાથે કાર્યરત રહેવા અને પક્ષની વિચારધારાને લોકભોગ્ય બનાવવા અનુરોધ કર્યો હતો.

## ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ બાયડ ખાતે ભાજપા કાર્યકર્તાઓ સાથે નરેન્દ્રભાઈ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો

બારડ : દર મહિનાના અંતિમ રવિવારે મન કી બાત' દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દેશવાસીઓ સાથે સંવાદ સાધે છે અને સમાજમાં પ્રેરણાદાયી કાર્ય કરનાર વ્યક્તિઓ, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ, આત્મનિર્ભર ભારત, નવાચાર, યુવાનોની સિદ્ધિઓ તથા વિવિધ જનહિતના વિષયો પર વિચારો રજૂ કરે છે.



આ કાર્યક્રમ દેશના નાગરિકોને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા માટે પ્રેરણા આપતો એક સશક્ત માધ્યમ બની રહ્યો છે ત્યારે આજે મે મહિનાના અંતિમ રવિવારે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા એ અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે ભાજપા કાર્યકર્તાઓ સાથે 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો હતો. આ પ્રસંગે ભાજપા આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પહેલા પાનાથી... કચ્છભરમાં 'મન કી બાત'નું

કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો દ્વારા 'મન કી બાત' કાર્યક્રમનું સામૂહિક શ્રવણ અને દર્શન કરવામાં આવ્યું હતું.અંજારમાં મધુબન પાર્ક માં પણ 'મન કી બાત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી તથા અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ગુજરાત ભાજપના પ્રવક્તા ભરતભાઈ પંડ્યાએ પણ કાર્યકરો અને સ્થાનિક નાગરિકો સાથે મળીને વડાપ્રધાનના સંબોધનનું શ્રવણ



કર્યું હતું.કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીએ રમતગમત, પર્યાવરણ, ઉનાળાની ગરમીથી બચવાના ઉપાયો, દેશની સાંસ્કૃતિક પરંપરાઓ તેમજ ખગોળીય પ્રવૃત્તિઓ જેવા વિવિધ વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ઉપ સ્થિત લોકોએ પણ વડાપ્રધાનના સંદેશને ધ્યાનપૂર્વક સાંભળ્યો હતો.આ પ્રસંગે ગુજરાત ભાજપના પ્રવક્તા ભરતભાઈ પંડ્યાએ અંજાર સ્થિત પવિત્ર તીર્થધામ જેસલ તોરલ સમાધી સ્થળની મુલાકાત લીધી હતી. તેમણે જેસલ-તોરલ સમાધિ સ્થળે દર્શન-પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને કચ્છની આધ્યાત્મિક તથા સાંસ્કૃતિક પરંપરાને વંદન કર્યું હતું.'મન કી બાત'ના કાર્યક્રમને લઈને અંજાર સહિત સમગ્ર કચ્છમાં ઉત્સાહપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો. ભાજપના આગેવાનો અને કાર્યકરોએ વડાપ્રધાનના માર્ગદર્શનને જનજન સુધી પહોંચાડવા માટે સતત પ્રયાસશીલ રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## પહેલા પાનાથી...

### ગુજરાતના અનેક

વરસાદે દસ્તક આપી હતી. મોડી રાત્રે પવનના સુસવાટા અને વીજળીના કડાકા-ભડાકા વચ્ચે વરસાદ ખાબક્યો હતો. વરસાદ અને તેજ પવનના કારણે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયાની માહિતી સામે આવી છે. વરસાદ વરસતા ગરમીનું પ્રમાણ ઘટ્યું હતું અને સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી.બીજી તરફ પંચમહાલ જિલ્લાના શહેરા અને આસપાસના વિસ્તારોમાં પણ ધમાકેદાર વરસાદ નોંધાયો હતો. ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસેલા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. લાંબા સમયથી અનુભવાતી ગરમી અને ઉકળાટમાંથી લોકોને મોટી રાહત મળી હતી.

રાજ્યના વિવિધ વિસ્તારોમાં પડેલા આ વરસાદથી વાતાવરણ ખુશનુમા બન્યું છે અને લોકોને ગરમીમાંથી રાહત મળતાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### સવાયા કચ્છી

નેધરલેન્ડ પ્રવાસને પણ યાદ કર્યો હતો અને ત્યાંથી ભારત લાવવામાં આવેલી ઐતિહાસિક તામ્રપટ્ટી તથા તેના તમિલ સમાજ માટેના સાંસ્કૃતિક મહત્વ અંગે પણ માહિતી આપી હતી.

કચ્છનો ફરી એક વખત ઉલ્લેખ થતાં કચ્છવાસીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે "સવાયા કચ્છી" તરીકે ઓળખાતા વડાપ્રધાન નરેન્દ્રભાઈનો કચ્છ પ્રત્યેનો લાગણીસભર સંબંધ ફરી એકવાર દેશ સામે ઉજાગર થયો છે. દેશ-વિદેશના કોઈપણ ખૂણે હોવા છતાં તેઓ કચ્છ અને કચ્છવાસીઓને યાદ કરે છે, જે કચ્છ માટે ગૌરવની બાબત છે. 'મન કી બાત'ના આ સંસ્કરણમાં કચ્છના સફેદ રણનો ઉલ્લેખ થતાં કચ્છવાસીઓમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી.

### રાજ્યના વહીવટી

બઢતી અને બદલીનો દોર હાથ ધરીને રાજ્યના વહીવટી તંત્રમાં વધુ એક વખત ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ૬ જેટલા સનદી અધિકારીઓ વય નિવૃત્ત થઈ રહ્યા છે આ ઉપરાંત બે સનદી અધિકારીઓ આવતા મહિને વય નિવૃત થઈ રહ્યા છે. આથી આ ખાલી પડનારી જગ્યા ઉપર રાજ્યના ૧૫ જેટલા ગેસ કેડરના અધિકારીઓને આ મહિનામાં આઈએએસ કેડરમાં નોમિનેશન આપતા હુકમો કરવામાં આવે તો આઈએએસ કેડરમાં નોમિનેટ થનારા આ અધિકારીઓને આ ખાલી જગ્યાઓ પર નિમણૂંક આપીને ભરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં જો બદલી ઓ કરવામાં નહીં આવે તો ખાલી પડેલી જગ્યાઓનો વધારાનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપતા હુકમો આગામી ટૂંક સમયમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### ભારતે હોર્મુઝમાં

ટેંક્રર, ત્રણ કન્ટેનર જહાજ, બે બલ્ક કેરિયર અને એક ડ્રેજર સામેલ છે.અધિકારીઓના જણાવ્યા મુજબ આ જહાજોમાં ક્રૂડ ઓઈલના ટેંક્રર, કન્ટેનર શિપ, બલ્ક કેરિયર અને ડ્રેજર સામેલ છે. ખાડી ક્ષેત્રમાં સમુદ્રની સુરક્ષા ચિંતાઓને લઈને સરકાર તેના આવનજાવન પર ખાસ નજર રાખી રહી છે. શર્માએ એમ પણ જણાવ્યું હતું કે માર્શલ આઈલેન્ડ્સના ઝંડાવાળુ ક્રૂડ ઓઈલ ટેંક્રર નિસોસ કેરોસ ૨૫ અને ૨૬ મેના રોજ સુરક્ષિત રીતે હોર્મુઝ પાસ કરી ચૂક્યું છે. આ જહાજ લગભગ ૨.૭ લાખ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ લઈ આવી રહ્યું છે. તે ત્રણ જૂને વિશાખાપટ્ટનમ પહોંચવાની આશા છે. તેમણે જણાવ્યું હતું કે આ જહાજ પર ચાલક દળના બધા સભ્યો વિદેશી છે. આ ક્ષેત્રમાં હાજર બધા ભારતીય ખલાસી સલામત છે. ભારતીય કે વિદેશી ઝંડાવાળા કોઈપણ કોમર્સિયલ જહાજ પર ભારતીય નાગરિકો સાથે જોડાયેલી ઘટનાની કોઈ સૂચના મળી નથી. મંત્રાલયોના જણાવ્યા મુજબ ભારતીય અને વિદેશી ઝંડાવાળા જહાજો પર બધા નાગરિકો સલામત છે.

### અમેરિકા-ઈરાન તણાવ

અમેરિકી સેનાના જણાવ્યા અનુસાર, ઈરાનના બંદર તરફ જઈ રહેલા ગેમ્બિયા ધ્વજ ધરાવતા એક માલવાહક જહાજને મિસાઈલ હુમલો કરીને નિષ્ક્રિય કરવામાં આવ્યું હતું.અમેરિકી અધિકારીઓના જણાવ્યા મુજબ યુદ્ધ સમાપ્ત કરવા માટેનો એક પ્રસ્તાવ તૈયાર છે, પરંતુ તેના પર રાષ્ટ્રપતિ ટ્રમ્પની અંતિમ મંજૂરી બાકી છે. શુક્રવારે વ્હાઈટ હાઉસના સિટ્યુએશન રૂમમાં યોજાયેલી બેઠક બાદ પણ ટ્રમ્પે કોઈ અંતિમ નિર્ણય લીધો નહોતો.સિંગાપુરમાં યોજાયેલા એક રક્ષા સંમેલનમાં અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે જણાવ્યું હતું કે અમેરિકા જરૂર પડ્યે ફરી યુદ્ધ શરૂ કરવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે અને તેની પાસે પૂરતો શસ્ત્રસંગ્રહ ઉપલબ્ધ છે. તેમના આ નિવેદનથી સંભવિત સમજૂતી અને સૈન્ય કાર્યવાહી અંગે વિરોધાભાસી સંકેતો સામે આવ્યા છે.

## રમકડાંના દાનથી બાળકોમાં સંવેદના અને વહેંચણીના સંસ્કારો વિકસે છે : ભૂપેન્દ્ર પટેલ

### રમશે બાળક, ખીલશે બાળક : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મેઘા રમકડાં કલેક્શન કાર્યક્રમ યોજાયો





અમદાવાદ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ઘાટલોડીયા વિધાનસભા મતવિસ્તારમાં બોપલ-ઘુમા સ્થિત આરોહી ટ્વીન્સ બંગલો ખાતે "રમશે બાળક, ખીલશે બાળક" અભિયાન અંતર્ગત મેઘા રમકડાં કલેક્શન કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી શરૂ થયેલું આ અભિયાન સમાજના વિવિધ વર્ગોને એક માનવીય કાર્ય સાથે જોડે છે. પોતાના બાળકોના રમકડાં અન્ય બાળકો સાથે વહેંચવાની ભાવના સામાજિક ભાવના અને માનવતાના મૂલ્યોને તથા પરિવાર ભાવના ને વધુ મજબૂત બનાવે છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, બાળકના સર્વાંગી વિકાસમાં રમત-ગમત અને રમકડાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.સમાજના સક્ષમ પરિવારોના બાળકો દ્વારા ઉપયોગમાં લેવાયેલા અને હાલ ઉપયોગમાં ન હોય તેવા રમકડાં જરૂરિયાતમંદ બાળકોને અર્પણ કરવાની આ પહેલ માત્ર દાનનું કાર્ય નથી, પરંતુ આવનારી પેઢીમાં સંવેદના, સહાનુભૂતિ અને વહેંચણીના સંસ્કારોનું સિંચન કરતું અભિયાન છે. મુખ્યમંત્રી એ નાગરિકોને આ અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાવા અને વધુ ને વધુ રમકડાં દાન કરીને જરૂરિયાતમંદ બાળકોના ચહેરા પર સ્મિત લાવવાના આ યજ્ઞમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપ્યો હતો. આ કાર્યક્રમમાં અગ્રણીઓ વિનોદભાઈ પટેલ અને દર્શનભાઈ પટેલ સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## બરસાના ધામમાં આગામી તા. ૧લી જૂનથી ભવ્ય 'વ્રજપ્રભા ગ્રંથ પારાયણ'નું આયોજન

### મુંબઈ અને કચ્છથી રસીકજનો ઉમટશે



અંજાર : ઉત્તરપ્રદેશના સુપ્રસિદ્ધ યાત્રાધામ બરસાના પાસે આવેલા ચીકસોલી ગામના 'રાસ મંડપ' ખાતે આગામી તા. ૧લી જૂનથી ભવ્ય 'શ્રીમદ શ્રી વ્રજપ્રભા ગ્રંથ પારાયણ' જ્ઞાન સપ્તાહનો મંગલ પ્રારંભ થવા જઈ રહ્યો છે. નિજાનંદ સંપ્રદાયના ગાદીપતિ અને અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂજ્ય શ્રી ત્રિકમદાસજી મહારાજના વ્યાસાસને યોજાનારા આ ધાર્મિક મહોત્સવના મુખ્ય મનોરથી માતૃશ્રી કર્માબેન રણછોડભાઈ રાધુભાઈ રાવત પરિવાર છે. આગામી તા. ૦૧/૦૬/૨૦૨૬ થી ૦૭/૦૬/૨૦૨૬ સુધી યોજાનારી આ કથાનો સમય દરરોજ સવારે ૮:૩૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા સુધીનો રહેશે. કથાના પ્રથમ દિવસે એટલે કે તા. ૧લી જૂનના રોજ સવારે ૯:૦૦ કલાકે બરસાના સ્થિત માતાજી ગૌશાળાથી એક ભવ્ય પોથીયાત્રા નીકળશે. કથાના મંગલાચરણ બાદ યજમાન રાવત પરિવાર દ્વારા વિધિવત રીતે પોથી પૂજન અને ગુરુપૂજન કરવામાં આવશે. આ જ્ઞાન સપ્તાહ અંતર્ગત વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છેઃ તા. ૩ જૂનઃ શ્રી રાધા મહારાણીનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે. તા. ૪ જૂનઃ શ્રીકૃષ્ણ જન્મોત્સવ મનાવાશે, જેમાં રાત્રિના સમયે રાજસ્થાનના પ્રખ્યાત રાધે ઉપાસક ગોવત્સ વિઠ્ઠલજી ભજનની રમઝટ બોલાવશે. તા. ૫ જૂનઃ ગોવર્ધન પૂજનનો વિશેષ કાર્યક્રમ યોજાશે. આ જ દિવસે સાંજે લલિતા સખીના જન્મસ્થળ ઊંચાગામ મધ્યે કચ્છના ખ્યાતનામ ગાયક નંદલાલ છાંગાના સુમધુર સુરો સાથે ભવ્ય રાસોત્સવનું આયોજન કરાયું છે. તા. ૬ જૂનઃ શ્રી રાધારાણી અને શ્રીકૃષ્ણનો અલૌકિક વનવિવાહ ઉત્સવ મનાવવામાં આવશે. આ ધાર્મિક મહોત્સવને લઈને કચ્છ અને મુંબઈના ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ આયોજનમાં અંદાજે ૩૦૦૦થી વધુ રસિકજનો ઉપસ્થિત રહેવાના છે, જેના માટે મનોરથી પરિવાર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. આ ઉપરાંત વિવિધ રાજકીય, સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ તેમજ સાધુ-સંતો અને મહંતો પણ વિશેષ ઉપસ્થિત રહેશે.

સચ્ચિદાનંદ મંદિરના મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજે જણાવ્યું હતું કે, રાધા મહારાણીની પવિત્ર ભૂમિ એવા બરસાના ધામમાં કથાનું શ્રવણ કરવું એ જીવનનો એક અમૂલ્ય અવસર છે. તમામ રસિકજનોને આ પાવન કથાનો શ્રવણલાભ લેવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અંજારના નવા નગરસેવકોને શહેરી વિકાસ અને સુશાસન અંગે અપાયું માર્ગદર્શન

અંજાર - કચ્છ ઉદય : અંજાર વિકાસ અભિયાન સંસ્થા અને એરિયા વોર્ડ કમિટીના સંયુક્ત ઉપક્રમે અંજાર નગરપાલિકાના નવા ચૂંટાયેલા નગરસેવકો માટે અભિનંદન સમારોહ સાથે માર્ગદર્શક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળાનો મુખ્ય હેતુ શહેરી વિસ્તારોમાં છેવાડાના લોકો સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચે અને નાગરિકોને મૂળભૂત સુવિધાઓથી વંચિત ન રહેવા દેવાનો રહ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની કામગીરી, નગરસેવકોની જવાબદારીઓ તેમજ બંધારણીય જોગવાઈઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. અંજાર વિકાસ અભિયાન સંસ્થાના પ્રેમભાઈ વિરાણીએ સંસ્થાના વિવિધ પ્રકલ્પો અને શહેરી વિકાસ માટેની કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું.સંસ્થાના સિનિયર આર્કિટેક્ટ આદિત્યભાઈ સિંહે આબોહવા પરિવર્તનના પડકારો, વધતું તાપમાન, અસમાનતા અને હાઉસિંગ પ્લાનિંગ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પ્રસ્તુતિ કરી હતી. તેમણે શહેરી આયોજનમાં પર્યાવરણ અને લોકોની જરૂરિયાતોને કેન્દ્રસ્થાને રાખવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

ભાવાસિંહભાઈ ખેરે બંધારણ સુધારા, અર્બન ગવર્નન્સ અને સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના કાર્યક્ષેત્ર અંગે પોતાના અનુભવો રજૂ કર્યા હતા. જ્યારે વોર્ડ કમિટીના સભ્યો અશોકભાઈ જોગી, અરવિંદભાઈ વણકર અને મંજુલાબેન સોલંકીએ નાગરિક પ્રશ્નોના નિરાકરણ અને જનસહભાગિતાના પોતાના અનુભવો વહેંચ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નવા ચૂંટાયેલા નગરસેવકો, સામાજિક આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મીનાક્ષીબેન અને કર્મણભાઈએ કર્યું હતું જ્યારે આભારવિધિ જાગૃતિબેને વ્યક્ત કરી હતી.

# શ્રી અંજાર લોહાણા સ્વયંસેવક મંડળ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે રાહતદરે ત્રણ દિવસ નોટબુક વિતરણ

અંજાર: શ્રી અંજાર લોહાણા મહાજન સંલગ્ન શ્રી અંજાર લોહાણા સ્વયંસેવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજના વિદ્યાર્થીઓ માટે રાહતદરે ત્રણ દિવસ નોટબુક વિતરણ કરવામાં આવ્યું. આજના મોંઘવારીનાં સમયમાં સમાજના લોકોને આર્થિક રીતે મદદરૂપ થઈ શકાય તે ભાવના સાથે શ્રી અંજાર લોહાણા સ્વયંસેવક મંડળના પ્રમુખશ્રી મુકેશભાઈ ભીંડે , ઉપપ્રમુખશ્રી વિરેન્દ્રભાઈ કોડરાણી અને મંત્રીશ્રી હરેશભાઈ દક્ષિણીનાં માર્ગદર્શન હેઠળ રાહત દરે નોટબુક વિતરણનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. આ નોટબુક વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વયંસેવક મંડળના સભ્યો શ્રી દિલીપભાઈ માણેક, દિલીપ



ભાઈ પલણ , સંદીપભાઈ ભીંડે, હસમુખભાઈ ભીંડે, અમિતભાઈ પરબીયા , સાગરભાઈ સોનેતા , રાજેશભાઈ માનસત્તા , વિમલભાઈ ગણાત્રા , વગેરેએ સેવા બજાવી હતી. કાર્યક્રમનાં સફળ આયોજન માટે અંજાર લોહાણા મહાજનનાં પ્રમુખશ્રી પીન્ટુભાઈ ચંદે દ્વારા આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## સ્વામી વિવેકાનંદ આપને દ્વાર




રામકૃષ્ણ મઠ,આદિપુર તરફથી 'સ્વામી વિવેકાનંદ આપને દ્વાર ' એ નામે એક વૈચારિક ક્રાંતિ અભિયાન વિવેકાનંદ રથનાં માધ્યમથી શરૂ કરાયું છે. આ વિવેકાનંદ રથમાં શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ તરફથી પ્રકાશિત પુસ્તકોનો ભંડાર છે જે લોકો સુધી પહોંચાડવાનો છે. ગુજરાતમાં સર્વપ્રથમ ધાણેટી-કચ્છમાં તેનું મંગલાચરણ થઈ ચૂક્યું છે. ઉત્સાહથી ભરપૂર વાતાવરણમાં ગ્રામજનોએ આ રથમાંથી પુસ્તકો ખરીદીને ધન્યતા અનુભવી છે એટલું જ નહીં પણ કેટલાંક લોકોએ તો રાજીખુશીથી વધુ કિંમત ચૂકવીને વિવેકાનંદનાં પુસ્તકોનું મૂલ્ય ઊંચું આંકી દીધું છે. આપણે આ રથને વધુ વિસ્તારોમાં લઈ જવા આયોજન કરી રહયા છીએ. આપનાં ગામ કે શહેરમાં સોસાયટીઓ,રહેણાંક, બજાર, પોળ, શેરીઓ કંપનીઓ, મોલ,હોસ્પિટલ,શૈક્ષણિક સંસ્થાઓ માં આ રથને વધાવી લેવા અને આપની સેવા આપવા તત્પર રહેવા આપને અત્રેથી ખાસ અનુરોધ છે.

# વાગડમાં આકાર પામી રહ્યું છે... વાગડનું 'વનતારા' !

ગાંધીધામ - કચ્છ ઉદય : જામનગરની ધરતીમાં અનંત અંબાણીએ વનતારા ઊભું કર્યું છે. આજ પ્રકારે કંઈક નોખું અનોખું ગૌવંશને સાચવવા વાગડની ધરતીમાં વાગડનું વનતારા, પ્રજા પુરુષાર્થ દ્વારા ૮૦૦ એકરમાં નિર્માણ પામી રહ્યું છે. ભચાઉ તાલુકાના કંથકોટ ગામની સીમમાં તોરણીયા ગામના પાટીયેથી ૮૦૦ એકરમાં સેતરવારની વીડી નામે ઓળખાતી વિશાળ જગ્યા આવેલી છે. આ જગ્યા મુન્દ્રા પાંજરાપોળ એન્ડ ગૌશાળા ટ્રસ્ટની માલિકીની છે. આ જમીન પર વાગડ વિકાસ સંઘ નામની સંસ્થા દ્વારા છેલ્લા ૧૦ મહિનાથી 'શ્રી રામ કૃષ્ણ મહાવીર ગૌશાળા'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ ગૌશાળાની વિશેષતા એ છે કે, આ ગૌશાળામાં કચ્છ - વાગડમાં રસ્તે રઝડતા, રખડતા ગૌવંશ એટલે કે ગાયો, આખલાઓ અને વાછરડાઓને સાચવવામાં આવે છે. બીજી વિશેષતા એ છે કે, અહીં સરકારશ્રીની કોઈપણ જાતની મદદ વિના સબસીડી લીધા વિના અહીં ગૌવંશનું લાલન-પાલન, પરીપોષણ માત્રને માત્ર પ્રજા પુરુષાર્થ દાતાઓના સહયોગ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

વાગડ વિકાસ સંઘના અધ્યક્ષ પ્રખર ગૌભક્ત લક્ષ્મીચંદ ચરલાના સપનાને સાર્થક કરનાર શ્રીરામ કૃષ્ણ મહાવીર ગૌશાળાની વિશાળ ૮૦૦ એકરની ભૂમિ પર ગૌધામનું નિર્માણ થઈ રહ્યું છે. આ ધરતી પર વાગડનું વનતારા કહી શકાય એવું વાગડનું ગૌવંશતારા નિર્માણ પામી રહ્યું છે. એક લાખ ગૌવંશને આ ગૌધામમાં સાચવવાના સંકલ્પ સાથે લક્ષ્મીચંદ ચરલા મુંબઈનું વૈભવી જીવન છોડીને આ ધરતી પર ડેરાતંબુ તાણીને સંકલ્પને સિદ્ધ કરવા દિન-રાત પરસેવો પાડી રહ્યા છે. આ મહાન કાર્યમાં તેમના સાથીદારો તરીકે રામજી ભચુભાઈ કોલી ખંભેથી ખંભો મીલાવી કામ



કરી રહ્યા છે.

વાગડ વિસ્તારના જૈન યુવા અગ્રણી મહેશભાઈ એન. શાહ (સાતુંદા) પૂરેપૂરો સહયોગ કરી રહ્યા છે. મુંબઈ અને કચ્છમાં રહેતા તેમના અન્ય સાથીદારો પણ નાની-મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. હાલમાં ૧૩૦૦ થી વધુ ગૌવંશ એટલે કે ૮૦૦ જેટલા નંદી મહારાજા અને ૫૦૦ જેટલી સંખ્યામાં ગાયો, વાછરડા, વાછરડીઓ અહીં વસવાટ કરે છે. લક્ષ્મીચંદ ચરલા તો જાહેરમાં એમ કહે છે કે, આ પાવન ધરતી પર મારા પૂર્વજોએ સાડા પાંચસો વરસ પહેલા ગૌમાતાનું રક્ષણ કર્યું છે. હું મારા ક્ષત્રિય પૂર્વજોના અધુરા રહેલા એ મહાન કાર્યને આગળ વધારવા અહીં આવ્યો છું અને એક લાખ ગૌવંશને સાચવવાના સંકલ્પને સિદ્ધ કરીને જ રહેવાનો છું અને કદાચ મૃત્યુ પામીશ તો ભૂત બનીને આ મહાન કાર્ય પૂર્ણ કરીશ કેમકે મારું માનવું છે કે, જો ગૌવંશ બચશે તો આ દેશ બચશે.

આ ભૂમિ પર એકલાખ ગૌવંશનું જતન, સંવર્ધન અને સંરક્ષણ થશે ત્યારે સમગ્ર વાગડની ધરતી પર વસવાટ કરી રહેલી છત્રીસે કોમોને જીવનમાં સુખનો સૂર્ય ઉગશે. ગૌમાતાને અને ગૌવંશ દેવતાના લાલન-પાલનથી એક એવી અદભૂત ઉર્જા અહીં ઉત્પન્ન થશે તેના પુણ્ય પ્રભાવે સમગ્ર વાગડની ધરતીમાં દૈવી શક્તિનો તે મુજબ જ નિર્માણ થશે. અહીં હાલમાં બે બોરવેલ બનાવવા છે. બે વિશાળ પાકા વાડા ન્ર્માણ કરવામાં આવ્યા છે. બીજા સાત કાંટાના વાડા બનાવાયા છે. એક વિશાળ જળાશયનું નિર્માણ કામ ચાલુ છે. ૨૫ એકર ભૂમિ સમતળ કરી ત્યાં ગાયો માટે લીલાચારાનું વાવેતર કરવામાં આવશે. આવતા સમયમાં અનેકવિધ સુવિધાઓ અહીં સાકાર થશે.

ઈકો ટુરિઝમની જેમ મારે અહીં 'ગૌ - ટુરિઝમ' નિર્માણ કરવું છે. બાબુભાઈ મેઘજી શાહ, રાપર વિસ્તારના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, કચ્છના લોક નેતા વાસણભાઈ આહિર અને કચ્છના સંસદ સભ્ય વિનોદ ચાવડા યોગ્ય સહયોગ આપી રહ્યા છે. લક્ષ્મીચંદ ચરલા પત્રકારો સાથે વાત કરતા એમ જણાવે છે કે, કચ્છનું સરકારી વહીવટી તંત્ર અમને સહયોગી બનવામાં ઉદાસીનતા બતાવી રહ્યું છે પરંતુ મને આશા છે કે, અહીં નિર્માણ થનારી ગૌભક્તિને જોઈએ એ લોકો મહા સમયાંતરે અમને સહકાર આપશે એવી આશા છે. પ્રચંડ આત્મવિશ્વાસ અને કાર્યનિષ્ઠા જોતા એવું લાગી રહ્યું છે કે, આવતા સમયમાં અહીં વિશ્વનું નમુનારૂ ગૌધામ એટલે કે વાગડનું વનતારા ચોક્કસ ઊભું થશે. દાતાઓનો સહયોગ, પ્રજાકીય પુરુષાર્થ અને રાજકીય લોક નેતાઓ અને સરકારશ્રીનો સહયોગ જો યોગ્ય રીતે મળશે તો આ પવિત્ર ભૂમિ કચ્છની ધરતીનું નજરાણું બની રહેશે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | 3 | | | | | 2 |
| 8 | | 4 | | | | 3 | | 5 |
| | 6 | | 4 | | 9 | | 8 | |
| 1 | | | | 6 | | | | 3 |
| | | | 8 | | 1 | | | |
| 5 | | | | 4 | | | | 9 |
| | 7 | | 6 | | 3 | | 2 | |
| 3 | | 5 | | | | 9 | | 4 |
| 6 | | | | 8 | | | | 7 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 2 | 7 | 8 | 3 | 6 | 1 | 9 |
| 9 | 3 | 1 | 6 | 4 | 2 | 5 | 7 | 8 |
| 6 | 7 | 8 | 5 | 9 | 1 | 4 | 2 | 3 |
| 5 | 2 | 4 | 9 | 1 | 7 | 3 | 8 | 6 |
| 1 | 8 | 3 | 4 | 5 | 6 | 7 | 9 | 2 |
| 7 | 6 | 9 | 2 | 3 | 8 | 1 | 5 | 4 |
| 3 | 1 | 7 | 8 | 2 | 4 | 9 | 6 | 5 |
| 2 | 4 | 5 | 1 | 6 | 9 | 8 | 3 | 7 |
| 8 | 9 | 6 | 3 | 7 | 5 | 2 | 4 | 1 |

# ગાંધીધામમાં શરીર સંતુલન શિબિર યોજાશે

ગાંધીધામ: ગાંધીધામમાં મારવાડી યુવા મંચ તથા એન આર ગુપ્તા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી શરીર સંતુલન શિબિરનું આયોજન કરવામાં આવે છે આ શિબિરમાં શ્રી ધર્મેન્દ્રભાઈ કનોજીયા તેમની આ થેરાપી દ્વારા અનેક સાધ્ય રોગો જેવા કે સાંધાના દુખાવા, વા, સાઈટીકા, કમરની તકલીફ, ડાયાબિટીસ, સ્ત્રી- પુરુષની ગુપ્ત સમસ્યાઓ, બાળકોની તકલીફો, ચામડીના દર્દો, સર્વાઈકલની તકલીફ વગેરે જેવી બીમારીઓ નો કોઈ પણ જાતની દવા વગર માત્ર આસન દ્વારા રોગોમાંથી મુક્તિ મળે છે. આ શિબિર કંડલા ટિમ્બર એસોસિયેશન હોલ પ્લોટ નંબર- ૪૭, સેક્ટર- ૮, ગાંધીધામ ખાતે યોજવામાં આવે છે આ શિબિરમાં ત્રણ દિવસ આવવું જરૂરી છે. સમય ૧૦.૦૦ થી ૪:૩૦ તારીખ : ૨ -૩- ૪ જુન ૨૦૨૬.

# અમદાવાદ ખાતે પશ્ચિમ રેલ્વેની ડીઆરયુસીસી બેઠકમાં કચ્છના વિકાસનો વ્યાપક રોડમેપ ગાંધીધામ ચેમ્બર - સોલ્ટ એસો. દ્વારા પ્રભાવશાળી રજૂઆત

**કચ્છના રેલ્વે વિકાસ માટે ચેમ્બરની દ્રઢ માંગ : માંડવી, ભુજ, ગાંધીધામ અને ભચાઉ માટે મહત્વના નિર્ણયોની આશા બંધાઈ :કચ્છને કેન્દ્રસ્થાને લાવતી રજૂઆત**

ગાંધીધામ : અમદાવાદ પશ્ચિમ રેલ્વે ડિવિઝન ખાતે આજરોજ યોજાયેલી ડીઆરયુસીસી (ડિવિઝનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી) ની મહત્વપૂર્ણ બેઠકમાં કચ્છના રેલ્વે વિકાસ, પ્રવાસન, ઔદ્યોગિક સુવિધાઓ તથા મુસાફરોની સુવિધા સંબંધિત અનેક મહત્વના મુદ્દાઓને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ગુજરાત રિફાઈન્ડ સોલ્ટ મેન્યુફેક્ચરિંગ વેલ્ફેર એસોસીએશન દ્વારા અત્યંત પ્રભાવશાળી રીતે રજુ કરવામાં આવ્યા હતા. બેઠકમાં પશ્ચિમ રેલ્વેના ડીઆરએમ, સીનીયર ડીસીએમ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીધામ ચેમ્બરના પ્રતિનિધિ તરીકે કારોબારી સભ્ય રાકેશકુમાર જૈન તથા ગુજરાત રિફાઈન્ડ સોલ્ટ મેન્યુફેક્ચરિંગ વેલ્ફેર એસોસીએશનના પ્રતિનિધિ અને ચેમ્બરના કારોબારી સભ્ય પારસમલ ન્હાટાએ કચ્છના હિતોને કેન્દ્રમાં રાખી વિસ્તૃત રજૂઆતો કરી હતી.

કચ્છ દેશના મહત્વપૂર્ણ બંદરો, મીઠા ઉધોગ, ખનિજ, લોજિસ્ટિક્સ અને રાષ્ટ્રીય સુરક્ષા દ્રષ્ટિએ અતિ મહત્વપૂર્ણ વિસ્તાર હોવા છતાં રેલ્વે સુવિધાઓના અનેક પ્રશ્નો વર્ષોથી પ્રલંબિત હોવાનું પ્રતિનિધિઓએ સ્પષ્ટપણે જણાવ્યું હતું. કચ્છમાંથી પશ્ચિમ રેલ્વેને આવકના દ્રષ્ટિકોણે ગાંધીધામ રેલ્વે સ્ટેશનનું અગ્રસ્થાન હોવા છતાં અહીં આધુનિક સુવિધાઓનો અભાવ હોવાનું પણ રજૂ કરવામાં આવ્યું હતું.

બેઠક દરમિયાન અમદાવાદના વટવા ખાતે ૧૦૦ લાઈનના કોચિંગ હબ તેમજ ગાંધીધામ ખાતે ૫૦૦ એન્જિન ક્ષમતાવાળું લોકો હબ ઉભું કરવાની યોજનાને લઈ સકારાત્મક ચર્ચા થઈ હતી. ગાંધીધામ ખાતે ૧૫૦ લોકો એન્જિનના મેઈન્ટેનન્સની વ્યવસ્થા અંગે પણ અધિકારીઓએ હકારાત્મક અભિગમ દર્શાવ્યો હતો.ગાંધીધામ ચેમ્બર પ્રમુખ તેજા કાનગડ ના જણાવ્યા અનુસાર, ભુજ રેલ્વે સ્ટેશન ખાતે તાજેતરની ઈનોગરેશન મુલાકાત દરમ્યાન ચાર નંબરના પ્લેટફોર્મ પાસે એન્ટ્રી-એક્ઝીટ પોઈન્ટ ઊભું કરવાની માંગ ઉપર પણ ચર્ચા થઈ હતી. આ ઉપરાંત ઉનાળાની ઋતુ દરમિયાન મજૂરોને લોડિંગ-અનલોડિંગમાં મુશ્કેલી ન પડે તે માટે ચીરી, ગાંધીધામ, સાંતલપુર અને હળવદ જેવા મહત્વપૂર્ણ સ્ટેશનો પર કંડલા પોર્ટની માફક ૧૧ મીટર ઊંચાઈ ધરાવતા ગુડ્ઝ શેડ કવર ઉભા કરવા રજૂઆત કરવામાં આવી હતી. અધિકારીઓએ આ કામગીરીને પ્રાથમિકતા આપવાની ખાતરી આપી હોવાનું જાણવા મળ્યું હતું. તેજા કાનગડે વધુમાં જણાવેલ કે, ચેમ્બર દ્વારા અગાઉ પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજરની ગાંધીધામ ચેમ્બર ભવન ખાતે યોજાયેલી સમીક્ષા-સન્માન બેઠક દરમ્યાન અપાયેલા મેમોરેન્ડમના મુદ્દાઓ આ બેઠકમાં પુનઃ જોરશોરથી રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ-ભુજ વંદે ભારત નમો મેટ્રોબેઉ દિશામાં દોડાવવાની માંગ, ભુજ-સરાઈ રોહિલ્લા તથા ભુજ-બાંદ્રા ટ્રેનોને દૈનિક ધોરણે ચલાવવા, અમદાવાદ-ભુજ મેમુ ટ્રેન શરૂ કરવા, મુંબઈ-ગાંધીધામ વચ્ચે




અઠવાડિયામાં ત્રણ દિવસ તેજસ સુપરફાસ્ટ ટ્રેન દોડાવવા તથા ભુજથી આસામના કામાખ્યા સુધી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવાની માંગોનો સમાવેશ થતો હતો.

માનદ મંત્રી મહેશ તીર્થાણીના જણાવ્યા અનુસાર, પ્રવાસન વિકાસ માટે માંડવીને વિશેષ હાઈલાઈટ કરવામાં આવ્યું હતું. વિશ્વપ્રસિદ્ધ અને કુદરતી સૌંદર્યથી સમૃદ્ધ માંડવી બીચને દેશ-વિદેશના પ્રવાસીઓ માટે વધુ સુલભ બનાવવા સીધી અને સુદ્રઢ રેલ્વે કનેક્ટિવિટી જરૂરી હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે યોગ્ય રેલ્વે સુવિધા ઉપલબ્ધ થાય તો માંડવી ગુજરાતના અગ્રણી ટૂરિઝમ સર્કિટમાં સ્થાન મેળવી શકે છે, જેના કારણે સ્થાનિક રોજગાર, હોટેલ ઉધોગ અને વેપારને વિશાળ પ્રોત્સાહન મળશે.પ્રતિનિધિઓએ યાદ અપાવ્યું હતું કે, ભૂતપૂર્વ રેલ્વે મંત્રીશ્રી દિનેશ ત્રિવેદીના કાર્યકાળ દરમિયાન ગાંધીધામને કોચિંગ ફેક્ટરી આપવાના મુદ્દે પણ રજૂઆત કરવામાં આવી હતી અને હવે કચ્છના વ્યૂહાત્મક મહત્વને ધ્યાનમાં રાખી આ માંગને વેગ આપવા યોગ્ય સમય હોવાનું જણાવ્યું હતું

તે ઉપરાંત, પ્રતિનિધિઓ દ્વારા હાવરા-ગરબા એક્સપ્રેસને જૈનોના પવિત્ર તીર્થ પારસનાથ ખાતે સ્ટોપેજ આપવા, ભચાઉ રેલ્વે સ્ટેશન ખાતે વિવિધ ટ્રેનોના સ્ટોપેજ, કચ્છથી ઉત્તર-પૂર્વ અને દક્ષિણ ભારત તરફ લાંબા અંતરની ટ્રેનો શરૂ કરવા, ગાંધીધામ રેલ્વે સ્ટેશનના ફૂટ ઓવરબ્રિજના તાત્કાલિક રિપેરિંગ, ગાંધીધામ-સામખિયાળી ટ્રેક પર આસ્યુબીના કન્સ્ટ્રક્શન અને હાઇટ ક્લિયરન્સ, ગાંધીધામ-ગોપાલપુરી સ્ટેશન પર ઈ-રીક્ષા અને બેટરી કાર્સની વ્યવસ્થા, ભચાઉ ખાતે ઈન્ડસ્ટ્રીયલ સોલ્ટ અને અન્ય કોમોડિટીઝ માટે આધુનિક ગુડ્ઝ શેડ્સ, ચીરી સ્ટેશન પર થર્ડ સાઈડિંગ, નામો ભારત રેપિડ ટ્રેનમાં રીક્લાઈનર સીટ્સ અને રિઝર્વ કોચ તેમજ ૫ ીવાના શુદ્ધ પાણી અને શેડ જેવી પ્રાથમિક સુવિધાઓને પણ ભારપૂર્વક રજુ કરવામાં આવી હતી.

ગાંધીધામ ચેમ્બર પ્રમુખ તેજા કાનગડ, માનદ મંત્રી મહેશ તીર્થાણી, પ્રતિનિધિ રાકેશકુમાર જૈન તથા પારસમલ ન્હાટાએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, કચ્છ દેશની આર્થિક અને વ્યૂહાત્મક શક્તિ તરીકે સતત આગળ વધી રહ્યો છે ત્યારે રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પણ સમાન ગતિએ વિકાસ જારી છે. પશ્ચિમ રેલ્વેના અધિકારીઓ દ્વારા અનેક મુદ્દાઓ પર સકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો હોવાનું જણાવી તેમણે આશા વ્યક્ત કરી હતી કે, કચ્છના વેપાર, પ્રવાસન અને સામાન્ય જનતાના હિતને સ્પર્શતા આ પ્રશ્નોનો ટૂંક સમયમાં જ વ્યવહારુ ઉકેલ આવશે. તેવું અખબારી યાદીના માધ્યમથી માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવેલ.

## અવસાન નોંધ

**ભુજ** : મારૂ કંસારા સોની નીલેશ સોલંકી (ઉ.વ. ૫૨) તે સ્વ. તારાબેન ચમનલાલ જીવરામ સોલંકીના પુત્ર, નિરુપમાબેનના પતિ, સ્વ. રાજના પિતા, આનંદ અને સ્વ. કમલના ભાઈ, રિમાબેનના દિયર, સ્મિત, ચાર્મિના કાકા, માનસીના કાકાજી સસરા, મનસુખભાઈ મચ્છર ગુણપુરી-કોડાયપુલ)ના જમાઈ, રાજના બનેવી તા. ૨૮-૫-૨૦૨૬ના તુવર (કેરેલા) ખાતે અવસાન પામ્યા છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ભુજ** : વિજયાબેન ભવાનજીભાઈ ઠક્કર (ઉ.વ. ૭૪) તે ભવાનજી મૂલજી ઠક્કર (આરોગ્યવાળા) (નલિયાવાળા)ના પત્ની, સ્વ. પાર્વતીબેન મૂલજી લધાના પુત્રવધૂ, સ્વ. હંસરાજ કાનજી કતિરાના પુત્રી, તેજલ મેહુલ શાહ (લંડન)ના માતા, સ્વ. દમયંતીબેન મંગલદાસ ઠક્કર (નલિયા), સ્વ. શાંતાબેન જમનાદાસ ઠક્કર (નલિયા)ના દેરાણી, સ્વ. મંજુલાબેન વાલજી ઠક્કર (મુંબઇ), અનિલાબેન મૂળરાજ ભગદે (ભુજ), પ્રફુલ્લાબેન જગદીશ ઠક્કર (ભુજ)ના બહેન તા. ૨૯-૫ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૧-૫ના રવિવારે સાંજે ૫થી ૬ નાનજી સુંદરજી સેજપાલ (ભીવંડીવાલા) લોહાણા મહાજનવાડી, પવાણી હોલ ખાતે.

**કેરા (તા. ભુજ)** : લાલજી વેલજી ખોખરાઈ (ઉ.વ. ૯૭) તે સ્વ. વાલબાઈના પતિ, રાધાબેન રામજી વરસાણી, ધનજી, ધનુબેન શિવજી વોરાના પિતા તા. ૨૨-૫-૨૦૨૬ના લંડન ખાતે અવસાન પામ્યા છે. બેસણું તા. ૧-૬-૨૦૨૬ના સોમવારે સવારે ૭થી ૮ ભાઈઓનું સ્વામિનારાયણ મંદિર અને બહેનોનું બાઈઓનું સ્વામિનારાયણ મંદિર, કેરા ખાતે.

**સુમરાસર-શેખ (તા. ભુજ)** : ધના જીવા જેઠા ચાડ (ઉ.વ. ૬૮) તે સ્વ. ગોપાલ જીવા, સવજી જીવા, વાલા જીવાના ભાઈ, પ્રવીણ, વિરમના પિતા, સ્વ. લખણા નારણ, સ્વ. ગોપાલ નારણ, વાલા નારણના કાકાઈ ભાઈ તા. ૨૭-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાન સુમરાસર ખાતે.

**ગોડપર (સરલી) (તા. ભુજ)** : જત ઈસ્માઈલ અલીમામદ (ઉ.વ. ૬૦) તે હમીદ, અબ્દુલ, કાસમ અને જુસબના મોટા ભાઈ, આમદ, જાવેદ, મામદ અને ઈકબાલના પિતા તા. ૩૦-૫ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧-૬ના સોમવારે સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાન છપરીવાસ, ગોડપર (સરલી) ખાતે.

**રામપર - વેકરા (તા. માંડવી)** : વાલબાઈ વેકરિયા (ઉ.વ. ૯૭) તે સ્વ. કાનજી કરસન વેકરિયાના પત્ની, સ્વ. રવજી ગાવિંદ પિંડોરિયા (માંડવી)ના પુત્રી, વીરબાઈ, પ્રેમબાઈ, લાલજીભાઈ, રવજીભાઈ અને રાધાબેનના માતા, રમેશ, જયંતી, કસ્તૂર, સંગીતા, અમરત, જશી, રસીલા અને સ્વ. જગદીશના દાદી, નાથાલાલ, શિવજીભાઈ અને સ્વ. વેલજીભાઈના સાસુ તા. ૨૯-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧-૬ના સોમવારે સવારે ૭થી ૮ ભાઈઓ માટે રામપર લેવા પટેલ સમાજ અને બહેનો માટે નિવાસસ્થાને.

**નાની વિરાણી-ગઢ (તા. માંડવી)** : લહેરી નારાણ ફુલિયા (મહેશ્વરી) (ઉ.વ. ૪૨) તે લખમાબેન નારાણભાઈના પુત્ર, પ્રેમિલાબેનના પતિ, અમરત, ગં.સ્વ. ભાવનાબેન (ગાંધીધામ), રમીલાબેન (મઉં)ના ભાઈ, નેહલ, કોમલના પિતા, સ્વ. મૂરજી, ખમુભાઈ, લક્ષ્મીબેન (કોટડા-રોહા)ના ભત્રીજા, દેસરભાઈ ધુવા (લઠેડી)ના જમાઈ, હેમરાજ, નારાયણભાઈ (પૂર્વ સંગીત શિક્ષક-ગઢશીશા), પ્રેમકુમાર ખાંખલા (માજી સરપંચ-મેરાઉ), મહેશ ખાંખલાના ભાણેજ તા. ૨૬-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા પૂર્ણ થયેલ છે. બેસણું નિવાસસ્થાન નાની વિરાણી (ગઢ) ખાતે.

**મંગરા (તા. મુંદરા)** : પ્રવીણભાઈ ધેડા (ઉ.વ. ૫૫) તે સ્વ. શિવજીભાઈ વેલજીભાઈ ધેડાના પુત્ર, લક્ષ્મણ, ડાયા, મહેશ (જી.ઇ.બી. ગેટકો), ગંગાબેનના ભાઈ, કલ્પેશ, ચંદન, અરૂણા, રીના, દક્ષાના પિતા, સ્વ. રાણાભાઈ આશાભાઈ પાતારિયાના જમાઈ, પ્રેમજી પચાણ ડુંગળિયા (સરપંચ-લુણી)ના સાળા તા. ૨૫-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું (સાદડી) નિવાસસ્થાન મંગરા ખાતે.

**નવીનાળ (તા. મુંદરા)** : જાડેજા વેલુભા જાલુભા (ઉ.વ. ૬૬) તે ખેંગારજી, નટુભાના ભાઈ, પ્રવીણસિંહના પિતા, હિતેન્દ્રસિંહ, રાહુલસિંહ, મહાવીરસિંહ, દીપકસિંહ, પ્રદીપસિંહ, કરણસિંહના કાકા, સિદ્ધરાજસિંહના દાદા તા. ૨૧-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૧-૬-૨૦૨૬ના સોમવારે નવીનાળ ખાતે.

**વિગોડી (તા. નખત્રાણા )**: કાનબાઈ શિવજી લોચા (ઉ.વ. ૮૨) તે સ્વ. શિવજી ચનાના પત્ની, નારાણભાઈ, જેન્તીભાઈ તથા સ્વ. જવેરબેન રામજી (મોરજર), સ્વ. હંસાબેન માવજી વાઘેલા (વિરાણી મોટી)ના માતા, રમેશ, મહેશ, અશ્વિન, નિશાબેન પ્રવિણભાઈ (સુખપર રોહા), કાજલ, રોનક, હિના, વૈશાલીના દાદી, સ્વ. જખુભાઈ અરજણ, વાલજી અરજણ, ગોપાલ અરજણ વાઘેલા (ખિરસરા)ના બહેન તા. ૨૯-૫ના અવસાન પામ્યા છે, સત્સંગ તા. ૩૧-૫ના રાત્રે, પાણીઢોળ તા. ૩-૬ના નિવાસસ્થાન, વિગોડી ખાતે.

## કચ્છ કચ્છનોંધ

**ભુજમાં યોગ સાયકોથેરાપી**

● ઓમ ફાઉન્ડેશન અને મેન્ટલ હેલ્થ સેલ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત યોગ સાયકોથેરાપી માનસિક આરોગ્ય ઓ.પી.ડી. સેવા કેમ્પમાં વિનામુલ્યે માનસિક તણાવ, ચિંતા, દતાશા, વ્યસન અને આત્મહત્યાના નકારાત્મક વિમારોથી પીડિત આર્થિક રીતે નબળા માનસિક દર્દીઓને બિનામુલ્યે દવા સાથે સારવાર મન ઉર્જા ક્લિનિક, પારસ એપાર્ટમેન્ટ, હોસ્પિટલ રોડ, ભુજ ખાતે તા. ૧-૬ના સોમવારે ૧૦:૩૦થી ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે, જેમાં જોડાવા ઈચ્છુક દર્દીઓને મો. નં. ૯૯૨૫૨ ૬૮૦૪૪ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

**ભુજ તાલુકા પ્રા. શિક્ષક ધિરાણ મંડળીના સભાસદો જોગ**

● ભુજ તાલુકા પં. પ્રા. શિક્ષક કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીની આગામી વાર્ષિક સાધારણ સભામાં સરસ્વતી સન્માન કરવાનું આયોજન હોઈ સભાસદોના સંતાનો કે જેમણે વર્ષ ૨૦૨૫ - ૨૬માં ધોરણ ૧૦ અને ૧૨માં ૬૦ % કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેમણે માર્કશીટની નકલ અને પાસપોર્ટ સાઈઝનો ફોટો તા. ૯-૬ સુધીમાં મંડળીના કાર્યાલય રૂમ નબર - ૩ , જય કોમ્પલેક્ષ, નાગર ચકલા, ભુજ ખાતે પહોંચાડવા પ્રમુખ નિલેશ ગોર અને માનદમંત્રી હરિસિંહ જાડેજાની યાદીમાં જણાવાયું છે.

## મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન હાલાપુરના પુષબેન (ભચીમા) મોહનલાલ ખીમજી મારૂ (ઉ.વ. ૭૮) તા. ૨૭-૫ના અવસાન પામ્યા છે. મણીબેન ખીમજી જીવરાજના પુત્રવધૂ, મોહનલાલના પત્ની, પ્રકાશ, હેમંત, જયેશ, શૈલેષના માતા, હાંસબાઈ ખીમજી કુંવરજીના પુત્રી, ઠાકરશી, મુલચંદ, ભારતી, જયશ્રીના બેન, પ્રા. મુનિસુવ્રત જૈન દેરાસર, ૩જે માળે, ટેબીનાકા, થાણા (વે) ૬૦૧, ટા. ૩થી ૪:૩૦, નિ. પ્રકાશ મારૂ ૬૦૨, આશિર્વાદ એ. ચરઈ, જોષીવાડા, થાણા (વે) ૬૦૧.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૫ દિવસીય નિઃશુલ્ક સમર યોગ કેમ્પનો પ્રારંભ

ગાંધીધામ - કચ્છઉદય : ગુજરાત રાજ્યના દરેક જિલ્લા, મહાનગરપાલિકા, તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધી યોગનો વ્યાપ વધારવાના ઉમદા હેતુથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક શિશપાલજીના નેતૃત્વમાં અને સ્ટેટ કો-ઓર્ડિનેટર અનિલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં કુલ ૨૨૫ જગ્યાઓ પર સમર યોગ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બાળકોમાં યોગ, સંસ્કાર, સ્વાસ્થ્ય અને દેશભક્તિ જેવા ગુણોનું સિંચન કરવાના ઉદ્દેશ્ય સાથે તારીખ ૧૬ થી ૩૦ મે સુધી ચાલનારા આ દરેક કેમ્પમાં ૧૦૦ જેટલા બાળકો ભાગ લઈ રહ્યા છે.

આ અભિયાન અંતર્ગત કચ્છ જિલ્લામાં પણ ઝોન કો-ઓર્ડિનેટર વાલજીભાઈ ડાભીના સૂચન તેમજ પશ્ચિમ કચ્છ જિલ્લા કો-ઓર્ડિનેટર વિજયભાઈ શેઠ અને પૂર્વ કચ્છ જિલ્લા કો-ઓર્ડિનેટર પૂજાબેન લાલવાણીના માર્ગદર્શન હેઠળ સાત વિવિધ સ્થળો પર નિઃશુલ્ક સમર યોગ કેમ્પ શરૂ થયા છે. જેમાં પૂર્વ કચ્છના ગાંધીધામ અને અંજાર તાલુકામાં ચાર સ્થળોએ તેમજ પશ્ચિમ કચ્છના ભુજ, મુન્દ્રા અને નખત્રાણા તાલુકામાં ત્રણ સ્થળોએ કેમ્પનો પ્રારંભ થયો છે. પશ્ચિમ કચ્છના નખત્રાણા તાલુકાના અંગીયા ગામે જૈન સમાજ વાડી ખાતે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનું શુભ ઉદ્ઘાટન કરાયું હતું, જેમાં ગામના સરપંચ ગોપાજીભાઈ ગરવા, ઉપસરપંચ ઈકબાલભાઈ ઘાંચી અને જિલ્લા કો-ઓર્ડિનેટર વિજયભાઈ શેઠ સહિતના મહાનુભાવો અને યોગ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મુન્દ્રા તાલુકામાં પુષ્કરના



સમાજ વાડી ઓશવાળ શેરી ખાતે ૧૦૦થી વધુ બાળકો સાથે યોગ કોચ નેહલબેન પંડ્યા અને તેમની ટીમ દ્વારા કેમ્પ શરૂ કરાયો છે. ત્રીજો કેમ્પ ભુજ મધ્યે રેઈન્બો સ્કૂલ રઘુવંશી ચોકડી ખાતે યજ્ઞ સાથે પ્રારંભ થયો હતો, જેમાં યોગ કોચ રીનાબેન ગોર અને વિશાળ ટીમ તેમજ વાલીઓ જોડાયા હતા. આ કેમ્પનો મુખ્ય હેતુ બાળકોમાં શારીરિક તંદુરસ્તી, માનસિક એકાગ્રતા, આત્મવિશ્વાસ અને સકારાત્મક જીવનમૂલ્યોનો વિકાસ કરવાનો છે. ૧૫ દિવસ સુધી ચાલનારા આ કેમ્પ દરમિયાન યોગાભ્યાસની સાથે રમતગમત, યાદશક્તિ વધારતા કાર્યક્રમો, વ્યક્તિત્વ વિકાસ અને પ્રેરણાત્મક પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોને નિયમિત યોગ અને સારા સંસ્કારો અપનાવવાની પ્રેરણા આપી હતી. આ કેમ્પમાં ભાગ લેનાર દરેક બાળકને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તરફથી યોગ અભ્યાસની સચિત્ર પુસ્તક, ચિત્ર પોથી અને સમર કેમ્પના લોગો વાળી ટોપી આપવામાં આવશે તેમજ રોજ સ્વાસ્થ્યવર્ધક પીણું અને વિવિધ દાતાઓ તરફથી ભેટ પણ આપવામાં આવશે.

## રત્નકણિકા

**સંસારમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાનદાન છે...- ઋગ્વેદ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. ૬એ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ સુદ-૧૫, તા.૩૧ મે ૨૦૨૬, રવિવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૧૩, અનુરાધા નક્ષત્ર, સિધ્ધિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૦

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – લાભની તક અટકે, મિલન-મુલાકાતમાં સફળતા રહે.

**વૃષભ** – મહત્વના કાર્યમાં પ્રગત્તિ થાય. મનની ઈચ્છા ફળે.

**મિથુન** – ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.

**કર્ક** – ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.

**સિંહ** – વ્યર્થ ભાગદોડ કરવી પડે. સત્યપ્રવાહમાં ચાલતા હોઈએ તેવું અનુભવાય.

**કન્યા** – નવિન તક સાંપડે. જીવનસાથીના સહકારથી કાર્ય સફળતા મળે.

**તુલા** – જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.

**વૃશ્ચિક** – મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે. માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય.

**ધન** – આવકવૃધ્ધિના નવા માર્ગો ખૂલે. વિરોધીઓથી સાવધ રહેવું.

**મકર** – કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.

**કુંભ** – નવિન લાભની તક સાંપડે. મનની મુંઝવણ દૂર થાય.

**મીન** – ધીરજના ફળ મીઠા મળે. નાણાંભીડમાંથી માર્ગ મળે.

**કચ્છમાં શિક્ષણ જગતમાં નવો અધ્યાય**

# વિષ્ણુ ધર્મ સ્કૂલ સાથે જોડાણ કરીને ફોનિક્સ સાયન્સ એકેડમીનો ભવ્ય પ્રારંભ





**કચ્છના વિદ્યાર્થીઓ માટે હવે ધોરણ ૯ થી ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં શ્રેષ્ઠ શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની એકસાથે તૈયારીની સુવિધા**


ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે શિક્ષણ ક્ષેત્રે કાર્યરત અગ્રણી સંસ્થા ફોનિક્સ એજ્યુકેશન દ્વારા એક નવા અને મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પગલાં તરીકે 'ફોનિક્સ સાયન્સ એકેડમી'નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંસ્થાના સહ-સ્થાપક પાર્થ ત્રિવેદીએ આપેલ વિગતો અનુસાર, છેલ્લા પાંચ વર્ષથી વિદ્યાર્થીઓને જેઈઈ, નીટ અને ગુજકેટ જેવી અત્યંત મહત્વની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન આપી રહેલી આ સંસ્થાએ હવે વિષ્ણુ ધર્મ સ્કૂલ સાથે જોડાણ કરીને પોતાનો વ્યાપ વિસ્તાર્યો છે. આ નવા શૈક્ષણિક સાહસના ઉદ્ઘાટન પ્રસંગે ફોનિક્સ એજ્યુકેશનના કો-ફાઉન્ડર પાર્થ ત્રિવેદીએ ઉપસ્થિત તમામ વાલીઓ, વિદ્યાર્થીઓ અને સ્ટાફગણનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી ત્રિવેદીએ વિગત આપતાં જણાવ્યું હતું કે, 'ફોનિક્સ સાયન્સ એકેડમી' એ કચ્છની સૌપ્રથમ એવી શાળા છે જે સંપૂર્ણપણે ડિજિટલ અને ફુલ્લી એર-કન્ડિશન્ડ સુવિધાથી સજ્જ છે. આ સંસ્થા દ્વારા ધોરણ ૧ થી ૧૨ સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે, જેમાં ખાસ કરીને ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમમાં વિજ્ઞાન પ્રવાહના વર્ગોની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને માત્ર શાળાકીય શિક્ષણ જ નહીં, પરંતુ ભવિષ્યની કારકિર્દી માટે અત્યંત જરૂરી એવી કોમ્પિટિટીવ એક્ઝામ્સ માટે પણ તૈયાર કરવાનો છે.

શૈક્ષણિક શ્રેષ્ઠતાની પોતાની પાંચ વર્ષની સફળ સફરને આગળ ધપાવતા,ફોનિક્સ પરિવાર હવે શાળાકીય શિક્ષણમાં પણ નવી ઊંચાઈઓ સર કરવા માટે કટિબદ્ધ છે. ભુજના કોડકી રોડ પર સ્થિત અક્ષર રેસીડેન્સી જી ખાતે આવેલી આ સંસ્થા અત્યાધુનિક સુવિધાઓ સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કામ કરશે. ઉદ્ઘાટન સમારોહમાં મોટી સંખ્યામાં વાલીઓ અને શિક્ષણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેઓએ સંસ્થાના આ નવીનતમ પ્રયાસને ખૂબ જ સરાહનાની દ્રષ્ટિએ જોયો હતો. વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે અને તેઓ પોતાની ઉજ્જ્વળ કારકિર્દીનું નિર્માણ કરી શકે, તે માટે ફોનિક્સ સાયન્સ એકેડમી સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

આ નવા પ્રારંભ સાથે, કચ્છના વિદ્યાર્થીઓ માટે હવે પોતાના જ શહેરમાં રહીને ઉચ્ચ સ્તરીય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે એક આદર્શ શૈક્ષણિક વાતાવરણ ઉપલબ્ધ થયું છે. જે રીતે ફોનિક્સ એજ્યુકેશન દ્વારા અત્યાર સુધીના વર્ષોમાં શિક્ષણ ક્ષેત્રે વિશ્વાસ અને પરિણામો હાંસલ કરવામાં આવ્યા છે, તે જ પરંપરાને 'ફોનિક્સ સાયન્સ એકેડમી' દ્વારા પણ આગળ વધારવામાં આવશે, જેની નોંધ કચ્છના શિક્ષણ જગતમાં લેવામાં આવી રહી છે.

# ભુજમાં ચોમાસા પૂર્વે વીજ વ્યવસ્થા સુદ્રઢ બનાવવા પીજીવીસીએલની કવાયત

**હીટવેવ વચ્ચે પણ સવારના સમયગાળામાં મેન્ટેનન્સ કામગીરી પૂર્ણ કરવા પર ભાર : શહેરી વિસ્તારમાં જૂના વાયરો બદલીને એમબીસીસી કેબલ નખાશે**




ભુજ - કચ્છઉદય : આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને વીજ પુરવઠો ખોરવાય નહીં તે માટેની વિસ્તૃત તૈયારીમાં વીજ વિભાગ જોતરાઈ ગયું છે. ભુજ ખાતે પીજીવીસીએલના ડિવિઝનલ અધિકારી જે. એમ. કાપડિયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, પીજીવીસીએલ દ્વારા આયોજનબદ્ધ રીતે શહેરના તમામ અર્બન ફીડર્સ અને જ્યોતિગ્રામ યોજનાના ફીડર્સ પર મેન્ટેનન્સની કામગીરીને અગ્રિમતા આપવામાં આવી રહી છે. ચોમાસા પૂર્વેની તૈયારીઓના ભાગરૂપે લાઈન પરના ઝાડની ડાળખીઓ કાપવી, નબળા જંપરને બદલીને નવા નાખવા તેમજ ટ્રાન્સફોર્મરના ફેન્સિંગની આસપાસ જામી ગયેલી ઝાડીઓને દૂર કરવા જેવી કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી રહી છે. જે ફીડર્સમાં મેન્ટેનન્સ બાકી છે તે તમામ કામગીરી ચોમાસાની શરૂઆત પહેલા જ પૂર્ણ કરી દેવાની ખાતરી અધિકારી દ્વારા આપવામાં આવી છે.

વર્તમાન સમયમાં પ્રવર્તમાન હીટવેવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રાહકોને પાવર કટનો સામનો ન કરવો પડે તે માટે ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે.

વધુ પડતા શટડાઉન લેવાને બદલે સવારના સાત વાગ્યાથી અગિયાર વાગ્યાના ગાળા દરમિયાન જ મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે, જેથી વીજ પુરવઠો લાંબો સમય બંધ ન રહે અને ગ્રાહકોને અગવડતા ન પડે. આ કામગીરી માટે આઠ સબ-ડિવિઝન હેઠળ વિભાગીય ટીમો ઉપરાંત લેબોરેટરીની ટીમ પણ કામે લગાડવામાં આવી છે. દરેક ફીડર પર ચારથી પાંચ વિભાગીય ટીમો અને કોન્ટ્રાક્ટરોની ટીમો મળીને સંયુક્ત રીતે કામ કરી રહી છે.

ભુજ શહેરના વીજ માળખાને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પગલું લેતા બેર કન્ડક્ટરની લાઈનોને બદલીને એમબીસીસી કન્ડક્ટર નાખવાની કામગીરી પણ જોરશોરથી ચાલી રહી છે. હાલમાં ભુજ શહેરના બે વિભાગોમાં મળીને કુલ પંદર ફીડર્સ પર આ કામગીરી વારાફરતી કરવામાં આવી રહી છે, જે શહેરની વીજ વ્યવસ્થાને વધુ સલામત અને વિશ્વાસપાત્ર બનાવશે. ઈન્ડસ્ટ્રીયલ અને ખેતીવાડી ફીડર્સને પણ આ પ્રક્રિયામાં આવરી લેવામાં આવ્યા છે, જેથી ચોમાસા દરમિયાન વીજ વિક્ષેપની શક્યતા ન્યૂનતમ રહે તેવો કંપનીનો પ્રયાસ છે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

# નખત્રાણાના દનણા ગામે જમીન વેચાણ દસ્તાવેજની નોંધ નામંજૂર કરતો હુકમ રદ્દ

**કલેકટર દ્વારા પુનઃ વિચારણાનો આદેશ**

ભુજ - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના દનણા ગામની ખેતીની જમીન અંગેના એક કિસ્સામાં કલેકટર કચ્છ દ્વારા મહત્વનો હુકમ કરવામાં આવ્યો છે. દનણા ગામના સર્વે નંબર ૯૮ અને ૨૧૪ વાળી ખેતીની જમીન મૂળ ખાતેદાર શાહ શામજી લખમશીના નામે હતી, જે જમીન ગામના રાણુભા ભોજરાજ સોઢાએ ૨૭ માર્ચ ૨૦૨૫ના રોજ અઘાટ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરી હતી. આ વેચાણની નોંધ ઈ-ધરા શાખામાં દાખલ કરવામાં આવી હતી, પરંતુ દિલીપસિંહ તખુભા સોઢાએ આ જમીન પોતાના વડીલોની માલિકીની હોવાનો અને ગીરો મુકેલી હોવાનો દાવો કરી વાંધો રજૂ કર્યો હતો. તકરાર ઉભી થતા નાયબ કલેકટર નખત્રાણા સમક્ષ સુનાવણી થઈ હતી, જેમાં વાંધેદારની દલીલો અમાન્ય ઠેરવવા છતાં વેચાણ નોંધ નામંજૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમ સામે ખરીદનાર રાણુભા સોઢાએ તેમના વકીલ મારફતે કલેકટરશ્રી કચ્છ સમક્ષ અપીલ દાખલ કરી હતી. અપીલમાં રજૂઆત કરવામાં આવી હતી કે વાંધેદાર પાસે પોતાના દાવાના સમર્થનમાં કોઈ પુરાવા નથી, જૂના રેવન્યુ રેકર્ડમાં ગીરોની કોઈ નોંધ નથી અને છેલ્લા પ્રમોલગેશન મુજબ જમીન વેચનારના નામે જ બોલે છે. વધુમાં, વેચાણ દસ્તાવેજ દિવાની અદાલત દ્વારા પણ રદ કરવામાં આવ્યો નથી.આ રજૂઆતોને ધ્યાને લઈ કલેકટરે વેચનાર તથા ખરીદનારની તમામ દલીલો માન્ય રાખી હતી અને નાયબ કલેકટરનો હુકમ રદ કરીને આ મામલે પુનઃસુનાવણી કરી યોગ્ય કાર્યવાહી કરવાનો આદેશ કર્યો છે. સમગ્ર પ્રક્રિયામાં ખરીદનાર અને વેચનાર વતી ઠક્કર એસોસિએટ્સના વકીલ મહેન્દ્ર દયારામ ઠક્કર, ચિંતલ મહેન્દ્રભાઈ ઠક્કર તથા કોમલ ચંદ્રેશભાઈ ઠક્કર હાજર રહ્યા હતા.

# અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાર્કિંગ બાબતે મારામારી

અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત તા. ૩૦/૦૪/૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે પાર્કિંગ બાબતે થયેલ તકરાર ઉગ્ર બનતા મારામારીની ઘટના બની હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપીઓએ ફરિયાદી સાથે ગાડીના પાર્કિંગ બાબતે ઝઘડો કરી તેમને માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ દરમિયાન આરોપીઓએ ફરિયાદીના ભાઈ મિતેશને પણ ઘૂંટણના ભાગે મુંઢ ઈજાઓ પહોંચાડી હતી અને હાથના ભાગે સાત ટાંકા આવે તેવી ગંભીર ઈજા કરી હતી. આરોપીઓ આટલેથી જ ન અટકતા, તેમણે ત્યાં કામ કરતા આશારામ જાટવાને માર મારી ઈજા પહોંચાડી હતી અને ફરિયાદીના પિતાને પણ પીઠના ભાગે મુંઢ ઈજાઓ કરી હતી. આ હુમલાખોરોએ ફરિયાદીના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને મા-બહેન સમે ગાળો બોલી અપમાનિત કર્યા હતા. આરોપીઓએ એકબીજા સાથે મળીને ગેરકાયદેસર મંડળી રચી જાહેરનામાનો ભંગ કરીને આ કૃત્ય આચર્યું હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર મામલે અંજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે, જેની તપાસ સી.એમ. ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ પોલીસ હેડ કોન્સ્ટેબલ સમીતભાઈ ભરતભાઈ ડાભી દ્વારા ચલાવવામાં આવી રહી છે.

# કચ્છી લેવા પટેલ નર્સિંગ કોલેજનું ગૌરવ



ભુજ - કચ્છઉદય : કચ્છી લેવા પટેલ નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેક્ટિસની વિદ્યાર્થીની ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૫માં લેવામાં આવેલી જીએનએમપરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

કચ્છી લેવા પટેલ નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેક્ટિસ, ભુજની વિદ્યાર્થીની કુમારી ઉર્વશી રામજીભાઈ કેરાઈએ વધુ એક શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામ મુજબ કુમારી ઉર્વશી રામજીભાઈ કેરાઈએ જીએનએમ બીજા વર્ષમાં ચાઈલ્ડ હેલ્થ નર્સિંગ વિષયમાં બાહ્ય પરીક્ષામાં ૭૫માંથી ૬૬ ગુણ મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ તેમને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા "મંદાકિની વિઠ્ઠલરાવ મુળે" પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. સિધ્ધિ બદલ કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા અને એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ ગોરસીયા શુભેચ્છા પાઠવતા ઉમેરેલ કે આ સિધ્ધિ વિદ્યાર્થીઓની સઘન મહેનત, શિસ્ત, અનુસાશન અને પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. કચ્છી લેવા પટેલ ટ્રસ્ટના ત્રણેય પાંખના કારોબારી સભ્યો સંસ્થાના પ્રિન્સિપાલ પુનીત જૈન, તમામ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓના વાલીઓએ વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન આપેલ તથા તેમના ઉજ્જ્વલ ભવિષ્ય માટે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવેલ હતી. સિદ્ધિ સંસ્થામાં આપવામાં આવતી ગુણવત્તાસભર નર્સિંગ શિક્ષણ અને વિદ્યાર્થીઓની સતત મહેનતનું પ્રતિબિંબ છે.

# ભચાઉમાં બેદરકારીપૂર્વક કન્ટેનર હંકારી અકસ્માત સર્જનાર ચાલક સામે ગુનો દાખલ

ગાંધીધામ :ભચાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અકસ્માતની ઘટના સામે આવી છે. ભચાઉ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, તા. ૩૦/૦૫/૨૦૨૬ના રોજ સવારના અંદાજે ૦૭:૩૦ વાગ્યાના અરસામાં આ અકસ્માત સર્જાયો હતો.ઘટના ભચાઉ પોલીસ સ્ટેશનથી દક્ષિણ દિશામાં આશરે ૦૨ કિમી દૂર, સામખીયારી-ભચાઉ નેશનલ હાઈવે પર આવેલ ફાઈવેના પાર્કિંગમાં, ગુરુ કૃપા હોટલ પાસે બની હતી. આ કામના આરોપી રાજેન્દ્રસીંગ હીરાલાલ ગણાવા (ઉ.વ.૪૫, વ્યવસાયઃ ડ્રાઈવિંગ)એ પોતાના કબજાનું કન્ટેનર (રજી. નં. જીજે ૧૨ બીવી ૪૭૬૦) પૂરઝડપે અને બેદરકારીભરી રીતે રિવર્સમાં ચલાવી, ફરીયાદીની ગાડી (રજી. નં. જીજે ૦૬ બીવાય ૩૨૯૧)ના આગળના ભાગે અથડાવી હતી. આ અકસ્માતને કારણે ફરીયાદીની ગાડીને નુકસાન પહોંચ્યું હતું.આ અંગે ભચાઉ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧, ૩૨૪(૪) તથા એમ.વી. એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સદર બનાવની તપાસ હાલ પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહી છે. તપાસની કાર્યવાહી યુ.એચ.સી. સંજયભાઈ નાનાભાઈ પરમાર અને યુ.એચ.સી. ભરતભાઈ કાનગડ દ્વારા કરવામાં આવી રહી છે.

# ભુજમાં ભારત સેવક સમાજ દ્વારા પંડિત જવાહરલાલ નેહરૂને શ્રદ્ધાંજલિ અપાઈ



ભુજ - કચ્છઉદય : ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુની પુણ્યતિથિ નિમિત્તે ભારત સેવક સમાજ દ્વારા વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સંસ્થાની કચ્છ જિલ્લા શાખા દ્વારા ભુજ રેલવે સ્ટેશન નજીક આવેલા કોલીવાસ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ભારત સેવક સમાજના કાર્યકારી પ્રમુખ અબ્દુલગફુર શેખ, સામાજિક કાર્યકર પ્રબોધભાઈ મુનવર અને રાજુ જોશીએ સ્વર્ગસ્થ નેહરુને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ અવસરે કોલીવાસના બાળકોને પ્રસાદી રૂપે બુંદીના લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન અન્ય અગ્રણીઓને પણ સ્મરણાંજલિ આપવામાં આવી હતી. જેમાં કચ્છના જાણીતા નેતા, ભુજના પૂર્વ નગરપાલિકા પ્રમુખ, પૂર્વ ધારાસભ્ય તેમજ કચ્છા પૂર્વ લોકસભા અને રાજ્યસભા સાંસદ સ્વ. ડો. મહિપતરાય મહેતાની પુણ્યતિથિ નિમિત્તે તેમને ભાવપૂર્વક યાદ કરવામાં આવ્યા હતા. સાથે જ, પૂર્વ સાંસદ સ્વ. અનંતરાય દવેની જન્મજયંતિ નિમિત્તે તેમને પણ શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત કચ્છના બન્ની વિસ્તારના શિક્ષણવિદ મરહૂમ મીરખાન મુતવાનીની ૮મી માસિક પુણ્યતિથિ તેમજ કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવા દળના પૂર્વ પ્રમુખ સ્વ. પ્રેમજી નાથાલાલ ગોહિલના અવસાન બદલ દુઃખની લાગણી વ્યક્ત કરી તેમને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# કચ્છના ખેડૂતોને પીએમ કિસાન યોજનાનો લાભ અકબંધ રાખવા 30 જૂન સુધીમાં ઈ-કેવાયસી પૂર્ણ કરવું અનિવાર્ય

**કચ્છના તમામ ૧,૫૯,૦૦૦ લાભાર્થી ખેડૂતોએ આગામી હપ્તાની ચુકવણી અગાઉ બાયોમેટ્રિક કે ફેસ ઓથેન્ટિકેશન દ્વારા પ્રક્રિયા પૂર્ણ કરી લેવા કૃષિ વિભાગની તાકીદ**

ભૂજ - કચ્છઉદય : કચ્છના વિશાળ ભૌગોલિક વિસ્તારમાં પથરાયેલા અને ખેતી સાથે જોડાયેલા તમામ ખેડૂત ભાઈઓ માટે એક અત્યંત મહત્વના સમાચાર સામે આવ્યા છે. ભારત સરકારની મહત્વકાંક્ષી પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મેળવતા કચ્છના તમામ લાભાર્થીઓ માટે વાર્ષિક ઈ-કેવાયસી પ્રક્રિયા હવે ફરજિયાત કરી દેવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ હપ્તાનું વિતરણ અગાઉ આ પ્રક્રિયા પૂર્ણ કરવી અનિવાર્ય છે. કચ્છ જિલ્લાના ખેડૂતોને યોજનાના નાણાકીય લાભોમાં કોઈ પણ પ્રકારનો અવરોધ ન આવે તે માટે આગામી ૩૦ જૂન સુધીમાં આ કામગીરી પૂર્ણ કરી લેવી હિતાવહ છે.

આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ યોજનાની પારદર્શિતા વધારવા અને સાચા લાભાર્થીઓને સમયસર સહાય પહોંચાડવાનો છે. કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં વસતા ખેડૂતો માટે સરકારે ત્રણ સરળ વિકલ્પો ઉપલબ્ધ કરાવ્યા છે. પ્રથમ વિકલ્પ મુજબ, ગ્રામ્ય કક્ષાએ કાર્યરત ગ્રામસેવક અથવા વિલેજ નોડલ ઓફિસર પાસે જઈને પીએમ કિસાન મોબાઈલ એપના માધ્યમથી ફેસ ઓથેન્ટિકેશન દ્વારા ઈ-કેવાયસી કરાવી શકાય છે. બીજો વિકલ્પ એ છે કે ખેડૂતો નજીકના કોમન સર્વિસ સેન્ટર એટલે કે ઈ-ગ્રામ કેન્દ્ર પર જઈને પોતાના બાયોમેટ્રિક દ્વારા વિગતો અપડેટ કરાવી શકે છે. ત્રીજો અને સૌથી સરળ વિકલ્પ એ છે કે લાભાર્થી ખેડૂત પોતે જ પીએમ કિસાન મોબાઈલ એપ પોતાના ફોનમાં ડાઉનલોડ કરીને, લોગિન વિભાગમાં જઈને 'બેનિફિશિયરી' ઓપ્શન પસંદ કરીને ફેસ ઓથેન્ટિકેશન દ્વારા ઘરે બેઠા પણ આ પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે.

આ ઉપરાંત, ભારત સરકારના મહત્વના એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ફાર્મર રજીસ્ટ્રી એટલે કે ખેડૂત નોંધણીની કામગીરી પણ અત્યારે પૂરજોશમાં ચાલી રહી છે. કચ્છ જિલ્લાના ખેડૂતોએ પણ આ નોંધણી પ્રક્રિયામાં ઉત્સાહપૂર્વક જોડાઈને પોતાની વિગતો નોંધાવી દેવી જોઈએ. ખેડૂત નોંધણીની પ્રક્રિયા ખેડૂત પોતે સેલ્ફ મોડમાં અથવા નજીકના કોમન સર્વિસ સેન્ટર ખાતે જઈને સરળતાથી કરાવી શકે છે. કચ્છના કૃષિ વિભાગ દ્વારા તમામ ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ છેલ્લી ઘડીની રાહ જોયા વગર નિર્ધારિત સમય મર્યાદા એટલે કે ૩૦ જૂન પહેલા આ કામગીરી પૂર્ણ કરી લે. જો કોઈ લાભાર્થી આ પ્રક્રિયામાં બાકી રહી જશે, તો તેમને આગામી સમયમાં યોજનાના હપ્તા મેળવવામાં મુશ્કેલી પડી શકે છે.

# ગાંધીધામમાં પરિણીતા પર હુમલો અને જાનથી મારી નાખવાની ધમકીઃ આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ

ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, જેનો રજીસ્ટર નંબર ૧૧૯૯૩૦૦૭૨૬૦૭૧૭/૨૦૨૬ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ ઘટના તા. ૨૬/૦૫/૨૦૨૬ ના રોજ રાત્રિના ૨૩:૩૦ વાગ્યે પોલીસ સ્ટેશનથી દક્ષિણ દિશામાં ૩ કિ.મી. દૂર આવેલ સપનાનગર, પ્લોટ નં. સી/૮૨ ખાતે બની હતી. આ અંગેની ફરિયાદ તા. ૩૦/૦૫/૨૦૨૬ ના રોજ સવારે ૦૮:૨૦ વાગ્યે નોંધવામાં આવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદી નિતાબેન કિશનભાઈ મોપમ (ઉ.વ. ૩૩, રહે. સપનાનગર, પ્લોટ નં. સી/૮૨, ગાંધીધામ) જ્યારે પોતાના ઘરે ચૂલા ઉપર રસોઈ બનાવી રહ્યા હતા, ત્યારે આરોપી કિશનભાઈ પનજીભાઈ મોપમ (રહે. સપનાનગર, પ્લોટ નં. સી/૮૨) એ ફરિયાદીને અસભ્ય ગાળો આપી હતી. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને બે-ત્રણ થપ્પડ મારી હતી અને ધક્કો મારતા ફરિયાદી કબાટ સાથે અથડાતા તેમની જમણી આંખ ઉપર સામાન્ય ઈજા પહોંચી હતી. વધુમાં, આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલ આ કેસની તપાસ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. હેમરાજભાઈ એસ. સોનવણે અને પોલીસ હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ બી. વાઘેલા દ્વારા કરવામાં આવી રહી છે.

# મોરજરમાં રામકથા પ્રસંગે અખિલ કચ્છ કચ્છી વાળંદ સેન મહારાજ મંદિર ટ્રસ્ટના પ્રમુખનું કરાયું સન્માન

નખત્રાણા - કચ્છઉદય : મોરજર ગામે સંત પૂંજલદાદા મંદિર ધ્વજારોહણ મહોત્સવ અંતર્ગત આયોજિત પવિત્ર શ્રી રામકથામાં ધાર્મિક અને ભક્તિમય માહોલ વચ્ચે નખત્રાણા તાલુકા બક્ષીપંચ મોરચાના પ્રમુખ તેમજ અખિલ કચ્છ કચ્છી વાળંદ સેન મહારાજ મંદિર ટ્રસ્ટના પ્રમુખ મુકેશભાઈ રાણવાનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તજનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વાતાવરણ ભક્તિરસથી ઓતપ્રોત બની ગયું હતું. આયોજકો દ્વારા મહેમાનોનું આત્મિય સ્વાગત કરવામાં આવ્યું હતું અને ધાર્મિક એકતા તથા સંસ્કૃતિના મૂલ્યોને ઉજાગર કરતો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

## ભુજમાં ત્રણ વર્ષ પહેલા થયેલી હત્યાના કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

ભુજ - કચ્છઉદય : ભુજના ભીડનાકા બહાર ત્રણ વર્ષ અગાઉ નોંધાયેલા હત્યાના કેસમાં સેશન્સ કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો હુકમ કર્યો છે. ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ, આરોપી લગ્નમાં વગર આમંત્રણે આવ્યો હતો અને તેની પાસે રહેલી છરી વડે ફરિયાદી તથા મરણ જનારને ઈજાઓ પહોંચાડી હતી, જેમાં અન્ય ઈજા પામનારનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટના અંગે આરોપી અબ્દુલ્લા આદમની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદી પક્ષે કુલ ૨૧ સાક્ષીઓ જેમાં ત્રણ નજરે જોનાર અને એક ઈજા પામનારનો પુરાવો રજૂ કર્યો હતો તેમજ ૪૩ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કર્યા હતા. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ અદાલતે સમગ્ર કેસના પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ મુક્ત કરવાનો ચુકાદો આપ્યો છે. આ કેસમાં આરોપી વતી વકીલ એમ. એ. ખોજા, એસ. જી. માંજોઠી, કે. આઈ. સમા, વી. કે. સાંધ, ડી. સી. ઠક્કર તથા ગૌતમ મહેશ્વરીએ દલીલો કરી હતી.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૦૬ વર્ષ ૨૦૨૬-૨૭ તારીખ : ૦૫.૦૬.૨૦૨૬**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | ઈએમડી પડતર (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ-એડીઆઈ-૫૮-૨૦૨૬-૨૭ | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર)-અમદાવાદના અધિકારક્ષેત્રમાં વિવિધ સ્ટેશનો અને કોલોનીઓ ખાતે (બે વર્ષો માટે) અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ અને મેનહોલ્સની સફાઈ કરવાનું કામ. | ૨૬,૮૨,૮૮૩.૪૮ | ૫૩,૭૦૦.૦૦ |
| ૦૨ | ડીઆરએમ-એડીઆઈ-૫૯-૨૦૨૬-૨૭ | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ પાલનપુર, ઊંઝા, મહેસાણા અને પાટણ અમૃત સ્ટેશન ખાતે દિવ્યાંગજન અને યાત્રીઓ માટેની સગવડોની સુધારણા અને અન્ય આનુષંગિક કામ. (સંયોજિત ટેન્ડર) | ૧૭,૫૧,૧૩,૦૧૧.૯૭ | ૩૫,૦૨,૩૦૦.૦૦ |
| ૦૩ | ડીઆરએમ-એડીઆઈ-૬૦-૨૦૨૬-૨૭ | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર)- અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ (૦૨ વર્ષો માટે) ઓવર હેડ પાણીની ટાંકીઓ અને અન્ડરગ્રાઉન્ડ સમ્પ્સની સફાઈ કરવાનું કામ. | ૫૮,૧૦,૪૮૧.૦૦ | ૧,૧૬,૨૦૦.૦૦ |
| ૦૪ | ડીઆરએમ-એડીઆઈ-૬૧-૨૦૨૬-૨૭ | મહેસાણા-પાલનપુર સેક્શન :- ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ નાના પુલોનું પુનઃબાંધકામ કરવાનું કામ. | ૨૬,૨૧,૦૨,૭૯૫.૦૦ | ૫૨,૪૨,૧૦૦.૦૦ |
| ૦૫ | ડીઆરએમ-એડીઆઈ-૬૨-૨૦૨૬-૨૭ | અમદાવાદ ડિવિઝન :- સિનિ. DEN(S) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ જરૂરી સ્થળો (RUB) ખાતે ચોમાસા દરમિયાન પમ્પીંગ વ્યવસ્થાઓની સુગમતા માટે ૩૨ HP કાદવ ડિઝલ પમ્પ્સ (કીચડ પમ્પમ્સ) અને સેન્સરની જોગવાઈ કરવાનું કામ. (પુનઃઆમંત્રિત) | ૪,૯૯,૭૧,૦૧૩.૦૯ | ૯,૯૯,૪૦૦.૦૦ |
| ૦૬ | ડીઆરએમ-એડીઆઈ-૬૩-૨૦૨૬-૨૭ | ખોડિયાર-મહેસાણા - સિનિ. DEN(S) અમદાવાદના અધિકારક્ષેત્રના નાના પુલોનું પુનઃબાંધકામ કરવાનું કામ. | ૩૮,૫૮,૧૨,૩૧૪.૦૮ | ૭૭,૧૬,૩૦૦.૦૦ |
| ૦૭ | ડીઆરએમ-એડીઆઈ-૬૪-૨૦૨૬-૨૭ | ખોડિયાર-મહેસાણા - સિનિ. DEN(S) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ મુખ્ય પુલોનું પુનઃબાંધકામ/મજબૂતીકરણ કરવાનું કામ. | ૩૭,૫૮,૭૫,૨૬૫.૬૬ | ૨૦,૨૯,૪૦૦.૦૦ |
| ૦૮ | ડીઆરએમ-એડીઆઈ-૬૫-૨૦૨૬-૨૭ | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર-ગાંધીધામ, સિનિ. DEN (NW) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ૨૦૨૬-૨૦૨૭ ના બ્રિજ ઝોન નં. ૨૦B ભુજ (રહિત) - નલિયા (સહિત) માટે રૂ. ૫ લાખ સુધીના તમામ સામાન્ય અને પરચુરણ સમારકામ. (પુનઃઆમંત્રિત) | ૫૩,૮૩,૨૦૨.૮૭ | ૧,૦૭,૭૦૦.૦૦ |
| ૦૯ | ડીઆરએમ-એડીઆઈ-૬૬-૨૦૨૬-૨૭ | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ નવા RPF બેરેક્સનું બાંધકામ, TMC સાઈડિંગ્સનું સુવિધા વ્યવસ્થાપન અને અન્ય આનુષંગિક કામ. (સંયોજિત ટેન્ડર) (પુનઃઆમંત્રિત). | ૪,૪૬,૮૩,૫૬૮.૩૫ | ૮,૯૩,૭૦૦.૦૦ |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ** તા.૨૩-૦૬-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામુંઃ** સિનીયર ડિવિઝનલ એન્જિનીયર (સંકલન)-અમદાવાદ, DRM ઓફીસ, ચામુંડા બ્રિજ પાસે, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ** www.ireps.gov.in ADI-048

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly



**જાહેર નિવિદા-નં.૦૨ સને ૨૦૨૬-૨૦૨૭**

ગુજરાત સરકારશ્રીના રાજ્યપાલ વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ગાંધીધામ વિદ્યુત (મા.અને મ.) પેટા વિભાગ, ગાંધીધામ તરફથી વિજળીકરણને લગતા ૦૧ (એક) કામ કે જેની અંદાજિત રકમ રૂ. ૨૨૪૪૬૨.૪૦ લાખ છે. તેના માટે ઓનલાઈન પ્રસિદ્ધિથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામનું ટેન્ડર https://tender.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા.૦૧/૦૬/૨૦૨૬ થી તા.૦૮/૦૬/૨૦૨૬ સુધી ૧૬.૦૦ કલાક દરમ્યાન અપલોડ/ડાઉનલોડ કરી શકાશે. આ કામની વિગતવાર વિસ્તૃત નિવિદા કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે આ કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. આવેલ ટેન્ડર પૈકી એક કે તમામ ટેન્ડર કોઈપણ કારણો આપ્યા સિવાય રદ કરવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહશે.

**(નામાનિ/કચ્છ/૧૮૨/૨૦૨૬-૨૭)**



**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ, વોટર વેન્ડીંગ મશીનો અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી**

અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ યુનિટ્સ ખાતે કેટરીંગ સેવાઓના કોન્ટ્રાક્ટ, વોટર વેન્ડીંગ મશીનો (WVM) અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ (MPS) ના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|
| CTG-ADI-13-2026 | કેટરીંગ કોન્ટ્રાક્ટ (કેટરીંગ સ્ટોલ) | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૧૨-૦૬-૨૦૨૬ ના ૧૦:૩૦ કલાકે શરૂ થશે. |
| MPS-ADI-14-2026 | MPS કોન્ટ્રાક્ટ (મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ) | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૧૨-૦૬-૨૦૨૬ ના ૧૨:૦૦ કલાકે શરૂ થશે. |
| WVM-ADI-15-2026 | વોટર વેન્ડીંગ મશીનો (WVM) (પરચુરણ-સ્ટેટીક-સેવાઓ) | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૧૨-૦૬-૨૦૨૬ ના ૧૩:૦૦ કલાકે શરૂ થશે. |

**નોંધઃ** પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો ૩૦ મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર ૧૦ મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. ADI-049

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly



**શેડ બનાવનાર માટે ખાસ**

➔ લોખંડ નું શેડ ખોલવાનું છે.

➔ નવું શેડ બનાવવાનું છે.

ઈચ્છુક વ્યક્તિઓ સંપર્ક કરે

Mo.: 90990 79342



**:::: જાહેર નિવિદા ::::**

**રોયલ ટાઉનશીપ પ્લોટસ ની રસીદો ગુમ થવા અંગે**

આથી અમો નીચે સહી કરનાર સર્વે જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારી ફાઈલ રોયલ પ્લોટ્સ એલ એલ પી ગાંધીધામ મધ્યે ચાલતી યોજના નામે રોયલ ટાઉનશીપ પ્લોટસ જેના સભ્ય નંબર-૫૦૯૪ નામે મહેશ કે.વેલાની, સભ્ય નંબર-૫૧૩૯ નામે હર્ષદ કે.વેલાની, સભ્ય નંબર- ૫૦૦૪ નામે સ્વ. કાંતિલાલ ડી.વેલાની વતી તેના વારસદાર પુત્ર હર્ષદ કે.વેલાની, સભ્ય નંબર- ૫૧૬૬ નામે સ્વ. કાંતિલાલ ડી.વેલાની વતી તેના વારસદાર પુત્ર રાજેશ કે.વેલાની, તથા સભ્ય નંબર- ૫૦૫૮ નામે અદિતિ રામચંદ્ર ઘાટવાલ, રહેવાસી તમામ મુંબઈ-મહારાષ્ટ્ર ઉપરોક્ત અમારા સભ્યપદ ની ફાઈલ હપ્તા નં. ૧ થી ૫૭ રસીદો સાથે ગુમ થયેલ છે જેની જાણ અમે કંપની ના આયોજકોને કરેલ છે અને એ સર્વે પહોંચો(રસીદો) આજરોજ તા-૩૧/૦૫/૨૦૨૬ થી સર્વે રસીદો પહોચો જે કંપની એ રદબાતલ કરી અને નવું સ્ટેટમેન્ટ કાઢી આપેલ છે જેથી ઉપર મુજબ ની સર્વે રસીદો હવેથી રદબાતલ ગણાશે અને એ રસીદોની કોઈ પણ પ્રકાર ની કાનૂની અસર રહેશે નહી.જેની સર્વેએ નોધ લેવા વિનંતી.

લી.ટોકન નં- ૫૦૯૪ — મહેશ કે. વેલાની
લી.ટોકન નં- ૫૧૩૯ — હર્ષદ કે. વેલાની
લી.ટોકન નં- ૫૦૦૪ — સ્વ. કાંતિલાલ ડી.વેલાની વતી હર્ષદ કે. વેલાની
લી.ટોકન નં- ૫૧૬૬ — સ્વ. કાંતિલાલ ડી.વેલાની વતી રાજેશ કે. વેલાની
લી.ટોકન નં- ૫૦૫૮ — અદિતિ રામચંદ્ર ઘાટવાલ

# આજે મેગા ફાઇનલઃ ગુજરાત અને બેંગલોર બીજા ટાઇટલ માટે રમશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૨૦૨૬ની ટી૨૦ ક્રિકેટ સિઝનમાં બે મહિનાના રોમાંચ અને ચડાવ-ઉતાર બાદ આખરે બે ટીમ રહી ગઈ છે અને તે બે વચ્ચે રવિવારે ફાઇનલ રમાયા બાદ આઇપીએલને એવી ચેમ્પિયન ટીમ મળશે જે આ સૌથી ધનાઢ્ય અને લોકપ્રિય ટી૨૦ ક્રિકેટ લીગમાં બીજી વાર ચેમ્પિયન બનશે. એક તો રોયલ ચેલેન્જર્સ બેંગલોર છે જે ગયા વર્ષે આ જ મેદાન પર ચેમ્પિયન બન્યું હતું અને બીજી સ્થાનિક ટીમ ગુજરાત ટાઇટન્સ છે જેણે પણ ૨૦૨૨માં આ જ મેદાન પર રાજસ્થાન રોયલ્સને હરાવીને ટાઇટલ જીત્યું હતું. રવિવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૨૦૨૬ની આઇપીએલની ફાઇનલ મેચ રમાશે જે સાંજે ૭.૩૦ કલાકે શરૂ થશે.

એક તરફ રોયલ ચેલેન્જર્સ બેંગલોર છે જે સમગ્ર સિઝનમાં અત્યંત મજબૂત દેખાવ કરીને અહીં સુધી પહોંચી છે તો બીજી તરફ શુભમન ગિલની ગુજરાત ટાઇટન્સની ટીમ છે જેને અહીં સુધી પહોંચવામાં સંઘર્ષ કરવો પડ્યો હતો પરંતુ છેલ્લી કેટલીક મેચમાં તેણે શાનદાર દેખાવ કર્યો છે. તેમાં ય પ્રથમ ક્વોલિફાયરમાં બેંગલોર સામે હાર્યા બાદ તેણે શુક્રવારે બીજી ક્વોલિફાયરમાં રાજસ્થાન રોયલ્સ સામે અદભૂત રમત દાખવી હતી. વૈભવ સૂર્યવંશીના વાવાઝોડાનો સામનો કરીને તેણે રોયલ્સને ૨૧૪ રન તો કરવા દીધા હતા પરંતુ ગિલ અને સુદર્શને જે સ્ટાઇલથી ટારગેટનો સામનો કર્યો તે કોઇ પણ ટીમને ફાઇનલ અગાઉ આત્મવિશ્વાસથી છલકાવી દેનારો હતો.

રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ વર્તમાન સિઝનની સૌથી બેલેન્સ ટીમ છે તેની પાસે વિરાટ કોહલી જેવો અનુભવી બેટર છે જે હંમેશાંની માફક ફિટ અને ફોર્મમાં છે. કોહલી આ સિઝનમાં ૬૦૦ રન કરીને રમી રહ્યો છે. કેપ્ટન રજત પાટીદાર, દેવદત્ત પડિક્કલ, ટિમ ડેવિડ અને કૃણાલ પંડ્યાએ પણ બેટિંગમાં જરૂરી યોગદાન આપ્યું છે.બેંગલોર પાસે બોલિંગમાં પણ વિવિધતા છે. ભુવનેશ્વર કુમાર તેના અનુભવના જોરે ટીમને દરેક મેચમાં સફળતા અપાવી રહ્યો છે. ૨૬ વિકેટ સાથે તે સિઝનમાં રબાડા બાદ બીજા ક્રમે છે. તેના ઉપરાંત રસિક સલામ દાર, જોશ હેઝલવૂડ અને કૃણાલ પંડ્યા પણ સિઝનના સફળ બોલર્સમાં સ્થાન ધરાવે છે.આમ કાગળ પર વર્તમાન ચેમ્પિયન બેંગલોર ૨૦૨૨ના ચેમ્પિયન સામે પ્રચંડ ફેવરિટ છે કારણ કે તેઓ આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી જે નિર્ભય, ઉચ્ચ જોખમી રમત રમી રહ્યા છે. પરંતુ સામે પક્ષે ગુજરાત ટાઇટન્સે પણ એવી જ સફળતા હાંસલ કરેલી છે. તે ઘરઆંગણે રમી રહી છે તદુપરાંત કેગિસો રબાડા (૨૮ વિકેટ), મોહમ્મદ સિરાઝ (૧૮) અને રાશીદ ખાન (૧૯) પણ શાનદાર ફોર્મમાં છે. આ ઉપરાંત જેસન હોલ્ડર તેની બેટિંગ અને બોલિંગથી તો ઉપયોગી છે જ પરંતુ સાથે સાથે તે ઉમદા ફિલ્ડર છે અને તેના થકી પણ તે એકાદ બે વિકેટ લાવી આપે છે.

ગુજરાતની બેટિંગ જોઈએ તો વૈભવ સૂર્યવંશીની ૭૭૬ રન બાદ ગુજરાતના બે બેટર શુભમન ગિલ (૭૨૨) અને સાઈ સુદર્શન (૭૧૦) પણ ખાસ પાછળ નથી. જોઝ બટલર, વોશિંગ્ટન સુંદર અને રાહુલ તેવટિયાએ પણ ટીમને અહીં સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપેલું છે. બંને ટીમની ખાસ બાબત એ રહી છે કે હરીફ ટીમની બોલિંગ રણનીતિ કે પિચની પરિસ્થિતિ તેમના બેટર્સના અભિગમ પર ખાસ અસર કરી શકી નથી.

આઇપીએલની વર્તમાન ટી૨૦ લીગમાં જેટલી વાર ૨૦૦+નો સ્કોર જોવા મળ્યો છે તેટલો અગાઉ એકેય સિઝનમાં જોવા મળ્યો નથી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમની પિચ પર રવિવારે પણ આવી રીતે મોટો સ્કોર થઈ શકે છે અને રોમાંચ એ બાબતનો રહેશે કે બંને ટીમ ૨૦૦+ના ટારગેટને ચેઝ કરવા માટે સમર્થ છે.




**આઇપીએલઃ આક્રમક રોયલ ચેલેન્જર્સ અને ફોર્મમાં આવી ગયેલી ટાઇટન્સ વચ્ચે મુકાબલો, સાંજે ૭.૩૦થી પ્રારંભ**

## આઈપીએલ ફાઇનલમાં વિરાટ કોહલીનું પ્રદર્શન છે ચોંકાવનારું, આંકડા વધારશે ચાહકોની ચિંતા !

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : આઈપીએલ ૨૦૨૬ની ફાઇનલ મેચમાં કિંગ અને પ્રિન્સ સામસામે આવાના છે. આ બંને વચ્ચે જંગ જોવા મળશે. એક તરફ ગુજરાત ટાઇટન્સ છે, અને બીજી તરફ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર છે, જે ક્વોલિફાયર ૧ માં ગુજરાતને હરાવીને ફાઇનલમાં પહોંચી છે. પરંતુ આઈપીએલ ચેમ્પિયનનો તાજ કોને પહેરાવવો તે નક્કી કરવાનું પ્રિન્સ અને કિંગ પર નિર્ભર રહેશે. વિરાટ કોહલી અને શુભમન ગિલ બંને આ સિઝનમાં સારા ફોર્મમાં છે. ઓરેન્જ કેપ યાદીમાં ગિલ બીજા ક્રમે છે જ્યારે વિરાટ કોહલી છઠ્ઠા ક્રમે છે.

આઈપીએલ ફાઇનલમાં ગુજરાત ટાઇટન્સનો દબદબો લાગે છે કારણ કે વિરાટનું બેટ અત્યાર સુધી શાંત રહ્યું છે. આરસીબી અને તેના ચાહકો માટે આ એક મોટી ચિંતાનો વિષય છે. વિરાટ કોહલી અત્યાર સુધી ચાર આઈપીએલ ફાઇનલમાં રમ્યો છે અને તેણે ફક્ત એક જ અડધી સદી મારી છે. ચાર મેચમાં વિરાટે ૩૪.૭૫ની સરેરાશ અને ૧૨૬.૩૬ના સ્ટ્રાઇક રેટથી ૧૩૯ રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર ૫૪ છે. આ ઈનિંગ ૨૦૧૬માં સનરાઇઝર્સ હૈદરાબાદ સામે રમાઈ હતી.

આઈપીએલ ૨૦૨૬માં, વિરાટે ૧૫ મેચમાં ૫૦.૦૦ની સરેરાશ અને ૧૬૪.૩૮ના સ્ટ્રાઇક રેટથી ૬૦૦ રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન, તેણે ચાર અડધી સદી અને એક સદી મારી છે. તેનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર ૧૦૫ છે. છેલ્લા ચાર સિઝનમાં વિરાટનો સાતત્ય સાબિત કરે છે કે તે ફક્ત આ લીગમાં જ નહીં પરંતુ આ ફોર્મેટમાં પણ શ્રેષ્ઠ ખેલાડી છે. તેણે છેલ્લા ચાર સિઝનમાં દરેકમાં ૬૦૦થી વધુ રન બનાવ્યા છે. જેના કારણે તે આવું કરનાર પ્રથમ ખેલાડી બન્યો છે. ફાઇનલમાં પહોંચવામાં ઈઝમ્ની સફળતામાં વિરાટની બેટિંગ મુખ્ય પરિબળ રહી છે.



વિરાટ કોહલી એક ભારતીય ટોપ-ઓર્ડર બેટ્સમેન છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઇતિહાસમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓમાંનો એક છે. તેણે પોતાની કારકિર્દીમાં ૮૫ આંતરરાષ્ટ્રીય સદીઓ નોંધાવી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગમાં, કોહલી ૨૦૦૮માં ટુર્નામેન્ટની શરૂઆતની સીઝનથી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. તે ૨૬૭ મેચોમાં ૮૬૬૧ રન બનાવ્યા છે. તે એક જ સીઝનમાં સૌથી વધુ રન (૨૦૧૬ માં ૯૭૩ રન) અને આઈપીએલમાં સૌથી વધુ કારકિર્દી સદી (૮) નો સત્તાવાર ટુર્નામેન્ટ રેકોર્ડ ધરાવે છે. ૨૦૨૫ની મેગા ઓક્શન પહેલા આરસીબીએ કોહલીને ૨૧ કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો.

## ઓરેન્જ કેપની રેસમાં વૈભવને કોણ પછાડી શકે ? પર્પલ કેપ માટે રબાડા સામે ક્યા ભારતીયની ચેલેન્જ ?

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : રવિવારે સાંજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈપીએલ ૨૦૨૬નો ખિતાબી મુકાબલો રમાશે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે આ મુકાબલો રમાશે. આઈપીએલમાં અત્યાર સુધીમાં ત્રણ બેટ્સમેનો ૭૦૦થી વધુ રન બનાવી ચુક્યા છે અને ઓરેન્જ કેપના દાવેદાર છે. હાલ વૈભવ સૂર્યવંશી પાસે ઓરેન્જ કેપ છે. જ્યારે પર્પલ કેપ ગુજરાત ટાઈટન્સના રબાડા પાસે છે.

આઈપીએલ ૨૦૨૬માં ઓરેન્જ કેપ હોલ્ડર વૈભવ સૂર્યવંશીએ ૧૬ મેચમાં ૭૭૬ રન બનાવ્યા હતા. તેણે ૨૩૭.૩૦ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૭૨ છગ્ગા અને ૬૩ ચોગ્ગા માર્યા છે. ઉપરાંત ૧ સદી અને ૫ અડધી સદી ફટકારી છે. આઈપીએલમાં સૌથી વધુ રન બનાવવા મુદ્દે બીજા ક્રમે ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન શુભમન ગિલ છે. તેણે ૧૫ મેચમાં ૧૬૭.૭૧ના સ્ટ્રાઈક રેટથી ૭૨૨ રન બનાવ્યા છે. ગિલે ૩૩ છગ્ગા અને ૭૨ ચોગ્ગા માર્યા છે. આ ઉપરાંત ૧ સદી અને ૬ અડધી સદી મારી છે. ત્રીજા ક્રમે સાઈ સુદર્શન છે. તેણે ૧૬ મેચમાં ૧૫૯.૫૫ના સ્ટ્રાઈક રેટથી ૭૧૦ રન બનાવ્યા છે. સુદર્શને ૩૦ સિક્સ અને ૭૩ ફોર મારી છે. તેણે ૧ સદી અને ૮ સદી ફટકારી છે. ગુજરાત સામે હાર બાદ રાજસ્થાન રોયલ્સ આઈપીએલ ફાઈનલમાંથી ફેંકાઈ ગયું છે. જેથી ગિલ અને સુદર્શન બંને પાસે મોટો સ્કોર બનાવીને ઓરેન્જ કેપ હોલ્ડર બનવાનો મોકો રહેશે.




આઈપીએલમાં પર્પલ કેપ ગુજરાત ટાઈટન્સના રબાડા પાસે છે. તેણે ૧૬ મેચમાં ૨૮ વિકેટ ઝડપી છે. ૯.૪૩ની ઈકોનોમીથી તેણે આ વિકેટ લીધી છે. તેનું સવર્શ્રેષ્ઠ પ્રદર્શન ૨૫ રનમાં ૩ વિકેટ છે. બીજા ક્રમે રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુનો ભુવનેશ્વર કુમાર છે. તેણે ૧૫ મેચમાં ૨૬ વિકેટ ઝડપી છે. તેણે ૮ ની ઈકોનોમીથી આ વિકેટ ઝડપી છે. ગુજરાત અને બેંગ્લૂરુ બંને ફાઈનલમાં ટકરાશે. તેથી આ બંને વચ્ચે પર્પલ કેપ હોલ્ડર બનવાનો મોકો રહેશે.

## રાજસ્થાનની ટીમ છોડી દેવાની યશસ્વીને સલાહ કોણે શા માટે આપી? કઈ ટીમમાં જતા રહેવા સૂચવ્યું?

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ક્રિકેટર અંબાતી રાયુડુએ ઓપનર યશસ્વી જયસ્વાલને રાજસ્થાન રૉયલ્સની ટીમ છોડી દેવાની સલાહ આપી છે. રાયુડુનું માનવું છે કે સાથી ઓપનર વૈભવ સૂર્યવંશીની સ્ફોટક બૅટિંગને કારણે યશસ્વીની ચમક અને પ્રતિભા દબાઈ રહી છે. રાયુડુએ યશસ્વીને રાજસ્થાન કરતાં વધુ સારી ટીમને અપનાવી લેવાની સલાહ પણ આપી છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને છ વખત આઈપીએલ ટાઇટલ જીતી ચૂકેલા રાયુડુનું કહેવું છે કે યશસ્વીએ રાજસ્થાનનું ફ્રેન્ચાઇઝી છોડીને અન્ય કોઈ ટીમ સાથે જોડાઈ જવા વિચારવું જોઈએ, કારણકે યશસ્વીને વૈભવની ખ્યાતિ નડી રહી છે. હૈદરાબાદ સામેની એલિમિનેટરમાં વૈભવે માત્ર ૨૮ બૉલમાં ૯૭ રન અને શુક્રવારે ગુજરાત સામેની ક્વૉલિફાયર-ટૂમાં ૪૭ બૉલમાં ૯૬ રન બનાવ્યા હતા. વૈભવે હૈદરાબાદ સામેની ઈનિંગ્સમાં બાર સિક્સર અને પાંચ ફોર તથા ગુજરાત સામે સાત સિક્સર અને આઠ ફોર ફટકારી હતી. આ જ બે મૅચમાં યશસ્વી સારું નહોતો રમી શક્યો.




હૈદરાબાદ સામે યશસ્વીની ૧૨૫ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી, પણ ખુદ યશસ્વી ૨૯ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. શુક્રવારે ગુજરાત સામે યશસ્વી ફક્ત એક રન પર વિકેટ ગુમાવી બેઠો હતો. ખાસ કરીને હૈદરાબાદ સામેની મૅચમાં વૈભવ સામે યશસ્વી ફિક્કો લાગ્યો હતો. પહેલી છ ઓવર (પાવરપ્લે) માં યશસ્વીએ ૧૬ બૉલમાં ૧૯ રન બનાવ્યા હતા, જ્યારે સામા છેડે વૈભવે ૨૦ બૉલમાં ૬૦ રન ઝૂડી કાઢ્યા હતા. જોકે ઓપનિંગ જોડીમાંથી એક ખેલાડી સમજદારીપૂર્વક ધીમું રમે અને બીજો આક્રમક મિજાજમાં રમીને રનમશીન ઝડપી રાખે એવી ટીમની વ્યૂહરચના પણ હોઈ શકે.

આ વખતની આઈપીએલમાં યશસ્વીએ ૧૬ ઈનિંગ્સમાં ૧૫૨.૫૦ના સ્ટ્રાઇક-રેટ (દર ૧૦૦ બૉલ દીઠ રન) કુલ ૪૨૭ રન બનાવ્યા હતા. બીજી તરફ, વૈભવ સૂર્યવંશીએ ૧૬ ઈનિંગ્સમાં ૨૩૭.૩૦ના સ્ટ્રાઇક-રેટ સાથે ૭૭૬ રન બનાવ્યા હતા અને શુક્રવારની ગુજરાત સામેની મૅચ બાદ તમામ બૅટ્સમેનોમાં મોખરે હતો. યશસ્વીએ માત્ર ત્રણ હાફ સેન્ચુરી ફટકારી, જ્યારે વૈભવના નામે એક સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરી હતી. રાયુડુએ એક જાણીતી ચૅનલે ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'યશસ્વી જેવા ખેલાડીએ અનોખી ઓળખ બનાવવા માટે અલગ ટીમ વતી રમવાની જરૂર છે.

## ગત્ત વખતની તુલનામાં આઈપીએલ ચેમ્પિયનની પ્રાઈઝમની કેટલી છે ?




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : આઈપીએલ ૨૦૨૬ની સીઝન હવે છેલ્લા પડાવ પર છે. સીઝનની ફાઈનલિસ્ટ ટીમ નક્કી થઈ ચૂકી છે. આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આપણે આઈપીએલની ચેમ્પિયન ટીમ મળશે. એકબાજુ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરું બીજી વખત ખિતાબ જીતવા મેદાનમાં ઉતરશે તો. ગુજરાત ટાઈટન્સની ટીમ પણ ઘર આંગણે ટ્રોફી જીતી ચાહકોને ખુશ કરવા માંગશે. ક્વોલિફાયર-૧માં આરસીબીએ ગુજરાત ટાઈટન્સને એકતરફી મેચમાં હરાવ્યું હતુ. ત્યારે હવે એ જોવું રસપ્રદ રહેશે કે, આરસીબી ફરી આવું પ્રદર્શન કરશે કે, પછી ગુજરાત ટાઈટન્સની ટીમ ગત્ત હારનો બદલો લેવા મેદાનમાં ઉતરશે.

આઈપીએલમાં ખર્ચ થનારા પૈસાથી લઈ પ્રાઈઝ મની માં સૌની ન નજર રહે છે અને ચર્ચા પણ વધારે થાય છે. ટીમને મળનારી પ્રાઈઝમની સિવાય અનેક એવોર્ડ પણ આપવામાં આવે છે. જેમાં ઓરેન્જ કેપ, પર્પલ કેપ,ફેયર પ્લે એવોર્ડ સામેલ છે. આજે અમે તમને જણાવીશું કે, આ તમામ એવોર્ડ અને તેમાં આપવામાં આવતી પ્રાઈઝમની વિશે. તો ચાલો જાણીએ. આ વખતે જીતનારી ટીમને કેટલી પ્રાઈઝ મની મળશે?

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ આઈપીએલ ૨૦૨૬ માટે ૪૬.૫ કરોડ રુપિયાથી વધારે એવોર્ડનું પુલ નક્કી કર્યું છે. રિપોર્ટ અનુસાર જે ટીમ આ સીઝનની ચેમ્પિયન બનશે. તેને આઈપીએલ ટ્રોફીની સાથે ૨૦ કરોડ રુપિયા મળશે. જે આખી સીઝના સંઘર્ષ અને શાનદાર પ્રદર્શનનું સૌથી મોટું ઈનામ વિજેતા ટીમના ખાતામાં જશે. ગત્ત વખત પણ વિજેતા આરીસીબીની ટીમને આટલા રુપિયા મળ્યા હતા. તો ઉપવિજેતા ટીમને ૧૩ કરોડ રુપિયા મળ્યા હતા.

| એવોર્ડ | પ્રાઈઝ મની |
|---|---|
| સુપર સ્ટ્રાઈકર ઓફ ધ મેચ | ૧ લાખ |
| ફેન્ટસી કિંગ ઓફ ધ મેચ | ૧ લાખ |
| સુપર સિક્સ ઓફ ધ મેચ | ૧ લાખ |
| ઓન ધ ગો ૪એસ ઓફ ધ મેચ | ૧ લાખ |
| ગ્રીન ડોટ બોલ્સ ઓફ ધ મેચ | ૧ લાખ |
| પ્લેયર ઓફ ધ મેચ | ૫ લાખ |
| ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સિઝન | ૧૦ લાખ |
| સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સિઝન | કાર |
| ફેન્ટસી કિંગ | ૧૦ લાખ |
| સુપર સિક્સ ઓફ ધ સિઝન | ૧૦ લાખ |
| ઓન ધ ગો ૪એસ ઓફ ધ સિઝન | ૧૦ લાખ |
| ગ્રીન ડોટ બોલ્સ ઓફ ધ સિઝન | ૧૦ લાખ |
| કેચ ઓફ ધ સિઝન | ૧૦ લાખ |
| ફેર પ્લે એવોર્ડ | ટ્રોફી |
| પર્પલ કેપ | ૧૦ લાખ |
| ઓરેન્જ કેપ | ૧૦ લાખ |
| મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સિઝન | ૧૫ લાખ |
| પિચ એન્ડ ગ્રાઉન્ડ એવોર્ડ | ૫૦ લાખ |

## સૂર્યવંશીના બેટની જ સ્પોન્સરશીપ માટે રૂા. ૧૨ કરોડની ઓફર કરવામાં આવી

(એજન્સી દ્વારા)

ચંડીગઢ : ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી ચાલુ વર્ષે આઇપીએલમાં છવાઇ ગયો હતો. વિસ્ફોટક બેટીંગના પગલે વૈભવની બ્રાન્ડ વેલ્યુમાં આસમાની ઉછાળો આવી ગયો છે અને જુદી જુદી કંપનીઓ તરફથી તેને બ્રાન્ડ એમ્બેસેડર બનવા માટે કરોડોની ઓફરો મળવા લાગી છે. એમ.આર.એફ. કંપની એ જ વૈભવને બેટ સ્પોન્સરશીપ માટે રૂા. ૧૨ કરોડની ઓફર કરી છે. તો બે દિવસ પહેલા કોમેન્ટરી બોકસમાં હરભજન સિંહે જયારે વીરેન્દર સેહવાગને પુછયું કે વૈભવ સુર્યવંશીનું નામ જો ઓકશનમાં હોય તો તમે તેને વધુમાં વધુ કેટલા ભાવે ખરીદો ? વીરૂદાદાએ ફટ દઈને જવાબ આપ્યો હું વૈભવને ૩૦ કરોડ રૂપિયામાં તો ખરીદી જ લઉં. રાજસ્થાન રોયલ્સે બે વર્ષ પહેલા વૈભવ સૂર્યવંશીને ૩૦ લાખ રૂપિયાની મુળ કિંમત સામે ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદો હતો. રાજસ્થાનનું ફેન્ચાઈઝી વૈભવને બે વર્ષથી સીઝન દીઠ ૧.૧૦ કરોડ રૂપિયા આપે છે. કોમેન્ટરી બોકસમાં ભુતપૂર્વ ઓપનીંગ બેટસમેન આકાશ ચોપડાએ પણ ભજજીને કહ્યું હતું કે હું પણ વૈભવને મેળવવા ૩૦ કરોડ રૂપિયા ખર્ચી નાખવા તૈયાર થઈ જાઉ. એવી જોરદાર અટકળ ચાલી રહી છે કે આગામી ડિસેમ્બરમાં ૨૦૨૭ની આઈપીએલ માટે જે મીની પ્લેટર્સ ઓકશન યોજાયો એમાં વૈભવ સુર્યવંશીનું નામ હોવાની સંભાવના નથી કારણ કે રાજસ્થાન રોયલ્સ તેને રીટેન કરશે એમાં કોઈ શંકા નથી.




## સૂર્યકુમાર અને શુભમન આઉટ, વૈભવ ઈન? એશિયન ગેમ્સ બીસીસીઆઈએ જાહેર કર્યું ૩૦ ખેલાડીનું લિસ્ટ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે ભારતીય ક્રિકેટ ટીમની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાનારી આ સ્પર્ધા માટે ૩૦ ખેલાડીઓની સંભવિત યાદી ભારતીય ઓલિમ્પિક સંઘને સોંપવામાં આવી છે.

આ યાદીમાં સૌથી મોટો નિર્ણય ૧૫ વર્ષીય યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની એન્ટ્રી અને વર્તમાન ટી૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવની બાદબાકીનો છે. વૈભવ સૂર્યવંશીએ આઈપીએલ ૨૦૨૬માં પોતાના વિસ્ફોટક પ્રદર્શનથી પ્રભાવિત કરીને આ સ્થાન મેળવ્યું છે, જ્યારે સૂર્યકુમાર યાદવ અને ટેસ્ટ-વનડે કેપ્ટન શુભમન ગિલને બહાર રાખવામાં આવ્યા છે.

આ ફેરફાર પાછળનું મુખ્ય કારણ એ છે કે, ભારતનો વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ અને એશિયન ગેમ્સનો ક્રિકેટ ટૂર્નામેન્ટ એક જ સમયે યોજાવાના છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ૨૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન ૩ વનડે અને ૫ ટી૨૦ મેચોની સિરીઝ રમાશે, જ્યારે એશિયન ગેમ્સનો મેન્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ ૨૪ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી ચાલશે. આ સંજોગોમાં સિલેક્ટર્સે બે અલગ-અલગ ટી૨૦ ટીમ બનાવવી પડી રહી છે.

શુભમન ગિલ વનડે ટીમની કેપ્ટનશીપ સંભાળવાના હોવાથી તેમને આ યાદીમાં રાખવામાં આવ્યા નથી. બીજી તરફ, સૂત્રોના જણાવ્યા અનુસાર સૂર્યકુમાર યાદવ હવે ૨૦૨૮ ઓલિમ્પિક અને આગામી ટી૨૦ વર્લ્ડ કપની લાંબા ગાળાની યોજનાઓનો ભાગ નથી, તેથી તેમનું નામ પણ બાકાત રાખવામાં આવ્યું છે. એશિયન ગેમ્સની ટીમમાં કેપ્ટનશીપના મુખ્ય દાવેદારોમાં શ્રેયસ અય્યર, સંજુ સેમસન અને તિલક વર્મા સામેલ છે. ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહનું નામ યાદીમાં હોવા છતાં ૨૦૨૭ વનડે વર્લ્ડ કપની તૈયારીઓને કારણે તે સમયે તેમની પ્રાથમિકતા વન-ડે ક્રિકેટ હોઈ શકે છે. આ ઉપરાંત હર્ષિત રાણાને ફિટનેસ વાપસીની આશા સાથે ટીમમાં સ્થાન અપાયું છે.

### ૩૦ સંભવિત ખેલાડીઓની યાદી

બીસીસીઆઈ દ્વારા મોકલવામાં આવેલી ૩૦ સંભવિત ખેલાડીઓની સંપૂર્ણ યાદીમાં યશસ્વી જયસ્વાલ, અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, ઈશાન કિશન, સંજુ સેમસન, શ્રેયસ અય્યર, ઋષભ પંત, હાર્દિક પંડ્યા, રિંકુ સિંહ, તિલક વર્મા, જસપ્રિત બુમરાહ, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, નીતિશ કુમાર રેડ્ડી, પ્રસિદ્ધ ક્રિષ્ણા, વરુણ ચક્રવર્તી, અનુકૂળ રોય, આયુષ બદોની, હર્ષ દુબે, ધ્રુવ જુરેલ, ખલીલ અહેમદ, ઋતુરાજ ગાયકવાડ, રવિ બિશ્નોઈ, શાહબાઝ અહેમદ, શિવમ દુબે, વિપરાજ નિગમ, હર્ષિત રાણા, યશ ઠાકુર અને વોશિંગ્ટન સુંદરનો સમાવેશ થાય છે.

## કેપ્ટન્સી બાદ પંતને એલએસજી ટીમમાંથી તગેડી મૂકશે? નિરાશાજનક પ્રદર્શનથી ભવિષ્ય પર લટકતી તલવાર

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : લખનૌ સુપર જાયન્ટ્સ માટે આઈપીએલ ૨૦૨૬ની સીઝન સંપૂર્ણપણે નિરાશાજનક સાબિત થઈ છે. સતત ખરાબ પ્રદર્શન બાદ હવે આ ફ્રેન્ચાઈઝીમાં મોટા ફેરફારો થવાના સ્પષ્ટ સંકેતો દેખાઈ રહ્યા છે. આ કડીમાં સૌથી મોટો આંચકો આપતાં ટીમના સ્ટાર ખેલાડી રિષભ પંતે કેપ્ટનશિપ છોડી દીધી છે. એટલું જ નહીં, અહેવાલો મુજબ ફ્રેન્ચાઈઝી આગામી સીઝન પહેલાં પંતને ટીમમાંથી રિલિઝ કરવા અંગે પણ ગંભીરતાથી વિચારણા કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, આઈપીએલ ૨૦૨૫ની મેગા હરાજીમાં લખનૌ સુપર જાયન્ટ્સે રિષભ પંતને રેકોર્ડ ૨૭ કરોડ રૂપિયાની સર્વોચ્ચ કિંમતે ખરીદ્યો હતો, જે તેને આઈપીએલાનમ ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બનાવે છે. ફ્રેન્ચાઈઝીએ માત્ર મોટી રકમ જ નહોતી ખર્ચી, પરંતુ ટીમની કમાન પણ પંતના હાથમાં સોંપી હતી. મેનેજમેન્ટને આશા હતી કે પંતના નેતૃત્વમાં એલએસજી પ્રથમ વખત આઈપીએલ ટ્રોફી જીતશે, પરંતુ આ આશાઓ પર પાણી ફરી વળ્યું છે. છેલ્લી બે સીઝનના આંકડાઓ પર નજર કરીએ તો, પંતની કેપ્ટનશિપ હેઠળ એલએસજીએ કુલ ૨૮ મેચ રમી, જેમાંથી ટીમ માત્ર ૧૦ મેચ જીતી શકી અને ૧૮માં તેને પરાજય વેઠવો પડ્યો. આ આંકડા ફ્રેન્ચાઈઝીના સ્ટાન્ડર્ડ કરતાં ઘણા નીચા છે. મોટી પ્રાઈસ ટેગ અને કેપ્ટનશિપના દબાણ હેઠળ રિષભ પંત બેટિંગમાં પણ અપેક્ષા મુજબનું યોગદાન આપી શક્યો નહોતો.



# ભારતમાં કચરાના લીધે ૨૦૪૭ સુધીમાં ૧૧૯.૫ મેટ્રિક ટન કાર્બન ડાયોકસાઈડ ઠલવાશે

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ભારતમાં કચરાના લીધે ૨૦૪૭ સુધીમાં ૧૧૯.૫ ટન કાર્બન ડાયોકસાઈડે વાતાવરણમાં ઠલવાતા પ્રદૂષણ વધશે તેમ મનાય છે, આવું નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. તેનું કારણ એ છે કે અડધા ઉપરાંતના ઘન કચરા પર કોઈ ટ્રીટમેન્ટ કરવામાં આવતી નથી અને તે ડમ્પ સાઈટ્સ પર જાય છે, એમ પ્રકાશિત કરવામાં આવેલા નવા અહેવાલમાં જણાવાયું છે.

આ અહેવાલ મુજબ ૧૯૯૪થી ૨૦૨૦ દરમિયાન કચરાના પ્રદૂષણમાં ૨૨૬ ટકા વધારો થયો હતો, આજે કચરો ભારતમાં પ્રદૂષણના મહત્ત્વના સ્રોતોમાં એક બની ગયો છે. દિલ્હી સ્થિત થિંક ટેંક ઓર્ગેનિક વેસ્ટ સર્ક્યુલર ઈકોનોમી ફોર વિકસિત ભારતનન્ટાઈટલ સાથે એનર્જી, પર્યાવરણ અને જળ પરિષદે આ અહેવાલ પ્રકાશિત કર્યો છે.

ભારતીય શહેરોમાં હાલમાં પ્રતિ દિન ૧.૭૧ લાખ ટન ઘન કચરો પેદા કરે છે, તેમાથી લગભગ અડધો ઓર્ગેનિક છે. તેમાથી કુલ ૬૧ ટકા મ્યુનિસિપાલિટી કચરાનું પ્રોસેસિંગ થાય છે. ૨૦૪૭ સુધીમાં અર્બન ઓર્ગેનિક મ્યુનિસિપલ વેસ્ટ એટલે કે કચરો દર વર્ષે ૨૦.૮ કરોડ ટન પર પહોંચી જશે, એમ અહેવાલે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ હતું કે તેના પર અસરકારક રીતે પ્રોસેસિંગ કરાય તો આ કચરાનું કમ્પોસ્ટ, બાયોગેસ અને બાયોમિથેનમાં રૂપાંતર કરી શકાય. તેના લીધે પોષકતત્વો, પ્રદૂષિત મિથેન, રાસાયણિક ખાતરોનો વિકલ્પ મેળવી શકાય અને ભારતના સ્વચ્છ ઉર્જા તરફના રૂપાંતરણને સમર્થન આપે છે, એમ તેમણે ઉમેર્યુ હતુ. જો ભારત ૨૦૪૭ ઓર્ગેનિક મ્યુનિસિપલ વેસ્ટના ૧૦૦ ટકા કલેકશન અને ૧૦૦ ટકા પ્રોસેસિંગ કરી શકે તો તેનું બાયોમિથેનેશન કરીને ૬૨ અબજ ડોલરની આવક સરકારને થઈ શકે અને ૧૦૧ મેટ્રિક ટન કાર્બનડાયોકસાઈડનું પ્રદૂષણ અટકાવી શકે, એમ અહેવાલમાં જણાવાયું હતું.

# પાકિસ્તાન ક્લિન બોલ્ડ : તાલિબાને રશિયા સાથે સમજૂતી કરી લીધી : ભારત માટે ખુશખબર

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : રશિયા અને તાલિબાનો વચ્ચે થયેલી સૈન્ય સમજૂતીએ દક્ષિણ એશિયાની રાજનીતિમાં હલચલ પેદા કરી છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારને રશિયાએ વિધિવત સરકારના આવ્યાના એક વર્ષમાં જ રશિયાએ તેની સાથે સૈન્ય સમજૂતી કરી લીધી છે. રશિયાનું આ પગલું દક્ષિણ એશિયાની બદલાતી ભૂ-રાજકીય પરિસ્થિતિ બદલી નાખી છે. પાકિસ્તાન તો ક્લીન બોલ્ડ થઈ ગયું છે. જ્યારે ભારત માટે આ પરિસ્થિતિ સુવિધાજનક છે. મહત્વની પણ છે. રીપોર્ટ પ્રમાણે બુધવારે મોસ્કોમાં આયોજિત ઈન્ટરનેશનલ સિક્યોરિટી ફોરમની બેઠક દરમિયાન અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રી મોહમ્મદ યાકુબ અને રશિયાની સુરક્ષા પરિષદના સચીવ અર્ગેઈ શોઈયુ વચ્ચે આ સમજૂતી ઉપર મહોર લાગી ગઈ છે. જો કે તેની વિગતો જાહેર કરાઈ નથી. અફઘાન મંત્રીએ બંને દેશોના સંબંધોના વિસ્તારની દિશામાં આ સમજૂતીને મહત્વનું પગલું કહ્યું છે. તેમણે કહ્યું કે, અફઘાનિસ્તાન અને રશિયા વચ્ચે તો વર્ષોથી સંબંધો રહેલા જ છે, જે આગળ વધારવાના છે.

આ ઘટના રશિયા અને અફઘાનિસ્તાન વચ્ચે સંબંધોમાં નવો વળાંક દર્શાવે છે. ૧૯૭૯માં રશિયાએ અફઘાનિસ્તાન ઉપર આક્રમણ કર્યા પછી મુજાહીદીનોએ, તાલિબાનો બનાવ્યા અને એક દશક સુધી યુધ્ધ ચાલ્યું હતું. પશ્ચિમી દેશો તે સમયે તાલિબાનોને પુષ્ટિ આપતા હતા. તે જ તાલિબાનો તેમની સામે પડયા. જે પાકિસ્તાન દ્વારા તાલિબાનોની રચના કરાઈ તે જ તાલિબાનો તેની સામે પડતાં પાકિસ્તાન ક્લિન બોલ્ડ થઈ ગયું છે. જે ભારતના લાભમાં છે.

# કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ માટે વી.જી. મહેતા પસંદગી



**૧૬મી જુલાઈના મુંબઈમાં સમારોહમાં કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ એનાયત થશે**

ભુજ - કચ્છઉદય : નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના પ્રમુખ વેલજીભાઈ ગણેશભાઈ મહેતાની "કચ્છ શક્તિ" રાષ્ટ્રીય એવોર્ડ માટે પસંદગી થઈ છે. વી.જી. મહેતાને કચ્છી નવુંવર્ષ - અષાઢી બીજને ૧૬મી જુલાઈના દાદર (મુંબઈ)ના યોગી હોલમાં યોજાનારા શાનદાર સમારોહમાં "કચ્છ શક્તિ" નેશનલ એવોર્ડ એનાયત થશે. શ્રી મહેતાએ માત્ર વાગડ સાત ચોવીસી જૈન સમાજનું જ નહીં પરંતુ સમગ્ર જૈન સમાજનું ગૌરવ વધારેલ છે. ૧૬ વર્ષ પહેલા વેલજીભાઈએ પોતાના જીવદયા પ્રેમી પુત્ર સ્વ. ચેતન મહેતાની સ્મૃતિમાં ચેતનના આત્મશ્રેયાર્થે માંડવીમાં "નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર"ની સ્થાપના કરેલ હતી. આજ સુધી જીવદયા અને માનવસેવાના કાર્યો, દાતાઓના સહકારથી કરોડો રુપિયાના સદ્ઉપયોગ કરીને પ્રેરણાદાયી દ્રષ્ટાંત પૂરું પાડેલ હોવાનું યાદીમાં જણાવ્યું હતું.


વી.જી.મહેતાની સિદ્ધિ બદલ તેમને જુદા-જુદા દાતાશ્રીઓ, પરિવારજનો, માંડવીના જૈન અગ્રણી દિનેશભાઈ શાહ, જયેશભાઈ ચંદુરા, વાડીલાલભાઈ દોશી, જયેશભાઈ જી. શાહ, સંસ્થાના ભુજના સક્રિય કાર્યકરો હિરેનભાઈ દોશી, પ્રદીપભાઈ દોશી, શાંતિલાલભાઈ મોતા, ભારતીબેન મહેતા, ડો.રૂપાલીબેન મોરબિયા, ભાવનાબેન જોશી, મીનાક્ષીબેન મોતા, કે.બી.પરમાર, મનીષભાઈ મહેતા, ઓજસભાઈ શેઠ, હર્ષદભાઈ નિર્મલ, સી.સી.જોશી, પૂર્વીબેન જોશી, સુરેશભાઈ સોમૈયા (અંજાર), રાજેશભાઈ સંઘવી (સુરત) ઉપરાંત કચ્છ શક્તિના કન્વીનર હેમરાજભાઈ શાહ (મુંબઈ), દીપકભાઈ માંકડ, ભુજના સેવાભાવી તબીબ ડો.મુકેશભાઈ ચંદે, ઉદ્યોગપતિ અજયભાઈ દાવડા, ભુજના જાણીતા ઉદ્યોગપતિ કૈલાશજી મહેતા, નિવૃત બેંક મેનેજર મહેન્દ્રભાઈ વસા, મુંબઈના ઉદ્યોગપતિ વાલજીભાઈ પટેલ, દુબઈના સેવાભાવી મંજરીબેન સોની, ગ્રામ સ્વરાજ સંઘ - નીલપર, ડાયટના પૂર્વ આચાર્ય સંજયભાઈ ઠાકર, આરાધના ભવન જૈન સંઘ ભુજના ધીરજભાઈ મહેતા સહિત સંખ્યાબંધ લોકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ટોડિયા ગામે ગૌસેવાનું પ્રેરણાદાયી કાર્ય



નખત્રાણા - કચ્છઉદય : ટોડિયા ગામે ગૌસેવા અને જીવદયાનું અનોખું ઉદાહરણ છેલ્લા પાંચ વર્ષથી સતત જોવા મળી રહ્યું છે. સોશિયલ મીડિયા તેમજ ગામની દરેક સમાજના સહકારથી ગાયો માટે લીલાચારા અને સુકા ઘાસચારા દાનનું સેવાકીય કાર્ય અવિરત રીતે ચાલી રહ્યું છે.ગામ તેમજ વિદેશ વસતા પાટીદાર સમાજના સહયોગથી આ સેવા અભિયાનને સતત પ્રોત્સાહન મળી રહ્યું છે. લગ્નની વર્ષગાંઠ, જન્મદિવસ તેમજ પિતૃમોક્ષાર્થે દાતાઓ દ્વારા ગાયો માટે ચારા દાન કરવામાં આવે છે, જે સમાજમાં જીવદયા અને ગૌસેવાનો સુંદર સંદેશ ફેલાવી રહ્યું છે. સેવાકાર્યમાં પટેલ ભીમજીભાઈ વસતા, ઠક્કર જયશીભાઈ ચત્રભુજ, ઠક્કર અરૂણ, જાડેજા શૂરૂભા નાનુભા (સરપંચ), જાડેજા વિક્રમસિંહ નાનુભા, રવજીભાઈ પટેલ, પીંજારા સલીમ ઈસા સહિત સર્વ સમાજના આગેવાનો અને યુવા મિત્રો મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. ભીમજીભાઈએ જણાવ્યું હતું કે, તમામ સમાજના વડીલો, આગેવાનો, યુવાઓ અને દાતાઓનો સતત સાથ અને સહકાર મળતો રહે છે, જેના કારણે ગૌસેવાનું આ કાર્ય સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. તેમણે તમામ સહયોગીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

## આવતીકાલે એસએસસી બોર્ડની માર્કશીટ અપાશે



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા લેવામાં આવેલ એસ. એસ. સી. બોર્ડની પરીક્ષાની માર્કશીટ તાલુકા કક્ષાએ પહોંચાડી દેવામાં આવેલ છે, સોમવારે દરેક શાળાને માર્કશીટ મળી જશે. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે વિશેષ વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ વર્ષે થી બોર્ડ દ્વારા કયુ.આર. કોડ વાળી માર્કશીટ આપવામાં આવેલ છે, ગ્રેડ તેમજ પર્સેન્ટાઈલ રેન્ક પણ દર્શાવવામાં આવેલ છે. માર્કશીટ તેમજ વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડર શાળાઓને આપવામાં આવશે.

# કચ્છ લોકસભા પરિવાર સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ રોમાંચક જામતી મેચો





ભુજ - કચ્છઉદય : જ્યુબિલી ગ્રાઉન્ડ ભુજ તથા મીરઝાપર ગ્રાઉન્ડ મધ્યે રમાઈ રહી છે. ૪૦૦ ટીમોથી વધુ રમાનાર મેચ રોમાંચ અને ઉત્સાહથી ભરપુર છે અને બહોળી સંખ્યામાં ખેલ દર્શક ઉપસ્થિત રહી ખેલાડીઓને ઉત્સાહ અને આયોજકો - વ્યવસ્થાપકોને અભિનંદન આપે છે.

ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે કચ્છ લોકસભા તેમજ સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા ઓપન ડે નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન- ૪ના ૨૬માં દિવસે જ્યુબિલી ગાઉન્ડ અને ૨૪માં દિવસે મીરઝાપર ખાતે મેચો રમાઈ રહી છે. સાંસદે જણાવ્યું હતું કે, ખેલાડીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. અને ખેલ રસિકો ઉપસ્થિત રહી તેમને પ્રોત્સાહન આપી રહ્યા છે. દરરોજ જિલ્લાના જનપ્રતિનિધિઓ, અધિકારી વર્ગ, શુભેચ્છકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. ૪૦૦થી વધુ ટીમોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. કચ્છ - મોરબી, માળીયાની ટીમો આ સ્પર્ધાત્મક ક્રિકેટ મેચમાં ભાગ લઈ રહ્યા છે.

૨૯મી મેના જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે રમાતી ક્રિકેટ મેચમાં પ્રથમ મેચ "નાગર ઈલેવન" અને "દોસ્તી લોહારીયા બી ઈલેવન વચ્ચે રમાઈ, બીજી મેચ "નાગરાજ ફાઈટર ઈલેવન માધાપર અને "વિરાટ ઈલેવન મમુઆરા" વચ્ચે રમાઈ, ત્રીજી મેચ "જય સીયારામ ઈલેવન" અને "જય માતાજી ઈલેવન" વચ્ચે રમાઈ હતી. ચોથી મેચ "સત્ય નિત્ય ઈલેવન અને પરશુરામઈલેવન ભુજ વચ્ચે રમાઈ, પાંચમી મેચ શૌર્ય દીપ ઈલેવન ભુજ અને આઈસ ઈલેવન વચ્ચે રમાઈ, છઠ્ઠી મેચમાં ઈલેવન નખત્રાણા અને આઈ મોમાય ઈલેવન નાના કપાયા વચ્ચે રમાઈ, સાતમી ઈલેવન યંગ સ્ટનર ઈલેવન અને કાદરી ઈલેવન આદિપુર વચ્ચે રમાઈ જયારે આઠમી મેચ યંગ સ્ટાર ઈલેવન ઉબેર અને કિસ્મત ઈલેવન ખીરસરા વચ્ચે રમાઈ હતી. કચ્છ લોકસભા ઓપન ડે-નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૪માં મેચ વ્યવસ્થા કુલદીપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવે છે. આ મેચો દરમ્યાન ખેલાડીઓને પ્રોત્સાહન આપવા સર્વે જુરી કમિટીના સભ્યો હાજર રહી પ્રોત્સાહન આપતા રહે છે.

# ગ્રાહક મુલાકાતમાં ગ્રાહકોની ગેરહાજરી



ભુજ - કચ્છઉદય : શનિવારે સવારના હેડ પોસ્ટ ઓફિસ લાલટેકરી ખાતે પોસ્ટ માસતર જનરલ રાજકોટથી આવ્યા હતા. કસ્ટમર મિટ યોજેલ હતી, જેમા પંસદગીના કસ્ટમર અને મોટાભાગનો સટાફ અને પોસ્ટના એજન્ટોને બેસાડવામાં આવ્યા હતા. ભુજની પ્રજા પોસ્ટખાતાની અનેક અગવડો વચ્ચે પરેશાન છે. સ્ટાફની ઘટ, સર્વરડાઉન જેવી સમસયાઓ છે. રીલોકેશન સાઈટો પર સબ પોસ્ટ ઓફિસની સુવિધાઓ નથી, જે જરૂરી છે. મીટીંગમા અચાનક આવી ચડેલ જાગૃત નાગરિકે મુંદરા રીલોકેશન પ્રમુખ સવામીનગરના પહેલા કતિરા કોમ્પલેકસમા સબ પોસ્ટ ઓફિસ ખુલ્લે તેવી રજૂઆત કરી હતી. કેન્દ્ર સરકાર અને તાર, ટેલીફોન, પોસ્ટ વિભાગના કચ્છ, સૌરાષ્ટ્રના વરિષ્ઠ અધિકારી સાથે સાસદ સભ્યની ગેરહાજરી લોકોને ખુચી હતી. આવા કાર્યક્રમ જાહેર જનતાને જાણ કરી યોજવા જોઈએ તેવું જણાવ્યું હતું.

# મહિલાઓ રોજગારી મેળવતી થાય તે માટે તાલીમ વર્ગનું આયોજન

ભુજ - કચ્છઉદય : રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સશક્ત બની સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. મહિલાઓ સ્વરોજગાર મેળવી આત્મનિર્ભર બને તે હેતુથી ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા જનરલ તાલીમનું આયોજન કરવામાં આવનાર છે.

કચ્છ જિલ્લામાં નિવાસ કરતી ગંગાસ્વરૂપા બહેનો રોજગારી મેળવી આર્થિક રીતે પગભર બને તે હેતુસર ભુજ ખાતે તાલીમ યોજવાની વિચારણા કરવામાં આવી રહી છે. આ તાલીમ તજજ્ઞો દ્વારા નિઃશુલ્ક આપવામાં આવશે. તાલીમનો સમયગાળો ૧ માસનો રહેશે તથા તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

જે બહેનો સદર તાલીમમાં જોડાવા ઈચ્છુક હોય તેઓએ રૂમ નં. ૨૦૩, જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, સેવા સદન, મુન્દ્રા રોડ, ભુજ ખાતેથી અરજી ફોર્મ મેળવી પોતાનું નામ નોંધાવવાનું રહેશે. જિલ્લાના અન્ય તાલુકાઓમાં ૩૦ જેટલી બહેનોની સંખ્યા નોંધાશે તો તે તાલુકામાં પણ તાલીમનું આયોજન કરવામાં આવશે. તાલીમનું સ્થળ સંબંધિત તાલુકા મથકે રહેશે. ૩૦ - ૩૦ એમ બે બેચમાં તાલીમનું આયોજન કરવાનું હોવાથી "વહેલા તે પહેલાના ધોરણે" નામ નોંધણી કરવામાં આવશે. તેથી રસ ધરાવતી બહેનોએ વહેલી તકે પોતાનું નામ નોંધાવવા વિનંતી છે.

# નખત્રાણાના ફુલાયમાં ગૌચર અને સરકારી જમીનનું ફરી સર્વે કરવાની માંગ કરાઈ



**સોલાર કંપની માટે ૪૦૦ એકર જમીનની ખાનગી માલિકી તરીકે એન્ટ્રી થઈ હોવાનો ગ્રામજનોનો આક્ષેપ : રામ સરોવર નજીકના પર્યાવરણ અને માલધારીઓના હિતમાં જૂના નકશા અને ૭/૧૨ના આધારે નવો નકશો બનાવવાની રજૂઆત કરવામાં આવી**

ભુજ - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના ફુલાય જૂથ ગ્રામ પંચાયત અને તેની આસપાસના ગામોના ગ્રામજનો, માલધારી સમાજ અને પક્ષીપ્રેમીઓ દ્વારા ભુજ ખાતે કચ્છ જિલ્લા કલેક્ટરને એક સવિસ્તાર આવેદનપત્ર પાઠવીને ગામની ગૌચર, સીમતાળ, કબ્રસ્તાન અને સરકારી ચરિયાણ જમીનના નકશામાં થયેલી ગંભીર ગેરરીતિઓ અંગે ન્યાયિક તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. ગ્રામજનોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે ફુલાય, વેડહાર મોટી સહિતના આસપાસના ગામોમાં પશુઓના ચરિયાણ માટે સરકાર તરફથી મંજૂર થયેલી અંદાજે ૪૦૦ એકર જેટલી સરકારી રેવન્યુ ખાતાની જમીનને હાલમાં ખાનગી માલિકીની ખેતી જમીન તરીકે દર્શાવવામાં આવી રહી છે. આ કિંમતી જમીન પર સોલાર કંપની માટે ખોટી રીતે અને ગેરકાયદેસર રીતે સરકારી રેકોર્ડમાં એન્ટ્રીઓ કરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે, જે સ્થાનિક વહીવટી તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરે છે. આ બાબતે નખત્રાણા-અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પણ મુખ્યમંત્રી અને કલેક્ટરને પત્ર લખીને એનટીપીસી કંપનીને ફાળવાયેલી જમીનની માપણી તેમજ સ્થાનિકોના વિરોધ અંગે યોગ્ય હસ્તક્ષેપ કરવા અગાઉ રજૂઆત કરી છે.

ગ્રામજનોએ પોતાની રજૂઆતમાં ભારપૂર્વક જણાવ્યું છે કે આ વિવાદિત જમીન પર વર્ષોથી ગામના ગાય, ભેંસ, ઊંટ, ઘેટાં અને બકરાં સહિતના હજારો પશુઓનો નિર્વાહ ચાલી રહ્યો છે અને તે સ્થાનિક માલધારીઓ માટે જીવાદોરી સમાન છે. આ ઉપરાંત, આ વિસ્તાર કુદરતી પર્યાવરણથી ભરપૂર છે અને ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલા પ્રખ્યાત રામ સરોવરની નજીક આવેલો હોવાથી અહીં દર વર્ષે લાખો પ્રવાસી પક્ષીઓ સ્થળાંતર કરીને આવે છે. જો આ જમીન સોલાર કંપનીને સોંપી દેવામાં આવશે તો પર્યાવરણની દ્રષ્ટિએ અત્યંત મહત્વના એવા આ પક્ષીઓના નિવાસસ્થાનને પણ મોટું નુકસાન પહોંચશે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને ફુલાય ગામના અગ્રણી બેગમામદ ગુલામામદ મૂતવા અને અન્ય સામાજિક આગેવાનો દ્વારા અપાયેલા આવેદનપત્રમાં જૂના નકશા અને ૭/૧૨ના ઉતારાની ઝીણવટભરી ચકાસણી કરીને સાચો નવો નકશો તૈયાર કરવા, તેમજ સોલાર કંપની માટે કરવામાં આવેલા તમામ ગેરકાયદેસર ફેરફારો તાત્કાલિક અસરથી રદ કરવા માંગ કરાઈ છે. આ સાથે જ પશુઓના ચરિયાણ અને પર્યાવરણના રક્ષણ માટે આ જમીનને કાયદેસર રીતે સુરક્ષિત જાહેર કરી ગેરરીતિ કરનારા જવાબદારો વિરૂદ્ધ કડક કાનૂની કાર્યવાહી કરવાની ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

# માસિકસ્ત્રાવ માટે શરમ નહીં સંભાળ રાખવું જરૂરી

**ભુજની શારદા સંસ્કૃતિ ટ્રસ્ટ દ્વારા વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ નિમિતે વિશેષ જાગૃતિ સેશન ગોઠવાયો**

ભુજ - કચ્છઉદય : શારદા સંસ્કૃતિ ટ્રસ્ટ સંચાલિત શારદા સ્કિલ હાઉસ દ્વારા વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ નિમિતે વિશેષ જાગૃતિ સેશન ગોઠવાયો હતો. જેનો હેતુ આ વર્ષની થીમ અનુસાર એક્શન એન્ડ ઈન્વેસ્ટમેન્ટ ઈન મેન્સટૂઅલ હાઈજિન એન્ડ હેલ્થ અંગે તમામ સ્ત્રીઓમાં માસિક સ્વચ્છતા અને આરોગ્ય વિશે જાગૃતિ લાવવાનો હતો. કિશોરાવસ્થાથી યુવાવસ્થામાં થતાં જાતિય , વર્તન, માનસિક, શારીરીક ફેરફારો તેમજ સોશિયલ મીડિયાનો થતો વધુ ઉપયોગ, પોષણ, જીવન કૌશલ્યો, માસિક દરમિયાન થતી મુજવણ, નાની વય લગ્ન તેમજ વજન / ઊંચાઈ - લોહીનું પ્રમાણનું મહત્વ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. યુવતીઓને માસિક દરમિયાન રાખવાની સ્વચ્છતા, મેન્સ્ટ્રુઅલ કપ, સેનિટરી પેડ્સ વગેરેનો ઉપયોગ, શરીરના પોષકતત્વો, જાતીય અને શારીરિક હિંસાઓ, એનીમિયા, જીવન કૌશલ્યો, આર્યન ગોળીના ફાયદાઓ વિશે નર્સિંગ આસિસ્ટન્ટ કોર્સના તાલીમાર્થીઓને પ્રશિક્ષક આરતીબેન ગઢવી દ્વારા માહિતિ પૂરી પાડવામાં આવી હતી.

યુનિસેફના એક રિપોર્ટ અનુસાર ૭૦ ટકા મહિલાઓને મેન્સ્ટ્રુઅલ હાઈજિન અને તેનાથી થતાં ઈન્ફેક્શન અંગે જાણકારી નથી હોતી એટલે શરમ નહીં સંભાળ રાખવાનું સૂચવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા સંસ્થાના ઈલાબેન ગોસ્વામીએ સંભાળી હતી.

# આરોગ્ય જ સાચી સંપત્તિ અને ફિટનેસ જ ભવિષ્યની સુરક્ષા

**બદલાતી જીવનશૈલી વચ્ચે વધતી મેદસ્વિતા : હવે જાગવાનો સમય**

ભુજ - કચ્છઉદય : સવારે વહેલા ઉઠીને ચાલવાની અને ખેતર - મહેનતથી ભરેલું જીવન જીવતી પેઢી હવે ધીમે ધીમે સ્ક્રીન સામે કલાકો પસાર કરતી પેઢીમાં બદલાઈ રહી છે. જીવન સરળ બન્યું છે, પરંતુ શરીર માટેની મુશ્કેલીઓ વધી રહી છે. આજના સમયમાં મેદસ્વિતા માત્ર શહેરોની સમસ્યા નથી રહી, પરંતુ ગામડાં અને નાના શહેરોમાં પણ ઝડપથી ફેલાતી આરોગ્ય ચિંતા બની રહી છે.

ખાસ કરીને બાળકો અને યુવાઓમાં વધતું વજન આરોગ્ય નિષ્ણાતો માટે ચિંતાનો વિષય બની રહ્યું છે. શાળાઓમાં રમતગમતનું પ્રમાણ ઘટતું જાય છે, જ્યારે મોબાઈલ ગેમ્સ, ફાસ્ટફૂડ અને બેઠાડું જીવન વધતું જાય છે. પરિણામે નાની ઉંમરે જ થાક, આળસ, બ્લડપ્રેશર અને શુગર જેવી સમસ્યાઓ જોવા મળી રહી છે.

ડોક્ટરોના જણાવ્યા અનુસાર મેદસ્વિતા શરીરમાં ધીમે ધીમે અનેક ગંભીર બીમારીઓને જન્મ આપે છે. હાર્ટ સંબંધિત રોગો, ડાયાબિટીસ, સાંધાનો દુખાવો અને માનસિક તણાવ જેવી સમસ્યાઓનું મૂળ કારણ વધતું વજન બની રહ્યું છે. ઘણા લોકો તેને માત્ર દેખાવ સાથે જોડે છે, પરંતુ હકીકતમાં તે શરીરની અંદર વધતું જોખમ છે. કચ્છમાં પણ હવે લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. ખાસ કરીને યુવાપેઢીમાં "ફિટનેસ"ને ફેશન નહીં પરંતુ જીવનશૈલી બનાવવાની જરૂર છે. કારણ કે આજની બેદરકારી આવતીકાલે હોસ્પિટલના દરવાજા સુધી પહોંચાડી શકે છે. આરોગ્ય નિષ્ણાતો માને છે કે રોજિંદા જીવનમાં નાના ફેરફારો મોટું પરિણામ આપી શકે છે. જેમ કે લિફ્ટની જગ્યાએ સીડીઓનો ઉપયોગ, દરરોજ ચાલવાની ટેવ, ઘરેલું અને પૌષ્ટિક ભોજન, ખાંડ અને તેલવાળા ખોરાકમાં ઘટાડો અને પૂરતી ઊંઘ. બાળકો માટે પણ માતા-પિતાની જવાબદારી વધે છે. જો બાળપણથી જ યોગ્ય ખોરાક અને રમતગમતની ટેવ અપાશે, તો ભવિષ્યમાં અનેક બીમારીઓથી બચી શકાશે.

ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાયેલ "મેદસ્વિતા મુક્ત ગુજરાત" અભિયાનનો મુખ્ય હેતુ પણ લોકોમાં આ જ જાગૃતિ લાવવાનો છે કે સ્વસ્થ જીવનશૈલી જ સૌથી મોટી દવા છે. સરકારના પ્રયાસો ત્યારે જ સફળ બનશે જ્યારે સમાજ પોતે બદલાવ સ્વીકારશે. આજે જરૂર છે શરીરને સમય આપવાની કારણ કે પૈસા ફરી કમાઈ શકાય, પરંતુ ગુમાવેલું સ્વાસ્થ્ય પાછું મેળવવું સૌથી મુશ્કેલ છે."સ્વસ્થ નાગરિક જ મજબૂત સમાજનું નિર્માણ કરે છે.

# રામાણિયામાં યોજાયેલ મેઘા મેડિકલ સર્વરોગમાં ૧૭૨ દર્દીઓની તપાસ કરાઈ







મુંદરા - કચ્છઉદય : રામાણિયા પ્રાથમિક શાળા મધ્યે અદાણી ફાઉન્ડેશન, અદાણી હોસ્પિટલ મુંદરા, જી.કે. જનરલ હોસ્પિટલ ભુજ, તાલુકા આરોગ્ય ટીમ, નાની તુંબડી પીએસસી ટીમ અને રામાણિયા સબ સેન્ટરની આરોગ્ય ટીમ વગેરે સાથે રહીને રામાણિયા ગ્રામ પંચાયતના સંકલન અને સહયોગથી સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો પ્રારંભ દિપ પ્રાગટય બાદ ઓપીડી ચાલુ કરાઈ હતી. દિપ પ્રાગટય સરપંચ બળવંતસિંહ સી. ગોહિલ સાથે અદાણી હોસ્પિટલના હેડ ડોકટર, ફાઉન્ડેશન મેડિકલ કોઓર્ડિનેટર મનહરભાઈ સાથે તાલુકા અને પીએચસી અને સબ સેન્ટર રામાણિયાના સ્ટાફ સાથે રહીને કર્યું હતું. સરપંચે આવેલ ડોકટર ટીમ અને ફાઉન્ડેશનના લોકોનું શાબ્દિક સન્માન કર્યું હતું. કેમ્પમાં જનરલ સર્જન, જનરલ મેડીસન નિષ્ણાત, હાડકાના નિષ્ણાત, આંખના નિષ્ણાત, બાળરોગ નિષ્ણાત, સ્ત્રી રોગ નિષ્ણાત, દાંતના ડોકટર તેમજ પીએચસી, સીએચસી અને સબ સેન્ટર રામાણિયાના આરોગ્ય કર્મીઓએ દિવસ ભર પોતાની સેવા આપીને ૧૭૨ દર્દીને તપાસી અને દવા આપવામાં આવી હતી. જરૂરત મંદોને ફાઉન્ડેશનનો સંપર્ક કરવા જણાવ્યું હતું. બપોરે જમવાની વ્યવસ્થા મહાજન ભોજન શાળામાં ગામ લોકો દ્વારા કરાઈ હતી. કાર્યક્રમને સફળ બનાવવા ઉપસરપંચ ઠાકરશી દનિચા, ઈકબાલ ભટ્ટી, પંચાયત સદસ્ય વજુભા જાડેજા, શક્તિસિંહ ગોહિલ, રાણાભાઈ દનિચા, વર્ષાબેન ગોસ્વામીએ સહકાર આપ્યો હતો.

# સ્વ. ચેતન મહેતા જીવદયા પ્રેમીની સ્મૃતિમાં અનેરો માસિક સેવા યજ્ઞ સંપન્ન

ભુજ - કચ્છઉદય : જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે સંસ્થાના મોભી વેલજીભાઈ ગણેશભાઈ મહેતાના જીવદયા પ્રેમી યુવા પુત્ર સ્વ. ચેતનકુમારની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવારજનો અને નવચેતન પરિવારના સહયોગથી શરૂ કરાયેલ અનેરા માસિક સેવા યજ્ઞનું તાજેતરમાં સમાપન કરાયું હતું, જેમાં રૂપિયા ૪.૬૦ લાખના ખર્ચે દિન દુખિયા માનવો અને અબોલા જીવોની સેવા ભક્તિ કરવામાં આવી હતી અને નવકાર મહામંત્રના ૧.૨૫ લાખ મંત્ર જાપ તેમજ સેવાનો વ્યાપ વધારવાના સંકલ્પ સાથે સ્વ ચેતનકુમાર ને ભાવાંજલિ આપવામાં આવી હતી. પ્રમુખ વી.જી. મહેતાના નેતૃત્વમાં પ્રોજેક્ટ ચેરમેન હિરેન દોશી, પ્રદીપભાઈ દોશી, શાંતિલાલ મોતા, ભારતીબેન મહેતા, ડો. રૂપાલીબેન મોરબીયા, ભાવનાબેન જોષી, ગિરીશભાઈ પારેખ, વિજય મહેતા, કે.બી. પરમાર, ઓજસ શેઠ, ચિંતન મહેતા, મનીષ મહેતા, કૌશિક મહેતા, હર્ષદભાઈ નિર્મલ, પૂર્વીબેન નિર્મલ, હિના મહેતા, દક્ષા વોરા, શીતલ વોરા, હિમાંગી મહેતા, હિંમતભાઈ રાજગોર, અંકુર મોતા, મીનાક્ષીબેન મોતા, સોનમ મહેતા વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

**ધરતીના તાત માટે પણ કોઈક તો બોલો..! ખેડુતોનો વાંક-ગુનો શું છે? એ તો કહો?**

# ખરીફ વાવેતર ટાણે જ કચ્છભરમાં ડીઝલનો 'દુષ્કાળ': મોંઘા બિયારણ લઈને બેઠેલા ખેડૂતોની હાલત કફોડી

**ચોમાસાના ટકોરા વચ્ચે કચ્છ અને સૌરાષ્ટ્રના સરહદી વિસ્તારોમાં ડીઝલની ભારે તંગી. : મોંઘા બિયારણ અને ખાતર લાવીને વાવણી માટે તૈયાર ખેડૂતોના ટ્રેક્ટરો ઇંધણ વિના થંભ્યા. : સરકારી નિયમો (૭/૧૨ ના આધારે મહત્તમ ૨૦૦ લિટરની મર્યાદા) અને પેનિક બાયિંગથી સ્થિતિ વધુ વણસી : કૃષિ ક્ષેત્રને બચાવવા માટે રેશનીંગ પ્રક્રિયા હળવી કરી ખાસ 'ગ્રીન ચેનલ' શરૂ કરવી જોઈએ**




**વડોદરા હાઈવે પર છુટથી મળે છે ડીઝલ- તો પછી કચ્છ-સૌરાષ્ટ્રમાં જ કેમ છે તંગી?**

**ખેડુતોને મદદ કેમ વધુને વધુ થાય તે માટે રાજયપાલશ્રી સહિતનાઓ ચિતા કરતા હોય છે, ઉપરાંત પણ ખેડુતોને ખરા સમયે ડીઝલસંકટ સહિતની મુશ્કેલીઓ થઈ રહી છે, તેનું રહસ્ય શું? કેમ આ બાબતે તમામના મોઢામાં મગ જ ભરાઈ ગયાની સર્જાઈ છે સ્થિતી..?**

**સરકારે પોતાના બફર સ્ટોક રાખેલા હોય તેમાંથી ખેડુતોને ડિજલનો જથ્થો આપવાની અલાયદી વ્યવસ્થાઓ કરવી જ ઘટે, ખેડુતો આ બધી જ કનડગતોના કારણે જો મોઢું ફેરવી લેશેને તો દેશને પાયમાલીના કગાર પર આવીને ઉભો રહેતા પણ વાર નહી થાય..!**

ભુજ : કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં ચોમાસું હવે આંગણે આવીને ટકોરા મારી રહ્યું છે. બરાબર ખરીફ વાવેતરના આ મહત્વપૂર્ણ સમયે જ સરહદી જિલ્લા કચ્છના ખેડૂતો ડીઝલની તીવ્ર અછત અને રેશનીંગના કારણે 'બેહાલ' બન્યા છે. મોંઘા ભાવના બિયારણો અને ખાતરની ખરીદી કરીને વાવણી (ખેતર ખેડવા) માટે તૈયાર બેઠેલા ધરતીપુત્રો માટે 'હોળીના દિવસે જ દીવા જેવી' કફોડી સ્થિતિ સર્જાઈ છે. ડીઝલના અભાવે ખેડૂતોના ટ્રેક્ટરો અને અન્ય આધુનિક કૃષિ સાધનો પંપો પર લાઈનોમાં ઊભા રહી ગયા છે.

વર્તમાન સ્થિતિનું વિશ્લેષણ: કેમ સર્જાયો ડીઝલનો ભય તેની જો વિગતવાર વાત કરીએ તો હાલમાં ઉદ્યોગો અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે બલ્ક કન્ઝ્યુમર (મોટા જથ્થાના ગ્રાહકો) માટે ડીઝલના ભાવ વધતા મોટી ટ્રકો અને કોમર્શિયલ વાહનો સામાન્ય રિટેલ પેટ્રોલ પંપ તરફ વળ્યા છે. બીજી તરફ, વાવણીની સીઝન શરૂ થતાં જ ખેડૂતો તરફથી ઈંધણની માંગ બમણી થઈ ગઈ છે. તંત્ર દ્વારા સંગ્રહખોરી રોકવાના હેતુથી ખેડૂતો માટે ૭/૧૨ના ઉતારાના આધારે મહત્તમ ૨૦૦ લિટર ડીઝલ આપવાનું રેશનીંગ (મર્યાદા) અમલી કરાતાં પંપો પર અંધાધૂંધી વ્યાપી છે. ખેડૂતોએ ટ્રેક્ટરો અને કેરબાઓ (કેન) લઈને કલાકો સુધી ધોમધખતા તાપમાં અને રાતભર પંપો પર લાઈનોમાં ઉભા રહેવું પડે છે, જેનાથી કૃષિ કામગીરી ખોરવાઈ ગઈ છે.ખેડુંતોની હાલત વર્તમાન સમયે ખુબજ કપરી બની ગઈ છે. પાક-કાપણી સહિતના કામો ઠપ્પ થવા પામી ગયા છે. વર્તમાન સમયે ખાસ કરીને કેરીની સિઝન બરાબરની આવી ચૂકી છે. કેરીના પાકને લણીને બજાર સુધી પહોચાડવો છે પરંતુ વાહનો નથી, ડિજલ નથી મળતુ, આ સ્થિતીમાં હવે લાખોનો આ પાક બગડવાની સ્થિતીએ આવીને ઉભી જશે અને ખેડુતોની હાલત તેનથી પણ વધારે ગંભીર બનવા પામી શકે છે. ડિઝલના અભાવે ઘણી બધી જણસો ખેતરોમાજી પડી પડી બગડી જશે. ખેડુતોને લાખો રૂપીયાનો નુકસાન ભોગવવાનો વારો આવશે. સરકાર દ્વારા પણ ખેડુતોને ડીઝલનું રેશનીંગ કરી દેવાયુ છે. ૧૦૦૦ રૂપીયાુન ડિજલ આધાર પુરાવાઓ દર્શાવીને અપાય છે, અને તેના માટે ખેડુતોને આખી રાત લાઈનોમાં ઉભા રહેવાની નોબત આવી રહી છે, અને સવારે ૧૦૦૦ રૂપીયાનુ મળતુ ડિજલ ખેતરોમાં બે કલાક પણ નથી ચાલતુ.? આ ઉપરાંત સરકાર એપીએમસીમાં ઘંઉની ખરીદીઓ સહિતનુ ચાલુ કર્યુ છે પરંતુ તે ખેતરોથી એપીએમસી યાર્ડ સુધી લઈ જવા કેવી રીતે? ડીઝલના અભાવે આ જણસો પણ યાર્ડ સુધી પહોચતી ન હોવાની સ્થિતી બનેલી છે.

ખેડૂતોએ મોંઘા બિયારણ લાવી રાખ્યા હોઈ, જો સમયસર વાવણી નહીં થાય તો ચોમાસાની શરૂઆતનો કિંમતી સમય હાથમાંથી નીકળી જશે અને આખા વર્ષની આજીવિકા પર જોખમ ઊભું થશે. સરકાર આ બાબતે તાત્કાલિક યુદ્ધના ધોરણે દરમિયાનગીરી કરે તે જ સમયનો તકાજો બની રહ્યો છે.

## ખેડૂતોની સ્થિતિ સુધારવા સરકાર શું પગલાં લઈ શકે?

ગાંધીધામ : કચ્છના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો અને પછાત વિસ્તારોમાં ખેતી પ્રવૃત્તિ સમયસર શરૂ થાય તે માટે ડીઝલ્ પુરતો પાડવાની દીશામાં વર્તમાન સમયે સરકારે કયા કયા પગલા લેવા ઘટે.? તેને લઈને પણ પ્રબુદ્ધવર્ગ પ્રેરક સુચનો આપી રહ્યા છે. આવી છે:

**૧.કૃષિ ક્ષેત્ર માટે 'ગ્રીન ચેનલ'ની સ્થાપના :** જેમ ઓક્સિજન કે ઈમરજન્સી સેવાઓ માટે વ્યવસ્થા કરાય છે, તેમ ખેડૂતો માટે સહકારી મંડળીઓ (સેવા સહકારી મંડળી) અથવા ગ્રામ પંચાયતના પ્રમાણપત્રના આધારે પેટ્રોલ પંપો પર 'ખેડૂત લાઈન' અલગ કરી પ્રાથમિકતાના ધોરણે ઈંધણ આપવું જોઈએ. **૨.રેશનીંગ મર્યાદામાં તાર્કિક છૂટછાટ :** હાલની ૨૦૦ લિટરની મર્યાદા મોટા ખેતરો અને હાર્વેસ્ટર ચલાવવા માટે અપૂરતી છે. જમીનના કદ (એકર) મુજબ પારદર્શક રીતે આ મર્યાદા અસ્થાયી ધોરણે વધારવી જોઈએ, જેથી ખેડૂતને વારંવાર લાઈનોમાં ઊભા રહી સમય ન બગાડવો પડે. **૩. ગામડાના પંપો પર સીધું સપ્લાય મોનિટરિંગ:** ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે સંકલન સાધીને જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા હાઈવેના પંપોના બદલે ગ્રામ્ય વિસ્તારના આંતરિક પેટ્રોલ પંપો પર ડીઝલનો જથ્થો અગ્રતાના ધોરણે ડાયવર્ટ કરવામાં આવે. **૪. મોબાઈલ ઇંધણ ડિસ્પેન્સર (ફ્યુઅલ ટેક્રર્સ)**: વાવણીના પિક-અવર્સ (મુખ્ય દિવસો) દરમિયાન કૃષિ વિભાગની દેખરેખ હેઠળ અંતરિયાળ ગામડાઓમાં સરકારી ટેક્રરો મોકલીને સીધું ડીઝલ વિતરણ કરવાની વ્યવસ્થા ઉભી કરી શકાય.

## ઈરાન-અમેરિકા તણાવની કચ્છના રિયલ એસ્ટેટ પર માઠી અસર : બાંધકામ ખર્ચમાં ૨૫ ટકાનો તોતિંગ વધારો

**કાચા માલની અછત અને ઇંધણની તંગીને કારણે કચ્છમાં અનેક પ્રોજેક્ટ્સની ગતિ ધીમી પડી : ક્રેડાઈ દ્વારા સમયમર્યાદામાં છૂટછાટ માટે રજૂઆત : દસ્તાવેજમાં પણ ઘટાડો નોંધાણો**

ભુજ - કચ્છઉદય : કચ્છના આંગણે આજે જ્યારે વિકાસની ગતિ તેજ બની છે, ત્યારે મધ્ય પૂર્વમાં સર્જાયેલા યુદ્ધના વાતાવરણ અને વૈશ્વિક અસ્થિરતાએ અહીંના રિયલ એસ્ટેટ ક્ષેત્ર સામે મોટું સંકટ ઊભું કર્યું છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવને પગલે સિમેન્ટ, સ્ટીલ, ટાઈલ્સ અને એલ્યુમિનિયમ જેવી બાંધકામની પાયાની ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. આ વૈશ્વિક ઘટનાક્રમની સીધી અસર કચ્છના નિર્માણાધીન પ્રોજેક્ટ્સ પર પડી રહી છે. કચ્છના બિલ્ડરો માટે બાંધકામનો ખર્ચ અચાનક ૨૫ ટકા જેટલો વધી જતાં આર્થિક ગણિત ખોરવાઈ ગયા છે અને પ્રોજેક્ટના નફાના માર્જિન પર મોટો ફટકો પડ્યો છે.

કચ્છમાં મોટાભાગના બાંધકામ પ્રોજેક્ટ્સમાં ઉપયોગમાં લેવાતી સામગ્રીની સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે, જેના કારણે માલસામાનની તીવ્ર અછત વર્તાઈ રહી છે. એક તરફ કાચા માલના વધેલા ભાવ અને બીજી તરફ કામદારો અને ઇંધણની અછતને લીધે કચ્છના બિલ્ડરો બેવડી મુશ્કેલીમાં મુકાયા છે. ચૂંટણી અને અગાઉના સમયમાં વતન ગયેલા શ્રમિકો હજુ સુધી કચ્છ પરત ન ફરતા અનેક સાઈટ્સ પર કામગીરી ઠપ્પ જેવી સ્થિતિમાં છે. આ સંજોગોમાં પ્રોજેક્ટ્સને નિર્ધારિત સમયમાં પૂરા કરવા તે બિલ્ડરો માટે લોઢાના ચણા ચાવવા સમાન બન્યું છે.

ક્રેડાઈના પ્રતિનિધિઓના મતે, રિયલ એસ્ટેટ ઉદ્યોગ આજે અતિ ગંભીર તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. વર્તમાન સ્થિતિમાં ભાવવધારો અને શ્રમિકોની અછતને કારણે કામગીરી જાળવી રાખવી અશક્ય બની રહી છે. આ કપરા સમયમાં બિલ્ડરો અને ગ્રાહકો બંનેને રાહત મળે તે માટે ક્રેડાઈ દ્વારા આવાસ મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી છે, જેમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટેની સમયમર્યાદામાં છૂટછાટ માંગવામાં આવી છે. જો સ્થિતિમાં આવનારા ૬ થી ૧૨ મહિના સુધી સુધારો નહીં આવે, તો અંતે આ સમગ્ર બોજનું ભારણ ગ્રાહકો પર આવી શકે તેમ છે. નિષ્ણાતોના મતે, આ પડકારજનક સમય કચ્છના રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે નવી રણનીતિ અને પરિવર્તનનો ટર્નિંગ પોઈન્ટ બની શકે છે, જ્યાં બિલ્ડરોએ ભવિષ્યના જોખમોને ધ્યાનમાં રાખીને વધુ સાવચેતીપૂર્વક આગળ વધવું પડશે.

## ગાંધીધામ મનપાના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણી કાલે વરસાદી નાળાઓના કામોનું કરશે 'સરપ્રાઈઝ ચેકિંગ'

ગાંધીધામ- કચ્છ ઉદય : ગાંધીધામ મનપાના પ્રથમ મહિલા મેયર તરીકેનો કાર્યભાર સંભાળતાની સાથે જ દિવ્યાબેન નાથાણીએ પોતાની કાર્યશૈલી દ્વારા નવી રાહ ચીંધી છે. કચેરીમાં બેસીને માત્ર ઔપચારિકતા પૂર્ણ કરવાના બદલે જનતાની સમસ્યાઓના નિવારણ માટે સીધા રસ્તા પર ઉતરીને કામ કરવાની તેમની પદ્ધતિથી પાલિકાના તંત્રમાં પણ નવી જાગૃતિ આવી છે. આ શ્રેણીમાં, આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને શહેરના વરસાદી નાળાઓના કામોની સ્થિતિ જાણવા માટે મેયર દિવ્યાબેન નાથાણી આવતીકાલે 'સરપ્રાઈઝ ચેકિંગ' હાથ ધરશે.

મેયર દિવ્યાબેન નાથાણીના સતત પ્રયાસોથી શહેરના વિવિધ વિકાસ કામોને વેગ મળ્યો છે. ત્યારે હવે ચોમાસાની પૂર્વતૈયારીના ભાગરૂપે તેમણે પ્રશાસનને અત્યંત ગંભીરતાથી કામ કરવા આદેશ આપ્યો છે. આવતીકાલે તેઓ શહેરના વિવિધ વિસ્તારોમાં જઈને વરસાદી નાળાઓની સફાઈ અને બાંધકામની કામગીરીનું જાતે નિરીક્ષણ કરશે.

આ મુલાકાત અંગે મેયર દિવ્યાબેન નાથાણીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "વિકાસ કામોમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે ગુણવત્તા સાથે સમાધાન સહન કરવામાં આવશે નહીં. પ્રજાના ટેક્સના પૈસાનો યોગ્ય ઉપયોગ થાય અને ચોમાસા દરમિયાન શહેરીજનોને પાણી ભરાવાની સમસ્યાનો સામનો ન કરવો પડે તે અમારી પ્રાથમિકતા છે."

નિરીક્ષણ દરમિયાન જો કોઈ કામ વિલંબિત જણાશે અથવા કામની ગુણવત્તામાં કોઈ કચાશ જોવા મળશે, તો જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પણ મેયર દ્વારા આપવામાં આવી છે. મેયરના આ આકરા તેવરને કારણે પાલિકાના સંબંધિત વિભાગોમાં દોડધામ મચી જવા પામી છે.

ચોમાસાના આગમન પહેલા શહેરના તમામ વરસાદી નાળાઓ નિયત સમયમર્યાદામાં અને યોગ્ય ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે દિશામાં મેયર દિવ્યાબેન નાથાણીનું આ કદમ ગાંધીધામના નાગરિકો માટે રાહતના સમાચાર લઈને આવશે.

## કચ્છમાં જળસંકટ : ધોળીધજા ડેમ ખાલી થતા કચ્છના ગામડાઓમાં પાણી વિતરણ અટક્યું

**નર્મદા કેનાલના સમારકામ અને ડેમમાં ઘટતા જળસ્તરને પગલે સૌરાષ્ટ્ર-કચ્છની પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ : તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી પાણી પુરવઠો બંધ કરાયો**

ભુજ - કચ્છઉદય : કચ્છના લાખો લોકો માટે જીવાદોરી સમાન અને સૌરાષ્ટ્ર-કચ્છની પાણીની જરૂરિયાતો પૂરી કરતા સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમમાં પાણીના તળિયા દેખાતા કચ્છ સહિત સૌરાષ્ટ્રના વિશાળ ભૂ-ભાગમાં પીવાના પાણીનું ગંભીર સંકટ ઊભું થયું છે. છેલ્લા કેટલાક દિવસોથી નર્મદા કેનાલોમાં ચાલી રહેલા સમારકામને કારણે ઢાંકી પંપીંગ સ્ટેશનથી ડેમ સુધી પાણી પહોંચાડવાનું બંધ કરવામાં આવ્યું છે, જેના સીધા પરિણામ સ્વરૂપે ડેમની જળ સપાટીમાં ચિંતાજનક ઘટાડો નોંધાયો છે. માત્ર દસ દિવસ પહેલા ૨૦ ફૂટની સપાટી ધરાવતો આ ડેમ ઘટીને ૧૩ ફૂટ પર આવી ગયો છે અને દરરોજ એક ફૂટ લેખે પાણીનું સ્તર નીચે ઉતરી રહ્યું છે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ વહીવટી તંત્ર દ્વારા આજથી સૌરાષ્ટ્ર અને કચ્છના ગામડાઓ તેમજ શહેરો તરફ જતો પાણી પુરવઠો સ્થગિત કરી દેવાનો નિર્ણય લેવાયો છે. પાંચ હજારથી વધુ ગામડાઓ, જેમાં કચ્છના અનેક ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે, ત્યાં હવે નર્મદાના નીર પહોંચાડવા અશક્ય બન્યા છે. તંત્રનું સ્પષ્ટ માનવું છે કે જો અત્યારે પાણી આપવાનું ચાલુ રાખવામાં આવે, તો આગામી દસ દિવસમાં જ સમગ્ર ડેમ ખાલી થઈ જાય તેવી ભીતિ છે. આથી, ડેમમાં રહેલા મર્યાદિત પાણીને માત્ર સુરેન્દ્રનગર શહેરના લઘુતમ પીવાના પાણી માટે અનામત રાખવા આ કઠોર નિર્ણય લેવાયો છે.

કચ્છ જિલ્લાના દૂરદરાજના ગામડાઓ જે આ ડેમ આધારિત નર્મદાની પાઈપલાઈન અને સૌની યોજના પર નિર્ભર હતા, ત્યાં હવે પાણીનો પુરવઠો ખોરવાઈ ગયો છે. હાલમાં સિંચાઈ માટેનું પાણી તો પહેલેથી જ બંધ કરી દેવાયું હતું, પરંતુ હવે પીવાના પાણીની વ્યવસ્થા પર પણ ગ્રહણ લાગ્યું છે. તંત્રના જણાવ્યા અનુસાર, જ્યાં સુધી નર્મદાની કેનાલોનું સમારકામ પૂર્ણ ન થાય અને ડેમમાં નવું પાણી ન આવે ત્યાં સુધી આ વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડે તેમ છે. હાલમાં સિંચાઈ વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે વિતરણ વ્યવસ્થા સુધારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, પરંતુ આગામી દિવસોમાં કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની તીવ્ર અછત વર્તાય તેવી શક્યતા પ્રબળ બની છે, જેને પગલે સ્થાનિકોમાં ભારે રોષ અને ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે.

## જી.આઈ.ડી.સી. આદીપુરમાં વરલી મટકાના જુગાર પર પોલીસનો દરોડો

આદીપુર - કચ્છઉદય : આદીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા. ૩૦/૦૫/૨૦૨૬ ના રોજ બપોરે ૧૪:૦૦ કલાકે આ કામગીરી શરૂ કરવામાં આવી હતી અને ૧૪:૩૦ કલાક સુધી ચાલી હતી. આ ઘટના આદીપુર પોલીસ સ્ટેશનથી ઉત્તર દિશામાં આશરે ૦૨ કિ.મી. દૂર, હનુમાન મંદિર પાસેના ત્રણ રસ્તા, જી.આઈ. ડી.સી. આદીપુર ખાતે બની હતી.

આ કેસમાં આરોપી કાલુ ગણેશ ચમાર (ઉંમર વર્ષ ૩૮, ધંધો: મજૂરી, રહે: રેલ્વે ફાટક પાસે, જી.આઈ.ડી.સી. ઝુંપડા, આદીપુર, તા. ગાંધીધામ) ને જાહેરમાં પોતાના અંગત ફાયદા માટે વરલી મટકાનો જુગાર રમતા અને રમાડતા ઝડપી લેવામાં આવ્યો છે. આરોપી પાસેથી વરલી મટકાની વાદળી સહીવાળી એક ડાયરી, એક બોલપેન તથા રોકડા રૂ. ૪૧૦/- મળી કુલ રૂ. ૪૧૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. આ બાબતે આરોપી વિરુદ્ધ આદીપુર પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ-૧૨(એ) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ આરોપી પકડાઈ ગયેલ છે.

આ કામગીરીમાં ફરિયાદ નોંધાવનાર શ્રી સ.ત. શૈલેષકુમાર વસરામભાઈ ચૌધરી (પો.હેડ. કોન્સ., આદીપુર પો.સ્ટે.) છે. વધુ તપાસમાં આદીપુર પોલીસ સ્ટેશનના સુરેશભાઈ ખેતાભાઈ તરાલ અને ભરતભાઈ ભીખાભાઈ જોડાયેલા છે.

**રેસ્ટોરન્ટ વેચવાની છે**
રનીંગ કંડીશનમાં
58 કેપેસીટી
બ્રાન્ડેડ ફ્રેન્ચાઈઝી
પ્રાઈમ લોકેશન
ભુજ-કચ્છ
કોન્ટેક્ટ : બપોરે ૨ થી ૫ માં
8000922200
9825005901

## આઈપીએલ ફાઇનલ : કચ્છમાં બુકીઓ અને પંટરોની ગણતરીઓ ખોરવાઈ

**અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચેના જંગમાં સટ્ટાબજારમાં બંને ટીમોનો ભાવ એકસરખો રહેતા સટોડિયાઓમાં ભારે મુંઝવણ : સમગ્ર સીઝનમાં પંટરો રહ્યા આગળ**

ભુજ - કચ્છઉદય : અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે યોજાનારી આઈપીએલની ફાઈનલ મેચ ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે રમાશે. આ હાઈ-વોલ્ટેજ મુકાબલાને લઈને ક્રિકેટ રસિકોની સાથે સાથે સટ્ટાબજારમાં પણ ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. મેચના પરિણામ અંગે બુકીઓ અને પંટરો બંને ભારે અવઢવમાં છે. આ જ કારણ છે કે મેચ પૂર્વે બુકીઓએ બંને ટીમોનો ભાવ બિલકુલ સમાન એટલે કે પંચાણું પૈસા ખોલીને સટ્ટાના વ્યવસાયમાં એક અનોખી સ્થિતિનું નિર્માણ કર્યું છે.

આઈપીએલના ઈતિહાસમાં ગુજરાત ટાઈટન્સ ત્રીજી વખત ફાઈનલમાં પહોંચીને પોતાની શક્તિનું પ્રદર્શન કરી રહ્યું છે, પરંતુ ટુર્નામેન્ટની શરૂઆતમાં સ્થિતિ સાવ ઉલ્ટી હતી. શરૂઆતના તબક્કે જ્યારે બુકીઓએ મુંબઈ ઈન્ડિયન્સને બે રૂપિયા અને સિત્તેર પૈસાના ભાવ સાથે ટાઈટલ જીતવા માટે હોટ ફેવરિટ ગણ્યું હતું, ત્યારે ગુજરાત ટાઈટન્સને બુકીઓએ આઠમાં ક્રમે મૂક્યું હતું. તે સમયે ગુજરાતનો ભાવ એક તબક્કે વધીને બાવીસ રૂપિયા સુધી પહોંચી ગયો હતો. બીજી તરફ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની શરૂઆત છ રૂપિયાના ભાવ સાથે થઈ હતી. નિષ્ણાતોનું માનવું છે કે ગુજરાતની બેટિંગ લાઈનઅપને લઈને બુકીઓને શરૂઆતમાં શંકા હતી, પરંતુ ટીમે પોતાના પ્રદર્શનથી આ તમામ અંદાજોને ખોટા પાડી દીધા છે.

સટ્ટાબજારના સૂત્રોના જણાવ્યા અનુસાર, ફાઈનલ મેચમાં ટોસ પડ્યા બાદ ભાવમાં સતત વધઘટ થતી રહેશે, જે અંત સુધી ચાલુ રહેશે. આ સીઝનમાં સટ્ટાના વ્યવસાયમાં ગત વર્ષ કરતા અંદાજે ત્રીસ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ બજારમાં પ્રવર્તતી આર્થિક મંદી છે, જેની સીધી અસર સટ્ટાબજાર પર પણ પડી છે. જો કે, આ વખતની સીઝન પંટરો માટે ખાસ ફળદાયી રહી છે. સમગ્ર ટુર્નામેન્ટમાં હાઈ-સ્કોરિંગ મેચો રમાઈ હોવાથી પંટરોએ મોટી કમાણી કરી છે, જ્યારે બુકીઓને મોટું નુકસાન વેઠવું પડ્યું છે.

સટ્ટાબજારમાં માત્ર મેચ વિજેતા પર જ દાવ નથી રમાતો, પરંતુ વિવિધ પ્રકારના સટ્ટા પણ પ્રચલિત છે. જેમાં છ, દસ અને પંદર ઓવરમાં કેટલા રન બનશે તેના ઉપર જે દાવ લગાડવામાં આવે છે તેને સેશન કહેવાય છે, જ્યારે પંદરથી વીસ ઓવરના ગાળામાં કેટલા રન બનશે તેના ઉપર રમાતા સટ્ટાને લંબી કહેવામાં આવે છે. આ પ્રકારના સટ્ટાઓમાં ખેલાડીઓના અંગત પ્રદર્શન અને ઓવરના રન પર લાખો રૂપિયાના સોદા થાય છે.

### કચ્છમાં ક્રિકેટનો ફીવર : ફાઈનલ મેચ પર લાખોનો દાવ

ભુજ - કચ્છઉદય : આજે અમદાવાદમાં રમાનારી આઈપીએલ ફાઈનલનો જાદુ કચ્છમાં પણ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. કચ્છના વિવિધ શહેરો અને ગામડાઓમાં આજના ફાઈનલ મુકાબલાને લઈને સટોડિયાઓ સક્રિય થઈ ગયા છે. કચ્છમાં ક્રિકેટ પ્રેમીઓ દ્વારા આજના મુકાબલામાં બંને ટીમોની હાર-જીત પર લાખો રૂપિયાનો જુગાર રમાવાની શક્યતા છે. સ્થાનિક સ્તરે અનેક નાના-મોટા બુકીઓ દ્વારા મોબાઈલ એપ્લિકેશન અને અન્ય ગુપ્ત માધ્યમો દ્વારા સટ્ટો રમાડવામાં આવી રહ્યો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ફાઈનલ મેચ હોવાથી પંટરોમાં ભારે ઉત્સાહ છે અને દરેક પોતાની મનપસંદ ટીમ પર મોટી રકમ લગાવવા માટે તત્પર છે. કચ્છમાં આ આઈપીએલ ફાઈનલ માત્ર રમત નહીં પણ નાણાકીય નફા-નુકસાનનો મોટો ખેલ બની ગઈ છે.

## રાપરમાં ઓનલાઇન ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશઃ પોલીસે પ્રકાશ ઉર્ફે લંગડા સહીત બેને ઝડપી પાડ્યા

રાપર - કચ્છઉદય : રાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગારધારાની કલમ-૧૨(એ) હેઠળ નોંધાયેલા ગુનાના સંદર્ભમાં પોલીસે એક મહત્વની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, તા. ૨૬/૦૫/૨૦૨૬ના રોજ રાત્રે ૨૩:૧૦ વાગ્યાથી તા. ૩૦/૦૫/૨૦૨૬ના રોજ ૦૦:૩૦ વાગ્યા દરમિયાન, રાપરની શ્રીજી ગાર્ડન સોસાયટીની બીજી શેરીમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા લોકલ ક્રાઈમ બ્રાન્ચ, પૂર્વ-કચ્છ ગાંધીધામના હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ વિરમભાઈ પરમાર અને તેમની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન, પોલીસે પ્રકાશ ઉર્ફે લંગડો નવીનભાઈ ઠક્કર અને પિયુષભાઈ નવીનભાઈ ઠક્કર (બંને રહે. શ્રીજી ગાર્ડન સોસાયટી, રાપર)ને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા. તપાસમાં સામે આવ્યું હતું કે, આ બંને આરોપીઓ આર્થિક ફાયદો મેળવવાના ઈરાદે **'GUJARAT TITANS V RAJSTHAN ROYALS'** વચ્ચેની ક્રિકેટ મેચ પર **https://bdrkexch.com/account-statement** નામની આઈ.ડી. દ્વારા રૂપિયા ૪,૦૦,૦૦૦.૩૯ ના બેલેન્સ સાથે ઓનલાઈન સટ્ટો રમી/રમાડી રહ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ૨૦,૦૦૦ રૂપિયાની કિંમતનો મોબાઈલ ફોન તથા અન્ય મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત, પ્રાથમિક તપાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે કૃપેશ ઠક્કર નામના શખ્સે પ્રકાશ ઠક્કર પાસેથી **https://lakshya777.com/** નામની વેબસાઈટ પર યુઝરનેમ **(vgd2021)** અને પાસવર્ડ **(Abcd1234)** ધરાવતી આઈ.ડી. મેળવી સટ્ટો રમવા માટે મંગાવી હતી. આ અંગે આશાબેન (રહે. ગાંધીધામ) સહિતના અન્ય શખ્સોની પણ સંડોવણી હોવાનું જણાતા, હાલ પોલીસ દ્વારા આશાબેન અને કૃપેશ ઠક્કર સહિતના બાકીના આરોપીઓની શોધખોળ અને સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે. આ સમગ્ર કામગીરી રાપર પોલીસ સ્ટેશનના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી છે.